॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

એપ્રિલ ૨૦૨૫ * વર્ષ ૪૦ * અંક ૧



**“અમો(એ) મકાન (છાત્રાલય) જોયું. તેમાં તમારા હેતના ટેભા તે જોઈ પરમ શાન્તી થઈ ગઈ...**

અક્ષરડેરી-ગોંડલ, તા. ૧૩-૬-૧૯૬૫ના રોજ જશુભાઈ સાહેબને બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સ્વહસ્તે લખેલા પત્રમાંથી.




**॥ શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય, વલ્લભવિદ્યાનગર, હીરક જયંતી મહોત્સવની જય ॥**

# યોગીજી મહારાજ જેવી સાધુ વિભૂતિ
# આ પૃથ્વી પર હજાર વર્ષમાં એકાદ વાર જ આવે છે !

વિક્રમ સંવત ૨૦૨૧, જેઠ વદ છઠ, રવિવાર, ૨૦મી જૂન ૧૯૬૫. આ શુભ દિવસે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે વલ્લભવિદ્યાનગરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું ઉદ્‌ઘાટન કર્યું; કહો કે, એક અર્થમાં એક નવા આધ્યાત્મિક સાધનાપંથના આરંભ અને એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિનાં મંડાણ કર્યાં. ભગવાં વસ્ત્ર વિનાના ભગવાં હૃદયના સાધુઓ ભગવાનના પરમ તત્ત્વના ધારક થઈ, સ્વાશ્રયી કર્મયોગ-ભક્તિયોગના માર્ગે ભારતીય સનાતન આધ્યાત્મિક શાસ્ત્રોમાં વર્ણવેલી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરે તેવી અનુપમ સાધનાનાં સત્ત્વશીલ બીજ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે વાવ્યાં. પોતાના વહાલા શિષ્ય જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને આ નૂતન અનુપમ અધ્યાત્મપંથનાં સુકાન સોંપ્યાં. બીજે વર્ષે ૧૪મી મે ૧૯૬૬માં અમદાવાદના શાહીબાગ સ્થિત મંદિરમાં રાજી થઈ, આશીર્વાદ આપી બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જશભાઈ સહિત સૌને હૃદય ભગવાં કરવારૂપી આજ્ઞામંત્રની દીક્ષા આપી, પોતાની સર્વ દિવ્ય સામર્થી પણ આપી. આવતા વર્ષે ૨૦૨૬માં શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા મહોત્સવની હીરક જયંતી ઉજવાશે.

'શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય' – આ નામ સ્વયં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જ આપ્યું હતું. છાત્રાલયના ઉદ્‌ઘાટનના આ શુભ પ્રસંગ સાથે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની રુચિ અને આજ્ઞા અનુસાર પરમ પૂજ્ય પપ્પાજીની નિશ્રામાં વલ્લભવિદ્યાનગર સ્થિત શ્રી ગુણાતીત જ્યોત આશ્રમમાં ભગવાંધારી બહેનો બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવા પ્રાપ્ત કરવાની સાધના શરૂ કરી શકે તે માટે શ્રી ગુણાતીત જ્યોતનાં ખાતમુહૂર્ત પણ થયાં.




બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના વરદ્ હસ્તે ૨૦ જૂન ૧૯૬૫ના શુભ દિને વલ્લભવિદ્યાનગરમાં
શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં ઉદ્‌ઘાટન બાદ છાત્રાલયના પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે પરમ પૂજ્ય કાકાશ્રી, પરમ પૂજ્ય પપ્પાજી તથા
પરમ પૂજ્ય સાહેબજી સાથે અનુપમ અષ્ટસખાઓ અને પ્રથમ વર્ષના છાત્રાલયના નિવાસી વિદ્યાર્થીઓ તથા વડીલ અક્ષરમુક્તો

૨૦૨૫નું આ વર્ષ એ વલ્લભવિદ્યાનગર સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય-જે હવે "સ્વામિનારાયણ છાત્રાલય"ના નવા નામે ઓળખાય છે, તેની હીરક જયંતીનું વર્ષ છે. આ હીરક જયંતી વર્ષ માત્ર એક સામાન્ય મકાનના નિર્માણ કે છાત્રાલયના કાર્યકાળનાં ૬૦ વર્ષની ઉજવણીનું વર્ષ નથી. ખરેખર તો, આ હીરક જયંતી શ્રી ગુરુઆજ્ઞાના મહિમાપર્વની જયંતી છે.

ભારતીય સનાતન ધર્મમાં શ્રી ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મરૂપ કહ્યા છે. તેથી, શ્રી ગુરુનો શબ્દ તે કોઈ સામાન્ય ધ્વનિ નથી હોતો; એ નાદબ્રહ્મ હોય છે. શ્રી ગુરુની આજ્ઞાનાં પાલનથી આજ્ઞાપાલન કરનાર શિષ્યનાં દેહ અને જીવન પણ બ્રહ્મસ્વરૂપ અવસ્થાને પામે છે. ક્યારેક શ્રી ગુરુની આજ્ઞા ઉપરછલ્લી દૃષ્ટિએ સામાન્ય લાગે, એ આજ્ઞા લૌકિક કે વ્યાવહારિક કાર્યસંબંધી હોય તેવું પણ જણાય; પરંતુ, શ્રી ગુરુની આજ્ઞામાં સંશય કર્યા વિના, ફરિયાદ કર્યા વિના, કોઈનાય દોષ જોયા કે ગાયા વિના, સૌના ગુણ જોઈ પ્રભુની પ્રાર્થના અને ગુરુના બળે જે શિષ્યે જ્યારે જ્યારે પણ શ્રી ગુરુની આજ્ઞાનાં યથાર્થ પાલન કરવાના પ્રામાણિક પ્રયત્ન કર્યા છે તે પ્રત્યેક શિષ્યોએ ગુરુકૃપાથી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી છે.

બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય યોગીજી મહારાજે જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને તેઓના અભ્યાસકાળ દરમિયાન અનેક સામાન્ય જણાતી આજ્ઞાઓ આપી : સંતો ઘરે પધારે ત્યારે પતંગ ચગાવવાના બદલે સંતોની સેવા કરવી, તિલક-ચાંદલો કરવાં, બહેનોનો સ્પર્શ કે સ્વપ્નદોષ થાય ત્યારે ઉપવાસ કરવો, નિત્ય સત્શાસ્ત્રોનાં વાંચન કરવાં, હૉસ્ટેલની રૂમમાં મંદિર કરવું, તેમાં નિત્ય પૂજા-આરતી કરવાં, ગુરુવારે નિયમિતપણે યુવાનોની અઠવાડિક સભા કરવી - આ અને આના જેવી અનેક આજ્ઞાઓ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સાહેબજીને તેઓના અભ્યાસકાળ દરમિયાન આપી હતી. આ પ્રત્યેક આજ્ઞાઓ સાહેબજી અને તેઓના સહાધ્યાયી અષ્ટસખાઓ (આપણા મૂળ આઠ સદ્ગુરુઓ) સારધાર પાળતા.


૧૯૬૩માં આણંદ સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને વલ્લભવિદ્યાનગરમાં વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલયના બાંધકામ કરવાની આજ્ઞા આપી. પરમ પૂજ્ય દાદુકાકાના હાથમાં જશભાઈ (સાહેબજી)નો હાથ સોંપી બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરતા યુવાનોનાં આધ્યાત્મિક માર્ગદર્શન કરવા પરમ પૂજ્ય દાદુકાકાને પણ આજ્ઞા કરી. ૧૯૬૩થી ૨૦મી જૂન ૧૯૬૫ દરમિયાન બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સાહેબજીને અને તેઓ સાથે અભ્યાસ કરતા યુવાન સખાઓને અનેક પત્રો લખ્યા છે. આ પત્રોમાંથી વલ્લભવિદ્યાનગર સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય (વર્તમાનમાં સ્વામિનારાયણ છાત્રાલય)ના બાંધકામ દરમિયાન બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સાહેબજીને જે અનેક પત્રો લખ્યા છે, તેમાંના કેટલાક પત્રોની શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના હીરક જયંતી પ્રસંગે સ્મૃતિ કરતાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપ અને તેઓના સ્વહસ્તે લખાયેલા પત્રો દ્વારા સાહેબજીના સ્વરૂપના મહિમાનાં દર્શન થાય છે.

વૈશાખ વદ બારશ, ૨૪મી મે ૨૦૨૫ના રોજ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના ૧૩૩મા પ્રાગટ્યના મહામંગલકારી પર્વે આ પત્રો દ્વારા બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞાનાં પાલનના મહિમાનાં પરમ દિવ્ય પરિણામોનાં દર્શનની અલ્પ ઝાંખી પામવા માટે અત્રે પ્રકાશિત કેટલાક પત્રો ઉપયોગી થાય છે. યોગીજી મહારાજની કેવી દિવ્ય આર્ષદૃષ્ટિ હતી ! ૧૯૬૫માં ઉદ્ઘાટન પામેલું શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું એ સામાન્ય જણાતું મકાન અનેક મુમુક્ષુઓનાં આધ્યાત્મિક જીવનનાં ઘડતરનું નિમિત્ત બનશે તેની કોણે કલ્પના કરી હશે ? વળી, વિદ્યાર્થીઓ માટે નિવાસ કરવાના હેતુથી નિર્માણ કરાયેલા આ અક્ષરપુરુષોત્તમ છાત્રાલય દ્વારા આજે સેંકડો ભગવાંધારી સંતો અને સેંકડો એકાંતિક સમર્પિત ગૃહસ્થ પરિવારોનાં જીવનનિર્માણ થયાં છે અને થઈ રહ્યાં છે તે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની પરમ દિવ્ય દૃષ્ટિનાં સુફલ પરિણામ છે.

કોઈ સાધકે સાચું જ કહ્યું છે : યોગીજી મહારાજ જેવી સાધુ વિભૂતિ આ પૃથ્વી પર હજારો વર્ષોમાં એકાદ વાર જ આવે છે. અમે પણ અનેક વખત જાહેરમાં કહ્યું છે કે, ૧૯૫૧થી ૧૯૭૧ દરમિયાનનાં માત્ર ૨૦ વર્ષમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જે આધ્યાત્મિક કાર્ય અને ઉત્ક્રાંતિનાં મંડાણ કર્યાં છે તેને માત્ર સમજવા માટે પણ માનવ જાતને હજુ ૨૦૦ વર્ષ લાગશે. એ દિવ્ય યુગ વિભૂતિના કાર્યને સમજવા, તેઓ રૂપ થવા અને તેઓના કાર્યને વહેતું રાખવારૂપી નિમિત્ત થવા એક માત્ર સરળ માર્ગ છે, અને તે છે શ્રી ગુરુઆજ્ઞાનાં મહિમા સહિત યથાર્થ પાલન ! શ્રી ગુરુઆજ્ઞાના મહિમા પર્વના આ વર્ષે અને બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યમંગલે આપણા સૌની પ્રાર્થના વહો, આપણો સંકલ્પ હો : હે ગુરુહરિ સાહેબદાદા ! આપનું કાર્ય, આપની રીતે, આપના દ્વારા પ્રગટ પ્રભુને રાજી કરવા કરીએ તેવાં અમને સૌને સદ્બળ, રૂડી બુદ્ધિ અને મંગલ પ્રેરણા આપવા કૃપા કરશોજી ! ◆

સા.શ્રી... ~ સાધુ મનોજદાસ

# શ્રી ગુરુઆજ્ઞા પાલનરૂપ
# શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય નિર્માણના ઈતિહાસની
# બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના પત્રો દ્વારા અલ્પ ઝાંખી !




## અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું શુભ ખાત મુરત


દા. સાધુ જ્ઞાનજીવનના શુભ એકાદશીના આશીર્વાદ છે. હે જશુભાઈ... આપણે વિદ્યાનગર સ્વામિનારાયણ અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું શુભ ખાત મુરત તા. ૨૭-૪-૬૪ ચૈત્ર વદી ૧ વાર સોમવાર સવારના ૧૦ાા વાગે ખાતમુરત કરવાનું છે તેની વિગત લખીએ છીએ. ૧ સુપાત્ર બ્રાહ્મણ ધનેશ્વરને લાવશું. તેમાં અબીલ ગુલાલ કંકુ નાડાછડી ચોખા ૦ા મગ પાશેર છુટાં પુષ્પ થોડાક તથા પાણીવાળાં બે નાળીયેર સારા લાવવાં. ૦ાા ધાણા જોઈ ચોખ્ખા કરાવવા. ૨ા શેર ગોળ (આપણે ચાળીસ ભાર લેખે ગણશો) ઈશાન ખૂણે ખાત થશે તો ખાડો ગાળી રાખવો બે હાથ ગાળવો... ૪૦ લોખંડના કડાયા અથવા વધારે કડાયા મળે તો ૫૦ તૈયાર રાખવા ૩૦ ત્રીકમ, ૩૦ ટોપલા મળે તો તે... રસોઈ સાદી દાળ-ભાત ને પુરી ને શાક એમ સાદી કરાવજો જેથી કઠણ ન પડે. જે આવે તેમને, સેવા કરે તેમને જમાડવા. ચા નાસ્તો તૈયાર રાખશો. નાસ્તામાં ગાંઠીયા કરાવી લેવા અગર તો સેવમમરા કરાવજો. પાણી પીવાને માટે ત્રણ નાંદા તૈયાર લઈ લેશો. ગોળા ઢાંકવા... ગરણાં ગાળવાના લઈ રાખજો નળે ગળણું બાંધવું... આ શિબિર શાસ્ત્રી મહારાજની છે તે મલ્લયુદ્ધ કરીને પાયા પુરી દેવા છે.

~ ૨૪.૩.૧૯૬૪ના રોજ યોગીજી મહારાજે સ્વહસ્તે લખેલા પત્રમાંથી.

ગુરુવર્ય પરમ પૂજ્ય સાહેબના સખા, સહાધ્યાયી, ગુરુબંધુ તથા શિષ્ય પૂજ્ય શાંતિભાઈના જન્મતીર્થ ગોરિયાદ ગામથી પૂ. સાહેબને લખેલા આ પત્રમાં ગુરુદેવ યોગીજી મહારાજની કાર્યશૈલીની પારમિતા (excellence)નાં દર્શન થાય છે. સાથે સાથે યુવાશક્તિને સ્પષ્ટ માર્ગદર્શન આપવાની સાથે તેમની નેતૃત્વશક્તિને ખીલવાની પૂરી મોકળાશ આપવાની પ.પૂ. બાપાની રીત પણ પ્રતિબિંબિત થાય છે. અને સૌથી વિશેષ વાત જે ધ્યેય માટે સૌએ સક્રિય થવાનું છે તે ધ્યેયની મહત્તા તથા તેની પ્રાપ્તિની વિકટતાનો પણ બાપાએ છેલ્લા વાક્યમાં નિર્દેશ કર્યો છે.




સામાન્ય વિગતોથી ભરપૂર જણાતા આ પત્રની અસામાન્ય વાત એ છે કે, લાખો મુમુક્ષુઓના પ્રાણાધાર એવા સંત શિરોમણિ એક નાનકડા પ્રસંગનાં સફળ અને સુફલ આયોજન માટે કેટલું વિસ્તૃત ચિંતન કરે છે અને વળી સ્વહસ્તે સઘળી વિગત લખી જણાવે છે. મા જેમ પોતાનાં દીકરા-દીકરીને નાની-નાની વાતોમાં પ્રશિક્ષિત કરે, સતત તેમની સફળતા માટે સચિંત રહે તેમ યોગીજી મહારાજ પણ જશુભાઈ અને તેમના સાથી યુવકોના જીવનમાં અનુપમ અતુલ જનનીસમ રહ્યા. આજેય બાપાના એ હેતની અનુભૂતિ, તેઓના ધ્વનિના મર્મ અને બાપાનો સતત સાક્ષાત્કાર માણતા સાહેબ આપણી જનનીસમ છે, કરુણામયી વાત્સલ્યમૂર્તિ છે. સાહેબ યોગીજીના જ હસ્તાક્ષર છે.



## સર્વોપરી છાત્રાલય થશે


"દા. સાધુ જ્ઞાનજીવનજીના આશીરવાદ...
હે રતિલાલભાઈ આપે દેહને ન ગણતા ધાર્યા ઉપરાંત પાયા પુરાઈ ગીયા તે હવે તે ધાર્યું કામ થઈ ગીયું...
રતિલાલભાઈ તમારો પત્ર સંપુરણ બે વખત વાંચ્યો.
તા. ૧૦ સુધીમાં પુર-વરસાદ નહિ આવે પછી આવશે પણ હવે આપને અમારા આશીરવાદ છે...
વિદ્યાનગરનો ડંકો મારવો છે... સર્વોપરી છાત્રાલય થશે."

~ તા. ૦૪.૦૬.૧૯૬૪, ૦૫.૦૬.૧૯૬૪ના રોજ અક્ષરતીર્થ ગોંડલથી
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સ્વહસ્તે લખેલા પત્રમાંથી.

જૂન ૧૯૬૪. ધોમ-ધગતો તાપ. વલ્લભવિદ્યાનગરમાં છાત્રાલયના પાયા પૂરવાનું કાર્ય એની ચરમસીમાએ પહોંચ્યું હતું. એ જ અરસામાં માણાવદર તીર્થધામમાં મંદિરની પ્રાણપ્રતિષ્ઠાવિધિ માટે યોગીબાપાએ સાહેબ અને તેમના યુવા સાથી મિત્રોને માણાવદર આવવાની આજ્ઞા કરી. છાત્રાલયના પાયા પૂરવાનું કાર્ય વિલંબમાં ન પડે એ હેતુથી રતિભાઈ, સનંદભાઈ તથા અન્ય યુવકોને વલ્લભવિદ્યાનગર રોકાઈ કાર્ય પૂર્ણ કરવાની આજ્ઞા કરી.

રતિભાઈ, સનંદભાઈ તથા યુવકો બાપાની આજ્ઞા પ્રમાણે વિદ્યાનગર રોકાયા. કાર્ય પૂર્ણ થયું તે સમાચાર મળતાં જ બાપાએ પોતાના અંતરનો રાજીપો પત્ર લખી વ્યક્ત કર્યો જેમાં માર્મિક આધ્યાત્મિક સંકેત છે, "તે હવે તે ધાર્યું કામ થઈ ગીયું..."

જૂનના પ્રથમ અઠવાડિયામાં તે સમયે સામાન્યતઃ વરસાદ શરૂ થાય. બાપાએ પત્રમાં તે આદિથી રક્ષાનું પણ અભયવચન આપ્યું. અને બન્યું પણ એવું જ. આણંદ, વલ્લભવિદ્યાનગરમાં એ સમયગાળામાં વરસાદ તો પડ્યો પરંતુ, માનશો ? છાત્રાલય જે સ્થળ પર રચાતું હતું તે સ્થળના પરિધમાં વરસાદનો છાંટોય ન વરસ્યો !! કેટલાક મહાપુરુષો જે થવાનું હોય તે બોલે. યોગીજી મહારાજ જે બોલે તે થતું ! પછી એ વરસાદના વરસવા-ન વરસવા વિશે હોય કે માનવમાંથી જંગમ મંદિરના નિર્માણની મહાયાત્રા હોય !




## હે જશુભાઈ તમે સ્વામીના લાડીલા છો...

"હે જશુભાઈ આપણે સર્વોપરી વર્તન કડી તોડ... બધા જ જાગે - રૂડા આશીરવાદ...
રતિલાલભાઈ, શાંતિલાલભાઈ, વિઠ્ઠલભાઈ તથા હર્ષદરાયભાઈ આદી ભડવિર પુરૂષો છે તો આવતા જૂનમાં છાત્રાલય તૈયાર કરવા...
માટે હે યુવકો તમારામાં સાક્ષાત્ સ્વામી બિરાજે છે. તમારૂં વર્તન જોઈને બ્રહ્માંડો ડોલી ગયાં છે તો તેવું ને તેવું જ રાખજો. ૧ વચનામૃત પાઠ કરવો, સ્વામીની વાતુનો પાઠ, ૨૫ દંડવત કરવા, મેળાવીને જમવું વિગેરે બને તેટલું કરશો. ખરો રાજીપો લીધો છે...
**હે જશુભાઈ તમો સ્વામીના લાડીલા છો તો જે ધારશો તે થશે..."**

~ તા. ૧૭.૭.૧૯૬૪ અને તા. ૨૮.૭.૧૯૬૪ના રોજ શ્રી અક્ષરમંદિર ગોંડળથી
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સ્વહસ્તે લખેલા પત્રમાંથી.

વલ્લભવિદ્યાનગરમાં કૉલેજમાં ભણવા આવનાર યુવા જશભાઈને યોગીબાપાએ તિલક-ચાંદલો કરવાની આજ્ઞા આપ્યાને હજુ દશકો પણ વીત્યો ન હતો ત્યાં તો જશુભાઈ અને તેમના સહાધ્યાયી મિત્રોના જીવમાં યોગીબાપાએ એવું અચલ સ્થાન લઈ લીધું કે ભરયૌવનમાં પણ આ યુવકોના સદાચારી ગુરુમુખી વર્તનને સંસારનાં પ્રલોભનો ચલિત ન કરી શક્યાં. કૉલેજમાં ભણતા યુવાન સાધુની જેમ સદ્શાસ્ત્રનાં પાઠ-વાચન કરે એટલું જ નહીં, પણ ભોજનની વિવિધ વાનગીઓ એકમેકમાં મેળવીને જમે ! વળી, યોગીબાપાની શ્રદ્ધા કેવી ! લખે છે - "બને તેટલું કરશો, ખરો રાજીપો લીધો છે !" અને એવી જ શ્રદ્ધાથી યોગીબાપાએ સાહેબને ઉદ્દેશીને એમના સ્વરૂપની ઓળખાણ કરાવતાં ઐતિહાસિક શબ્દો લખ્યા : **"હે જશુભાઈ, તમો સ્વામીના લાડીલા છો તો જે ધારશો તે થશે."** તેનો અનુભવ આજેય આપણે કરી રહ્યા છીએ.




## છાત્રાલય આપણું જીવન છે.

``દા. સાધુ જ્ઞાનજીવનના ઘણા હેતથી સ્વામિનારાયણ વાચશો.
...તનતોડ કામ કરો ને છાત્રાલય શરૂ કરાવો યુવકો નવરાશ વખતે કામ કરો દેખરેખ રાખો તો છાત્રાલય આપણું જીવન છે પૈસાનો તુટો નહી જ પડે માટે રતિલાલભાઈ, સનંદભાઈ પ્રફુલભાઈ તથા શાંતિલાલભાઈ બધા શુરવીર છે તો છાત્રાલય સર્વોપરી થશે...''

~ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે શનિવાર ૬.૩.૬૫ના રોજ
અક્ષરમંદિર ગોંડળથી સ્વહસ્તે લખેલા પત્રમાંથી.

યોગીજી મહારાજ શું ગુજરાતી ભાષાના અલંકારોના જ્ઞાતા હતા ? યોગીજી મહારાજને જાણનારા કહેશે `ના' ! યોગીબાપાને માણનારા કહેશે, `બાપા તો શું નહોતા જાણતા !' યોગીજી મહારાજને જાણનારા તેઓના આ પત્રાંશને વાંચી નિષ્કર્ષ કાઢે કે, `આ સંતને મકાન બનાવડાવવાની કેટલી તાલાવેલી હતી !' યોગીબાપાને માણનારાનો અનુભવ કહેશે, `બાપાને યુવાનોનાં જીવન બનાવવાની – જીવન ઘડતરની કેટલી ઊંડી નિસબત હતી !' બાપા માટે છાત્રાલય એ કેવળ મકાન નહિ, જીવન હતું !! યુવકોનું જીવન !

“હરિનો મારગ છે શૂરાનો...” જે ભક્ત કવિએ ગાયું એમણે યોગીના એ યુવાનોની શૂરવીરતા ભાળી–માણી હોત તો ! દેખીતી રીતે છાત્રાલયનું મકાન તૈયાર કરવા યુવાનોને તડતોડ મહેનત કરવાની શીખ આપતાં યોગીબાપાએ ખરેખર તો એ મહેનતથી યુવાનોનાં જીવન તૈયાર કર્યાં. અને આજે એમની ભવિષ્યવાણી મૂર્તિમંત સત્ય રૂપે અડીખમ છે – છાત્રાલય તો સર્વોપરી છે જ; એના નિર્માણમાં સમર્પિત યુવકોનાં જીવન પણ સર્વોપરી છે.



## તમારા હેતના ટેભા તે જોઈ પરમ શાન્તી થઈ ગઈ

“અમો(એ) મકાન (છાત્રાલય) જોયું. તેમાં તમારા હેતના ટેભા તે જોઈ પરમ શાન્તી થઈ ગઈ ને કામ સારામાં સારું થઈ ગયું. તે સ્વામીના લાડીલા ૧૦ યુવકોએ તનતોડ મહેનત કરી તો આ મકાનનું રૂપતર (રૂપાંતર) બંધાઈ ગયું. હજી શોભા છાત્રાલયની વધશે...
છાત્રાલયમાં જે યુવકો આવે તે બીડી ન પીવે, નાટક સિનેમા ન જુવે, લસણ ડુંગળી ન ખાય તેવા યુવકો રખાય. તો તિલક–ચાંદલા કરે, સાંજે આરતી સ્તુતિ કરે, રાતરે સ્વાભાવિક ચેષ્ટા કરીને સુએ... આ છાત્રાલયના (યુવકો) સાક્ષાત સ્વામી શાસ્ત્રીજી મહારાજના છે તો સ્વામી જેવા ગુણો યુવકોમાં આવે તેમ બંદોબસ્ત કરવો...”

~ બ્ર.સ્વ. ગુરુદેવ યોગીજી મહારાજના સ્વહસ્તે લખાયેલા પત્રમાંથી.
અક્ષરડેરી ગોંડલ, તા. ૧૩.૬.૧૯૬૫

જૂન ૧૯૬૫. યોગીજી મહારાજના પરમ સામર્થ્યવાન સંકલ્પના સાકાર રૂપ એવું છાત્રાલય આકાર પામી ચૂક્યું. પ.પૂ. કાકાશ્રી, પ.પૂ. સ્વામીશ્રી (તે સમયે પ્રભુદાસભાઈ) તથા સંતો–સત્સંગીઓએ સિંચેલાં માહાત્મ્યબળે જશુભાઈ અને તેમના યુવા સહાધ્યાયી મુમુક્ષુ સાથીદારોએ ગુરુદેવ યોગીજી મહારાજની પ્રસન્નતાર્થે જે સ્થૂળ મકાન તૈયાર કર્યું તે વાસ્તવમાં તો એક નવા યુવાસમાજના ઘડતરની સૂક્ષ્મ ક્રાંતિનું પ્રથમ પગરણ હતું એ સત્ય આજે તો સૌને તાદૃશ્ય છે ; પરંતુ, ત્યારે એ આર્ષદૃષ્ટિ કેવળ યોગીજી મહારાજને જ હતી. અને તેથી જ તો તેમનું હૃદય આ શબ્દોમાં કાગળ ઉપર ઊતરે છે : ``(છાત્રાલયના) મકાનમાં તમારા હેતના ટેભા તે જોઈ પરમ શાંતિ થઈ ગઈ. “કેવી ભક્તિ, કેવાં સમર્પણ, કેવી ચીવટ અને કેવા ભાવથી જશુભાઈ અને યુવકોએ એ મકાનની એક એક ઈંટ ચણાવી હશે કે એ સિમેન્ટ–કોંક્રિટના ચણતરમાં યોગીજી મહારાજની દૃષ્ટિ હેતના ટેભા પારખી જાય છે ! અને વળી, યોગીજી મહારાજ છાત્રાલયમાં નિવાસ કરનાર વિદ્યાર્થી યુવકોની પણ કેવી ઉચ્ચ આધ્યાત્મિક ઓળખ કરાવે છે ; કહે છે : ``આ છાત્રાલયના યુવકો સાક્ષાત્ સ્વામી શાસ્ત્રીજી મહારાજના છે...” અને ખરેખર એવા જ યુવકો એ છાત્રાલયમાં આવ્યા, ભણ્યા, ઘડતર પામ્યા અને આજે સંસારમાં તેઓ જ્યાં જ્યાં બિરાજ્યા છે ત્યાં ત્યાં ભક્તિ, સેવા, સંસ્કાર અને સ્વધર્મનાં બીજ વાવ્યાં છે. યોગીબાપાની ભવિષ્યવાણી છે, આશીર્વચન છે : ``હજી શોભા વધશે...'' અને કેમ ન વધે ! આ સર્જન કંઈ ગાર–માટીના થરનાં થોડાં છે – આ સર્જન તો હેતના ટેભાનાં છે !



# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



**હે પ્રભુપરમ !**

**હે ગુરુદેવ યોગીજી મહારાજ !**

**હે પ્રાણાધાર સાહેબદાદા !**

મને આપનું કર્તાપણું મનાવો
સર્વના પ્રેરક આપ છો
સર્વના નિયંતા પણ આપ છો
મારે સૌમાં આપને જોવા છે
સૌ ભલે દેહભાવે સહિત છે
સૌને પોતાની માન્યતાઓ છે
સૌને પોતાનું આગવું ગણિત છે
સૌ પોતાની જાતને સત્ય પુરવાર કરવા ભલે મથે
મારે કેવળ આપ સમક્ષ દૃષ્ટિ છે
આપને રાજી કરવા જ નિશાન છે.
સૌને આપ સાધનામાર્ગે ચલાવી રહ્યા છો
સૌને સમય આવે જાણપણું આપ જ આપો છો
સૌને બ્રહ્મરૂપ કરવાનો આપનો સંકલ્પ છે.
સૌનું આપ ચાલવા દો
સૌને આપ પ્રેરણા કરો ને વર્તન કરાવો
તેનું મારે દર્શન કરવું છે
કોઈ મૂલ્યાંકન કરવાં નથી
કોઈ પક્ષમાં નહિ... કેવળ આપના પક્ષે
સતત આપની મૂર્તિમાં રહી વર્તન કરવું છે
મને બળ દેજો
મારી રક્ષા કરજો.
કોઈનાય વિવેચનથી કે કોઈનાય દબાણથી
હું ભ્રમિત ન થાઉં
તે કરનારમાંય આપનાં દર્શન કરું
તેમને વંદન કરું
તે ખોટા આ સાચા તે વિચારું નહિ
કેવળ આપની પ્રેરણા ઝીલી ઉચિત લાગે તે બોલું
બાકી મૂર્તિમાં રહી સ્થિર રહું.

આપ આ પૃથ્વી પર પ્રત્યક્ષ છો
જે સ્વરૂપોમાં પ્રત્યક્ષ છો તેનો પૂર્ણ મને સ્વીકાર કરું
તે જે આદેશ આપે તેને અનુસરું
મારી બુદ્ધિથી નહિ
મારી બુદ્ધિ વડે તેમની આજ્ઞાનું મૂલ્યાંકન ન કરું
તેઓના આદેશને અદ્ધર ઝીલું
તેઓમાં મનુષ્યભાવ ન આવે તે દરકાર કરું.
મારા સમગ્ર તંત્રથી
મારા રોમેરોમે
આપની પ્રત્યક્ષતાનો સ્વીકાર કરું
આપના કર્તાભાવને સ્વીકારું
સતત મૂર્તિમાં જ રત રહું
અહંભાવ આપ જ આવવા ન દેશો
આપ જ મારા તંત્ર પર નિયંત્રણ રાખશો
આપ જ મને આપમાં સમાવશો
આપની જ લીલાનાં દર્શન કરાવશો.
સૌને પણ આપ જ આગળ લો છો તે મનાવશો.
બસ ! પ્રભુ !
મારા અંતરે આપને પ્રસન્ન કરવા સિવાય
આપના થઈને જીવન જીવી લેવા સિવાય
કંઈ પણ અનિષ્ટ હોય તે ટાળશો
આપ સદા મારા હૃદયે રહેશો
આપ સદા મારી સાથે રહેશો
આપ સદા મને આપના દાસત્વભાવે જિવાડશો
આપમાં રહેવું છે
આપના બળે જીવવું છે
આપમાં જ પૂર્ણતઃ સમાઈ જવું છે
તે મારી પ્રાર્થના આજે છે, કાલે છે... સદાય છે !





સાધુ [illegible]ના જય સ્વામિનારાયણ.
બ્રહ્મજ્યોતિ, લંડન, ૧૫.૬.૨૦૦૧



# બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વે સર્વત્ર બ્રહ્માનંદ... સહજાનંદ... રંગોત્સવે રેલાયો ભક્તિ ઉમંગ !

**અનુપમ** મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં શ્રી ભગતજી મહારાજના ૧૯૭મા અને સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યમંગલની ભક્તિભીની ઉજવણી ૧૩ અને ૧૪ માર્ચ ૨૦૨૫ દરમિયાન સંપન્ન થઈ. અનુપમ મિશનના ભગવાંહ્રદયી સંતો, નિષ્ઠાવાન અક્ષરમુકતો અને મહાનુભાવોની ભક્તિભીની ઉપસ્થિતિમાં આ મહાપર્વ અંતરના આનંદ અને પરમ ભક્તિભાવ સાથે ઉજવાયું. બ્રહ્મજ્યોતિની તપોભૂમિની સોડમ, મોરલાઓની ગહેક, નવપલ્લવિત લતાઓ, તરુવરની ઝૂમતી શાખાઓ, રંગબેરંગી પુષ્પોની મહેક જાણે આ મહાપર્વની ઉજવણીની આતુરતાથી રાહ જોતાં હોય તેવી અનુભૂતિ સર્વત્ર વ્યાપી હતી. આ ઉમંગમાં ઉમળકાભેર જોડાવા તત્પર દેશ-પરદેશના હજારો ભાવિક ભક્તો પણ હૈયે અપાર ભક્તિભાવ ધારીને પધાર્યા. સર્વત્ર પ્રસરેલ આનંદ અને દિવ્યભાવ અલૌકિક હતા ! વિશાળ મંડપ, વિશાળ એલ.ઈ.ડી. પર ટૅક્નોલૉજીના માધ્યમથી સુંદર સુશોભન અને ભવ્ય વ્યવસ્થાપન સાથે સંતોએ અદ્ભુત તૈયારીઓ કરી હતી. આ સેવાઓને મહિમા સાથે સાકાર કરવા સ્વયંસેવકો, થનગનતા તરવરિયા યુવાનો અગાઉથી બ્રહ્મજ્યોતિ પર પધારી ગયા હતા અને સંતોનાં માર્ગદર્શન મુજબ સેવામાં ઓતપ્રોત થઈ ગયા હતા. સૌએ ભેગાં મળીને અપાર સેવાઓ દ્વારા સઘળી વ્યવસ્થાઓ સંપન્ન કરી દીધી.

હોળી-૧૩ માર્ચના શુભ દિવસે સાંજે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજના પ્રાગટ્યઉત્સવ નિમિત્તે માહાત્મ્યદર્શન સભાનું આયોજન થયું. ઉત્સવ નિમિત્તે તૈયાર કરવામાં આવેલ વિશાળ સભામંડપમાં અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોના ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ પધારી આ સભાનો લાભ લીધો. શ્રી ઠાકોરજી મહારાજ, શ્રી ભગતજી મહારાજ, સંતભગવંત સાહેબજીનાં પૂજન કર્યાં બાદ અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ પ્રાસંગિક કીર્તનવંદના ધરી. સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે જીવન સમર્પિત કરવાના ભાવ સાથે સેવારત યુવતીઓ, વડીલ



વંદનમ્



પૂજનમ્



પુષ્પમાળ અર્પણમ્





સમર્પિત યુવતીઓ અને બહેનો દ્વારા વિશિષ્ટ હાર અર્પણ



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા પ્રાસંગિક માહાત્મ્યદર્શન અને આશીર્દાન

બહેનોએ સ્વહસ્તે તૈયાર કરેલ વિશિષ્ટ કલાત્મક હાર સંતભગવંત સાહેબજીને અર્પણ કર્યો.

સભા પ્રારંભે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજનાં જીવન અને કાર્યનાં અદ્‌ભુત મહિમાગાન કરી સૌને તેઓની ગુણાતીત ભાવનાનાં અલૌકિક દર્શન કરાવ્યાં. ગુરુ ગુણાતીતની અનુવૃત્તિ સમજી કરેલ ગુરુભકિત અને અજોડ આજ્ઞાપાલનની રીતિનું આધ્યાત્મિક રહસ્ય સમજાવી સૌને પ્રગટ સત્પુરુષ સંતભગવંત સાહેબજીના વચને જીવન જીવવાની અનેરી સમજણ પૂરી પાડી.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી ‘શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વ’ નિમિત્તે ભગતજી મહારાજે તેઓના ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા પાળી મેળવેલ અંતરની પ્રસન્નતા અને અલૌકિક પ્રાપ્તિનો મહિમા સમજાવ્યો. ગુરુદેવ યોગીજી મહારાજે સૌને આપેલ આજ્ઞાઓનાં પાલન કરી, તે અનુરૂપ જીવન જીવી ધન્યતા પામવાનો રાહ દર્શાવ્યો.

માહાત્મ્યદર્શન સભા બાદ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના ઉપક્રમે યોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ – ‘ગુજરાતની ગૌરવગાથા : વલ્લભથી વિશ્વપ્રતિમા સુધી’ પ્રસ્તુત થયો. સંતભગવંત સાહેબજીની ભાવના રહી છે કે, સરદાર પટેલ સાહેબનાં જીવન અને કાર્ય અદ્વિતીય ને પ્રેરણારૂપ છે. વિખ્યાત કલાકાર શ્રી કનુભાઈ પટેલ અને તેમની ટીમના સદસ્યો શ્રી સરદાર સાહેબના જીવનને સૌ સમક્ષ સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી અનેરી ઢબે પ્રસ્તુત કરી રહ્યા હતા તેથી સંતભગવંત સાહેબજીએ શ્રી કનુભાઈ પટેલને આ ગૌરવવંતો સાંસ્કૃતિક કાર્યક્રમ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પણ યોજવા નિર્દેશ કર્યો. સૌએ આ કાર્યક્રમ માણ્યો અને શ્રી સરદાર સાહેબને વંદન-અર્ઘ્ય ધર્યાં. દેશવિકાસ અને દેશભક્તિની અદ્‌ભુત પ્રેરણા સૌ આ કાર્યક્રમ દ્વારા પામ્યાં. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમના સંયોજક શ્રી કનુભાઈ પટેલ અને દિગ્દર્શક શ્રી કુમાર ભોઈનાં સન્માન કરવામાં આવ્યાં. ◆



સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



સાંસ્કૃતિક કાર્યક્રમના સંકલનકર્તા શ્રી કનુભાઈ પટેલ અને શ્રી કુમાર ભોઈનાં સન્માન



અનુપમ મિશનના વ્રતધારી સંતો દ્વારા તૈયાર કરાયેલ કલાત્મક હાર સંતભગવંત સાહેબજીને અર્પણ

**ધુળેટી**-૧૪ માર્ચના મંગલકારી દિવસે સંતભગવંત સાહેબજીનો ૮૬મો પ્રાગટ્યોત્સવ અનેક મહાનુભાવો, સંતો, ભક્તો, યુવાનોની ઉપસ્થિતિમાં ઉમંગ અને માહાત્મ્યસભર વાતાવરણમાં ઉજવાયો. સભાના આરંભમાં કલાત્મક સુશોભિત રથમાં બિરાજી સંતભગવંત સાહેબજી સભામંડપમાં પધાર્યા ત્યારે ભક્તિવંત યુવાનો અને યુવતીઓ દ્વારા અદ્‌ભુત નૃત્યભક્તિ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યાં. વિશાળ મંચ પર સંતભગવંત સાહેબજી નિજ આસને બિરાજ્યા બાદ શ્રી ઠાકોરજી મહારાજ અને સંતભગવંત સાહેબજી તથા ઉપસ્થિત સૌ સંતો-મહાનુભાવોનાં પૂજન કરવામાં આવ્યાં. અનુપમ મિશનના સૌ વ્રતધારી સંતોએ ભેગા મળીને એક અદ્વિતીય ને વિશિષ્ટ હાર સંતભગવંત સાહેબજીને અર્પણ કર્યો. આ પ્રસંગે હરિધામ સોખડાથી વરિષ્ઠ સાધુ પૂ. નિર્મળ સ્વામીજી, પૂ. ત્યાગવલ્લભ સ્વામીજી, સાંકરદાથી પૂ. બાપુ સ્વામી, યોગી ડિવાઈન સોસાયટી-પવઈથી પૂ. ભરતભાઈ, ગુણાતીત જ્યોત- વલ્લભવિદ્યાનગરથી પૂ. હંસાદીદી, સંત બહેનો તથા વિવિધ ક્ષેત્રે કાર્યરત અનેક સંસ્થાઓના અગ્રણી પ્રતિનિધિઓ, સમાજ સેવકો, રાજકીય અગ્રણીઓ આદિ પધાર્યાં. મંચસ્થ સૌ મહેમાનોને શ્રી ઠાકોરજીના પ્રસાદીના વિશિષ્ટ હાર અર્પણ કરી સ્વાગત કરાયાં.

સભા પ્રારંભે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવતાં કહ્યું કે, 'મૂળભૂત દેહભાવ ઓગાળી હઠ-માન-ઈર્ષ્યાના ભાવથી પર થવાની સાધના એ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સમજણ અને આચરણ વગર અશક્ય છે. સૌએ પ્રભુનો આશરો દઢ રાખવો. દેહ મૂકીને જેમને પામવા છે તે પ્રભુ માનવ દેહધારી ગુણાતીત સંત રૂપે જેમનામાં પ્રગટ છે તેવા સત્પુરુષમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કરી, તેમના સંબંધી ભક્તોની મન, કર્મ, વચને, નિર્દોષભાવે જે સેવા કરે તેની આધ્યાત્મિક પ્રગતિ થાય જ ! કોઈનાંય અભાવ, અવગુણ, ખટપટ કે માથાકૂટમાં પડીએ જ નહીં ! એટલે સૌ એક નિયમ લઈએ કે, કોઈનાં અભાવ, અવગુણ કે માથાકૂટમાં પડવાનું નહીં ને જો ભૂલથી પડી જવાય તો ઉપવાસ કરવો.'





પ્રાગટ્યદિને સંતભગવંત સાહેબજી દ્વારા શ્રી મુક્ત-અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજનાં મંગલ દર્શન-પ્રાર્થના અર્પણ





વ્રતધારી સંતો, યુવાનો અને યુવતીઓ દ્વારા સંતભગવંત સાહેબજીનાં સભાગૃહમાં વિશિષ્ટ સ્વાગત



મહિમાગાન : શ્રી અરવિંદ મહાજન



મહિમાગાન : શ્રી ડી. સી. પટેલ



મહિમાગાન : ડૉ. નિરંજનભાઈ પટેલ



મહિમાગાન : બારીન્દ્રભાઈ પટેલ

પ્રાસંગિક મહિમાદર્શન પૂ. ભરતભાઈ (પવઈ), શ્રી અરવિંદ મહાજન (રિટાયર્ડ લૅફ્ટનન્ટ જનરલ), શ્રી ડી. સી. પટેલ (સંકેત સૅલ્સ, આણંદ), પૂ. બાપુ સ્વામી (સાંકરદા), પૂ. નિર્મળ સ્વામીજી, ડૉ. નિરંજનભાઈ પટેલ (વાઈસ ચાન્સેલરશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી), બારીન્દ્રભાઈ પટેલ આદિએ કરાવ્યાં. અનુપમ અક્ષરમુક્તો અને વિખ્યાત સંગીત કલાકારો અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ, દ્યુતિબહેન બુચના સુમધુર કંઠે ગવાયેલ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનનું નૂતન આલ્બમ 'આઠે પહોર સહજાનંદ' સંતભગવંત સાહેબજીના વરદ હસ્તે મુક્તાર્પણ પામ્યું. આ આલ્બમમાં દિવસના આઠ પ્રહરના અલગ અલગ શાસ્ત્રીય રાગ આધારિત 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન સૌને મંત્રમુગ્ધ કરી દે તેવા સંગીત સાથે તૈયાર કરવામાં આવી, જેમાં બારીન્દ્રભાઈના સહયોગ પ્રાપ્ત થયા.

આ પ્રસંગે અનેક સંસ્થાઓના પ્રતિનિધિઓ, વિવિધ મંડળોના અક્ષરમુક્તોએ શુભેચ્છા પત્રો, કલાત્મક હાર અને સ્મૃતિભેટ અર્પણ કરી સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમનું અદ્ભુત દર્શન કરાવ્યું. અંતમાં, સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આભારવિધિ કરી. ગુરુભકિત અદા કરવાના અને ગુરુપ્રસન્નતા પ્રાપ્ત કરવાના અનેરા ભક્તિભાવને સુદૃઢ કરી સૌ આ ઉત્સવની સ્મૃતિઓ હૃદયમાં લઈને વિસર્જિત થયાં.

ઉત્સવને સાકાર કરવા સંતોનાં માર્ગદર્શને વિવિધ કેન્દ્રોના યુવાઓ અને સક્રિય કાર્યકર્તાઓએ ઉતારા, રસોડા, મંચસજ્જા, સભા, બેઠક, પાર્કિંગ, સફાઈ, સેવા-સરભરા, ટ્રાન્સપૉર્ટ, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી આદિ વિવિધ વિભાગોની સેવા અપાર ભક્તિભાવે સંભાળી અને પધારનાર સૌ ભક્તોની પ્રભુના ભાવે સેવા કરી ગુરુહરિની પ્રસન્નતા અર્થે ભક્તિ અદા કરી. ◆



મહિમાગાન : પૂ. ભરતભાઈ



મહિમાગાન : પૂ. બાપુ સ્વામી



આશીર્દાન : પૂ. નિર્મળ સ્વામીજી



આભારદર્શન : પૂ. મનોજદાસજી



'આઠેય પહોર સહજાનંદ' ઑડિયો આલ્બમનાં મુક્તાર્પણ



સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન





### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય ભગતજી મહારાજનો ૧૯૭મો પ્રાગટ્યોત્સવ, હોળી પર્વ, ૧૩ માર્ચ ૨૦૨૫, મંદિરજી સભા, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**આજે** બહુ મોટો મહા અલૌકિક દિવસ ! બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય ભગતજી મહારાજનો પ્રાગટ્ય દિવસ ! ભગતજી મહારાજના આપણે પ્રત્યક્ષ દર્શન નથી કર્યાં; પણ, આપણી પૂજારી ટીમને અભિનંદન આપીએ કે, આજે આપણને તેઓ પ્રત્યક્ષ હોય તેવાં દર્શન કરાવે છે. આવાં આ જે દેખાય છે તેવાં સફેદ વસ્ત્રો અને માથા પર પાઘ ભગતજી મહારાજ પહેરતા ને આવાં દર્શન આપતા. ખરેખર આપણી પૂજારીની ટીમ માત્ર આજે જ નહીં, દરેક પ્રસંગ પર શ્રી ઠાકોરજીની મૂર્તિને સ્નાન બધું કરાવીને પ્રસંગને અનુરૂપ વાઘા-વસ્ત્રોનો શણગાર કરે છે. ભક્તિ હોય, ભગવાનને રાજી કરવાનો ભાવ હોય, મૂર્તિમાં પ્રભુ પ્રગટ છે એવું માનતા હોય તો જ આવી સેવા થાય. ખરેખર શ્રી ઠાકોરજી બહુરાજી છે !

પ્રભુને આશરે રહી, ગુરુની આજ્ઞામાં જીવીએ તો બ્રહ્મસ્વરૂપ અવસ્થાને પામી શકાય છે તે ભગતજી મહારાજે જીવન જીવીને દર્શન કરાવ્યું કે, 'બ્રહ્મસ્વરૂપ અવસ્થાને પામી શકાય છે.' હમણાં ભજન ગાયું, 'જગ આખામાં શોધી રહ્યો...' એ આનંદ ક્યાં છે ? આનંદ આપણી અંદર છે. હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠી, કામ-ક્રોધાદિક દોષ રહિત થઈએ એટલે કે દેહભાવથી પર થઈએ તો એ આનંદ આપણામાં જ છે, આત્મામાં રહેલ પ્રભુનો પ્રકાશ ખીલી ઊઠે તો આનંદ, આનંદ, આનંદ ! હમણાં એક ટ્રેન્ડ ચાલે છે કે, આનંદ મેળવવા બાલી, સિંગાપૉર, વિયેતનામ ફરવા માટે જાય. આપણે પૂછીએ કે, 'કેમ ગયા હતા ?' તો કહે, 'આનંદ માટે.' પણ ફરીને પાછા આવે એટલે થાકી જાય ને ઘરે આરામ કરે. તો તમે ત્યાં કર્યું શું ? આખા જગતમાં તમે ગમે ત્યાં ફરો પણ આનંદ અને શાંતિ તો આપણી અંદર જ છે.

માણસ દૂરનું જુએ છે પણ નજીકનું નથી જોતો. 'વેગળું' અને 'ઢૂંકડું' સૌરાષ્ટ્રના બે શબ્દો છે. 'વેગળું' એટલે દૂરનું અને 'ઢૂંકડું' એટલે નજીકનું. દૂરનું છે એ ગળ્યું લાગે ને નજીકનું છે એ કડવું લાગે. દૂરનું બધું સારું સારું લાગે. નજીકના જે છે, જેમની સાથે રહેવાનું છે, કામ કરવાનું છે, જીવવાનું છે, એમને ગળ્યા લગાડવાના. દૂરનાને ગળ્યા લગાડીને શું કરવું છે ? પણ, આનંદ બહાર શોધવા જાય છે. ભગતજી મહારાજે જીવન જીવી રસ્તો બતાવ્યો કે, એવા ગુણાતીત સત્પુરુષની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તો હૈયામાં શાંતિ અને આનંદના ફુવારા છૂટે !

ભગતજી મહારાજ ૧૩ વર્ષ ગોપાળાનંદ સ્વામી સાથે રહ્યા. ભગતજી મહારાજનું નામ 'પ્રાગજી' હતું. ભક્તિ બહુ કરતા એટલે એમને 'ભગત' કહેતા, એમાંથી 'પ્રાગજી ભગતજી' થયા અને પછી 'ભગતજી મહારાજ' થયા. ગોપાળાનંદ સ્વામીએ દેહ છોડ્યો ત્યારે આજ્ઞા કરી કે, 'હે પ્રાગજી ! મેં તને પરમ પદને પામવાના, સાધુતા પ્રાપ્ત કરવાના, અખંડ આનંદમાં રહેવાના જે કોલ આપ્યા છે, તો મારા દેહ છોડ્યા પછી જૂનાગઢના જોગી ગુણાતીત પાસે જજે, મારા આપેલા તે કોલ તેઓ પૂરા કરશે.' અને પછી બાર વરસ ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામી પાસે રહ્યા. સમર્પિત થઈને ખૂબ સેવા કરી. ગુણાતીતાનંદ સ્વામીની આંખ ફરકે ને ભગતજી મહારાજનો દેહ ફરકે. તો ગુણાતીતાનંદ સ્વામી રાજી થઈ ગયા. ભગતજી મહારાજને કહ્યું કે, 'માંગો, માંગો ભગતજી, તમે માંગો તે દઈએ.' ભગતજી મહારાજને તો સ્વામીને રાજી કરવા સિવાય, સ્વામીના થઈને જીવન જીવવા સિવાય, સ્વામીની પ્રસન્નતા પ્રાપ્ત કર્યા સિવાય જીવનમાં કંઈ જોઈતું નહોતું. એટલે તેઓ ગુણાતીતાનંદ સ્વામીની સામું જોઈ રહ્યા ! સ્વામી હસ્યા. પછી બધાને સમજાવવા

માર્મિકપણે બોલ્યા કે, 'હે પ્રાગજી ! તને એમ હશે કે આ ફાટલાં કપડાં પહેરનાર, બધેથી ભિક્ષા માગી-માગી લાવીને, ધર્માદો ઉઘરાવી-ઉઘરાવીને મંદિરનો વહીવટ ચલાવે છે એ ગુણાતીત મને શું આપશે ? પણ યાદ રાખ, પ્રાગજી ! આ સાધુને ભગવાન વશ છે. અમે કહીએ એમ ભગવાન કરે છે.' ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'તું માંગતો નથી પણ, તને દરજીનું આટલું સરસ કામ આવડે છે, તો મુંબઈ જા. મુંબઈમાં દરજી કામમાં તને એટલું બધું કામ મળશે કે વર્ષે સાઠ હજાર રૂપિયા મળશે, જા લગન કરજે ને સુખી થઈશ.' આ વાત કરું છું દોઢસો વર્ષ પહેલાંની. તે વખતે એમ કહેવાતું કે, રૂપિયો ગાડાના પૈડા જેવો હતો. એટલી બધી કિંમત હતી રૂપિયાની.

ભગતજી મહારાજ પણ કેવા ! બે હાથ જોડી ગુણાતીત સામે ઊભા રહ્યા ને કહે, 'સ્વામી ! તેર વરસ ગોપાળાનંદ સ્વામી પાસે રહ્યો, ઘણાં વરસથી તમારા સાંનિધ્યમાં છું, પણ આ પૈસા, સ્ત્રી, જગત; એમાં સુખ છે એવી વાત મેં કોઈ દિવસ સાંભળી નથી. મારે તો બસ એક આપને રાજી કરવા છે. આપ ક્યાંના વાસી છો ? આપના ધામનાં મારે દર્શન કરવા છે – એ જ મારે જોવું છે, બાકી મારે કંઈ જોવું નથી.' ત્યારે ગુણાતીત બોલ્યા કે, 'ભગતજી, એનાં સાધન જુદાં છે, એ માટે ઘરબાર છોડીને અમારી સાથે રહેવું પડે.' ને ભગતજી મહારાજ પણ એવા શૂરવીર હતા, બધું છોડીને તેઓ ગુણાતીતની સાથે રહ્યા ને અનેક પ્રસંગોમાંથી પસાર થયા, પણ સદાય હસતા રહ્યા. એમનું અપમાન કરનાર, એમને કામમાં ઘોંચપરોણો કરનાર, એમના કાર્યમાં આડખીલીરૂપ બનનાર-એ કોઈનીય સામું જોયા વગર પ્રભુ જ બધું કરી રહ્યા છે, પ્રભુને કર્તા-હર્તા માની અને ભગવાનનું ભજન-પ્રાર્થના ને ગુણાતીતની મૂર્તિમાં રહીને કોઈનાય વિશે ભાવફેરમાં પડ્યા વગર કેવળ ને કેવળ ગુણાતીતની આજ્ઞા પાળવાનું તાન રાખીને જીવન જીવ્યા. જૂનાગઢમાં ને વડતાલ સંસ્થામાં બધાય સંતોમાં ભગવાનધારક સંતો પાક્યા તેમાં સાધુ બાલમુકુંદ સ્વામી, ભગતજી મહારાજ અને જાગા સ્વામી મુખ્ય હતા. સફેદ કપડાંમાં રહેવા છતાં જેમનું હૃદય ભગવું થયું તે ભગતજી મહારાજ!

સંસારમાં હોય કે ત્યાગી હોય, સર્વને માટે પ્રભુ પ્રાપ્ત કરવાનો, પ્રભુમાં રહીને પ્રભુની ભક્તિનો આનંદ માણવાનો મોકો હોય છે. ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી ભાવે આશરો ને શ્રી સ્વામિનારાયણ ભગવાન જેમના થકી પ્રગટ છે એવા સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ, બે હાથ જોડી એમની આજ્ઞા પાળીએ, ભક્તોની નિર્દોષભાવે મન-વચન-કર્મે સેવા કરીએ ને ભક્તોમાં સુહૃદભાવ રાખીએ, કોઈની આઘીપાછી, ખટપટ, નિંદા, માથાકૂટમાં ના પડીએ, તો જ્યાં છીએ ત્યાં આપણને પ્રભુધારક બનાવી દે; એવું ભગતજી મહારાજે જીવન જીવીને આપણને બતાવ્યું. એટલે આજે આપણા માટે ભગતજી મહારાજનો જન્મદિવસ બહુ મોટો દિવસ છે ! અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાતો સભામાં જો કોઈએ પ્રસરાવી હોય તો ભગતજી મહારાજે. શ્રીજી મહારાજ પોતાનું મૂળ અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીને લઈને પધાર્યા, ઘણી જગ્યાએ શ્રીજી મહારાજ પોતે બોલ્યા છે કે, 'ગુણાતીતાનંદ સ્વામી અમારે રહેવાનું અક્ષરધામ છે. એમના થકી અને એવા સાધુ થકી આ પૃથ્વી પર અમે અખંડ રહીશું, રહીશું ને રહીશું.'

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે ગુણાતીતાનંદ સ્વામીની 'મૂળ અક્ષરબ્રહ્મ' તરીકે ઓળખાણ આપી છે. એ વાત ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને કરી. શાસ્ત્રીજી મહારાજે પોતાના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીએ દેહ છોડ્યા પછી ભગતજી મહારાજને ગુરુ તરીકે સ્વીકાર્યા. શાસ્ત્રીજી મહારાજ સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. એમનું નામ યજ્ઞપુરુષદાસજી, પણ સંસ્કૃતમાં શાસ્ત્રી બનેલા, શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ એવા વિદ્વાન વક્તા હતા. ભગવાં કપડાંધારી સાધુએ, સફેદ કપડાંમાં ભગતજી મહારાજને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા. અત્યારે તો કંઈક સહેલું છે, ત્યારે તો બહુ અઘરું હતું. ગુરુ ભગવાં કપડાંવાળાં જ હોવાં જોઈએ. કેટલી ઊંચી સ્થિતિવાળા ભગતજી મહારાજ હશે ને કેટલી ઊંચી સ્થિતિવાળા શાસ્ત્રીજી મહારાજ હશે કે, હજારો-લાખો સાધુઓની વચ્ચે, લાખો હરિભક્તોની વચ્ચે ભગતજી મહારાજને ઓળખ્યા ને ભગતજીનો ગુરુ તરીકે સ્વીકાર કરી, તેઓનું સેવન કર્યું ! અને ભગતજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાની વાતો કરી. એ શાસ્ત્રીજી મહારાજ કહે, 'મારા જીવનનું ધ્યેય-મિશન અક્ષર-પુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવાનું છે.' અને એ પ્રવર્તાવવા માટે શાસ્ત્રીજી મહારાજને ખૂબ તકલીફો પડી, ઘણો ભીડો પડ્યો, ખૂબ અપમાનો થયાં, પણ એમને મન

ગુણાતીત સત્પુરુષની
અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તો
હૈયામાં શાંતિ અને
આનંદના ફુવારા છૂટે !





**ગમે એવા સંજોગોમાં
ભગવાન ને ભગવાનના ભક્તોનાં
ગુણગાન ને મહિમા જ ગાવાં છે.
અને જ્યારે પણ સેવા કરવાની તક મળે ત્યારે
મન-કર્મ-વચને નિર્દોષભાવે સેવા જ કરવી છે.
તો ભગવાન રાજી, રાજી ને રાજી !**

એવું કંઈ હતું નહીં. એમને તો એક જ હતું કે, મારા ગુરુ ભગતજી મહારાજે ઉપાસનાની જે વાત કરી, એનું પ્રવર્તન કરવું છે. સ્વામિનારાયણ ભગવાન અને મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને 'મધ્ય મંદિર'માં શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વરૂપે પધરાવવા છે. 'મધ્ય મંદિર' એટલે સૅન્ટરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવી છે એવો શાસ્ત્રીજી મહારાજે સંકલ્પ કર્યો. અને એ સંકલ્પ પૂરો કરવા છેવટે શ્રી કૃષ્ણજી અદાની આજ્ઞાથી વડતાલ મંદિર છોડીને બહાર નીકળી ગયા અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પહેલું મંદિર બોચાસણમાં કર્યું. મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ સાથે અનાદિ મહામુક્ત ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ, આમ, ધામ-ધામી-મુક્તની મૂર્તિઓ પધરાવી અને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પાતાળે પાયા નાંખ્યા.

ગુરુદેવ યોગીજી મહારાજે એ કાર્યનું અદ્ભુત જતન કર્યું ! કૉલેજમાં ભણતા હજારો યુવાનોને બાપાએ પોતાનાં હેત-પ્રેમમાં બાંધીને ઉપાસના સમજાવી તેમાંથી ઘણા યુવાનોને ઉપાસનાના કામમાં જોડવા ભગવાંધારી સાધુ બનાવ્યા, વ્રતધારી સંતો બનાવ્યા અને પરણ્યા એ એકાંતિક ગૃહસ્થોને પણ એ કાર્યમાં પરોવ્યા. ૧૯૦૭માં અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવા માટે બી.એ.પી.એસ. સંસ્થાની સ્થાપના થઈ. ૧૯૦૭થી આજે ૨૦૨૫, તમે જુઓ તો ૧૧૮ વર્ષે સમગ્ર વિશ્વમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રસાર પામી છે. પણ એના પાયામાં આપણે જોઈએ તો ભગતજી મહારાજ છે. એ ભગતજી મહારાજના પ્રાગટ્યનો આજે મોટો મંગલકારી દિવસ !

બીજો હોળિકાનો દિવસ. પ્રહ્લાદ હિરણ્યકશિપુ રાજાને ત્યાં જન્મ્યા. હિરણ્યકશિપુ રાજા આપણા જેવો સામાન્ય માણસ જ હતો. પણ જે માણસ ભગવાનના ભગતને દુઃખ આપે, જે માણસ બીજાંનાં દુઃખમાં આનંદ માણે, જે માણસ બીજું સારું કામ થતું હોય એમાં ઘોંચપરોણા કરે, જે માણસ ખટપટ-નિંદા-માથાકૂટ કર્યા કરે એ આસુરી વૃત્તિવાળા, નકારાત્મક શક્તિનાં સાધન કહેવાય. અને જે ભગવાનની ભક્તિ કરતા હોય, બીજાંનાં આંસુ લૂછતા હોય, સારા કામમાં મદદરૂપ થતા હોય, સર્વનાં ગુણગાન ને મહિમા ગાતા હોય, એ માનવદૈવીશક્તિનાં સાધન કહેવાય. અહીંયાં જે બધા હાજર છે એ સૌ દૈવીશક્તિનાં સાધન છે, યાદ રાખો ! પ્રહ્લાદ ભક્તિ કરે એ હિરણ્યકશિપુને જરાય ગમે નહીં, કહે, 'પ્રહ્લાદને ભક્તિ છોડવાનું સમજાવો અને એ ના માને તો છેવટે એને મારી નાખો પણ મારી સામે એ ભજન કરવો જોઈએ જ નહીં.' પ્રહ્લાદ ના માન્યો ને એને મારી નાખવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ બધી રીતે ભગવાને પ્રહ્લાદની રક્ષા કરી. છેવટે હિરણ્યકશિપુની બહેન એટલે પ્રહ્લાદનાં ફોઈ હોળિકા તપસ્વિની છતાં આસુરી વૃત્તિનાં વાહક હતાં. એમણે કહ્યું કે, 'મેં તપશ્ચર્યા કરીને અગ્નિદેવનું વરદાન લીધું છે કે, અગ્નિ મને બાળે નહીં. એટલે લાકડાનો ઢગલો કરો અને એમાં પ્રહ્લાદને હું ખોળામાં લઈને બેસી જઉં પછી ઢગલો સળગાવો એટલે પ્રહ્લાદ બળીને ભસ્મીભૂત થઈ જશે. મને તો અગ્નિ બાળશે નહીં એટલે હું હેમખેમ બહાર નીકળીશ. આપણે હોળી કરીએ છીએ એવો લાકડાનો મોટો ઢગલો કર્યો. એમાં હોળિકા પ્રહ્લાદને ખોળામાં લઈને બેઠી. આખા ગામમાં સોપો પડી ગયો. અરે આ લોકો નાના છોકરાને અગ્નિમાં સળગાવી દેશે. સર્વમાં વિષાદ છવાઈ ગયો. સાંજે જ્યારે અગ્નિ ભડભડ સળગ્યો ને અગ્નિ ઠાર્યો ત્યારે પ્રહ્લાદ જીવતા નીકળ્યા ને પેલી હોળિકા બળી ગઈ, તમે જુઓ તો ! ભક્ત પ્રહ્લાદનો વિજય થયો એટલે લોકો એટલા બધા ખુશ થઈ ગયા કે, કાદવ-કીચડ કરી સામસામે રમ્યા એને આનંદ પર્વ ધુળેટી ઉત્સવ કહ્યો. કોઈએ પૂછ્યું કે, 'આ હોળિકાને ભગવાને વરદાન આપ્યું હતું કે, તને નહીં બાળું તો એને કેમ બાળી ?' ત્યારે ભગવાને જે જવાબ આપ્યો એ આપણે યાદ રાખવા જેવો છે. કહે છે, 'મારું વરદાન સાવ સાચું હતું, પણ મારું બીજું પણ વરદાન છે કે, કોઈ મારા ભક્તને દુખવે તો મને ચીડ ચડે.' અને પ્રહ્લાદ જેવા અખંડ ભગવાનનું ભજન કરતા દીકરાને હોળિકા સળગાવવા બેઠી તો એ અગ્નિ પણ લાચાર થઈ ગયા. હોળિકા ભલે સળગી જતી પણ ભક્ત ના સળગવો જોઈએ. હોળિકા એટલે બળી ગઈ.

ગમે એવાં વરદાન, ગમે એટલાં ઐશ્વર્ય, ગમે એટલા પ્રતાપ, ગમે એટલો તમારામાં પાવર હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને જો દુખવો, ભગવાન કે ભગવાનના ભક્તનો અભાવ-અવગુણ લો, ભગવાન કે ભગવાનના ભક્તની માથાકૂટ કરો તો ભગવાન કહે, 'અમે રાજી થઈએ જ નહીં.' એટલે એ વસ્તુ નહીં કરવાની. આપણે ગમે એટલા દોષી હોઈશું તો ભગવાન કહે, 'નો પ્રૉબ્લેમ. તમે જેવા છો એવા અમે તમારો સ્વીકાર કર્યો છે,

પણ બીજાની માથાકૂટ કરી તો તમારે પ્રૉબ્લેમ.' આજે ભગતજી મહારાજના પ્રાગટ્યદિવસે આપણે નિશ્ચય કરીને જઈએ કે, ગમે એવી પરિસ્થિતિ, ગમે એવા સંજોગોમાં ભગવાન ને ભગવાનના ભક્તોનાં ગુણગાન ને મહિમા જ ગાવાં છે. અને જ્યારે પણ સેવા કરવાની તક મળે ત્યારે મન-કર્મ-વચને નિર્દોષભાવે સેવા જ કરવી છે. તો ભગવાન રાજી, રાજી ને રાજી ! તો આવું જીવન જીવવાની આપણને અત્યારે તક મળી છે.

આપણે ભગવાનના થઈને ઑનેસ્ટલી ને સિન્સિયરલી જીવન જીવીએ તો યાદ રાખો, ભગવાન કહે, 'કોઈ વાતે હું તમને દુઃખી થવા દઈશ નહીં.' એમના થઈને જીવન જીવવું એટલે ? અઠવાડિક સત્સંગસભા નિયમિત કરવાની, ના થતી હોય તો આપણે ચાલુ કરવાની. અડધો કલાક ધૂન કરવી. સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળીને ભક્તિ કરવી. અને જે પણ કમાતા હોઈએ એનો દસમો-વીસમો ભાગ ગુરુ આજ્ઞાએ ભગવાનના કાર્યમાં વાપરીએ અને કોઈની ખટપટ-માથાકૂટ-નિંદામાં પડીએ નહીં; એ ભગવાનના થઈને જીવન જીવ્યા કહેવાય. એવા જે નિષ્ઠાવાન ભક્તો છે એને 'વચનામૃત ગઢડા પ્રથમ ૩૭' પ્રમાણે મહારાજે ૧૧ ઇલકાબ આપ્યા. આવા જે ભક્ત છે એમની ચરણરજને તો ભગવાન કહે, 'અમે માથે ચઢાવીએ છીએ. એમનાં દર્શનની તો અમને પણ તાણ છે. એમની સેવા કરનાર અમે મોકલીએ છીએ.' એટલા બધા સ્વામિનારાયણ ભગવાન રાજી થાય. ભગવાન રાજી થતા હોય તો આટલું કરવામાં કંઈ તકલીફ છે ? આપણે સુખ, શાંતિ, સમૃદ્ધિ મેળવવા માટે કેટલો દાખડો કરીએ છીએ. આ મુંબઈવાળા તો ટ્રેઇનમાં જે અથડાય છે તમે જુઓ તો ! ખેડૂત કેટલા બધા તાપમાં કામ કરતા હોય છે ! નોકરી કરનાર નોકરી કરતા હોય. વ્યાપાર કરનાર કેવા માણસો જોડે કકળાટ, કંકાશ કરતા હોય; એના બદલે આ સહેલું છે કે નથી ? પણ પેલામાં સ્વાદ આવે છે એટલે આ નથી કરી શકાતું. એ આપણી માણસની અવળાઈ છે. સંતોને આપણી અવળાઈ કાઢવી છે. સંતો આપણને હેતપ્રેમ કરે, આપણને ફોસલાવે તો તેમાં સંતોને શો ફાયદો છે ? કોઈ ચેક આપે તો અશ્વિનભાઈ ભાઈલાલભાઈના ખાતામાં જમા થવાનો છે ? એ તો ઠાકોરજી લેશે એટલે કે, ટ્રસ્ટમાં જમા થશે. સંતો પોતાની પાસે કાંઈ રાખતા નથી. તમે જે આપો એ ભગવાનના ચરણારવિંદમાં ભગવાનને પહોંચાડે છે. અને ભગવાનને પહોંચ્યું એ સત્કર્મ થયું. એટલે સાધુ દ્વારા કામ કરવાનું. સાધુ ભગવાનમાં રહે છે, અને સર્વને ભગવાનમાં જોડે છે. એવા સાધુ જ્યારે આપણા જીવનમાં આવે ત્યારે એમનો મહિમા સમજીએ.


આજે આપણે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્યોત્સવની ઉજવણીની સાથે બીજા એક કાર્યક્રમમાં પણ સહભાગી થઈશું. અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ, તપસ્વી, જેઓના હૈયે સદાય દેશવાસીઓની કેવળ હિતની જ ખેવના રહી છે, તે માટે જ કાર્યશીલ રહ્યા છે તેવા ભારતના પનોતા પુત્ર પરમ પૂજ્ય સરદારશ્રી વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી સમગ્ર ભારતવર્ષ અને વિશેષ રીતે આપણું ગુજરાત ઉજવણી કરી રહ્યું છે, તેમાં આપણે પણ જોડાઈશું.

આપણા માટે આનંદની વાત એ છે કે, આપણા સરદાર સાહેબ સનાતન હિન્દુ ધર્મમાં પરમ શ્રદ્ધા ધરાવતા અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત એવા કરમસદના પરિવારમાં જન્મ્યા હતા. તેઓના પિતાશ્રી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દઢ આશ્રિત સાથે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. શાસ્ત્રીજી મહારાજના શિષ્ય હતા. પ.પૂ. સરદાર સાહેબ કહેતા કે, 'ભારતવર્ષના નાગરિકો જો શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલ 'શ્રી શિક્ષાપત્રી'નો અમલ કરે તો દેશની તમામ કોર્ટોનો ૪૦ ટકા કાર્યભાર ઓછો થઈ જાય.'

આવા શ્રી સરદાર સાહેબના જીવનને રજૂ કરતા એક નાટ્યસ્વરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ આપણા આત્મીય સ્વજન પૂ. કનુભાઈ પટેલ અને તેમના કલાકાર ભાઈઓએ 'ગુજરાતની ગૌરવગાથા : વલ્લભથી વિશ્વપ્રતિમા સુધી' નામથી તૈયાર કર્યો છે, જે આપણી શ્રી સરદાર પટેલ યુનિવર્સિટીના સાથ-સહકારથી બધે ભજવીને આ ઉજવણીમાં સહભાગી બન્યા છે. તો આપણે પણ આપણા કાર્યક્રમમાં આ સાંસ્કૃતિક કાર્યક્રમ પૂ. કનુભાઈ, વાઈસ ચાન્સેલરશ્રી પૂ. નિરંજનભાઈ અને શ્રી સરદાર પટેલ યુનિવર્સિટીના સૌજન્યથી સામેલ કર્યો છે. તો તે જોઈને આપણે પણ આપણા લોકલાડીલા પ.પૂ. શ્રી સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીમાં સહભાગી થઈ ભક્તિ અદા કરીશું. સૌ રાજી રહેશો.

બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

સાધુ ભગવાનમાં રહે છે,
અને સર્વને ભગવાનમાં જોડે છે.
એવા સાધુ
જ્યારે જીવનમાં આવે ત્યારે
એમનો મહિમા સમજીએ.






# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

**બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય ભગતજી મહારાજનો ૧૯૭મો પ્રાગટ્યોત્સવ, હોળી પર્વ, ૧૩ માર્ચ ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**ભગતજી** મહારાજ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સ્થાપક, પ્રવર્તક અને એનો દિવ્ય વારસો આપી જનારા એવા અદ્‌ભુત ગુણાતીત સંત પરંપરાના ગુણાતીત સ્વરૂપ પ્રગટ થયા. ભગતજી મહારાજ એટલે સેવકનું, દાસનું, શિષ્ય થવાનું અદ્‌ભુત દૃષ્ટાંત ! કેવી કેવી કસણીમાંથી ભગતજી મહારાજ પસાર થયા, એમના ગુરુએ એમની કેવી તાવણી કરી એની જીવનગાથા આપણે સર્વએ વાંચી છે, સાંભળી છે. સત્સંગમાં તેઓ 'પ્રાગજી' તરીકે જાણીતા. ભગવાનની ભક્તિમાં પોતે ખૂબ લીન થઈ ગયેલા એટલે કેટલાકે એમનું નામ 'પ્રાગજી ભગત' પાડ્યું. 'ભગત'ની સ્થિતિમાં તાવણીમાંથી જેમ જેમ પસાર થતા ગયા તેમ એમને બધા માત્ર 'પ્રાગજી' નહીં, 'પ્રાગજી ભગત' પણ નહીં, 'ભગતજી' કહેવા માંડ્યા. એમાંથી કાળક્રમે એમની ગુણાતીત સ્થિતિને કારણે થઈને, ગુરુકૃપા-ગુણાતીતાનંદ સ્વામીની કૃપાને કારણે થઈને, તેઓ મહારાજના પરમ તત્ત્વને ધારક થયા એવી ખાતરી જનસમુદાયને, ભક્તસમુદાયને થઈ ત્યારે 'ભગતજી મહારાજ' તરીકે એમને સર્વ ઓળખવા લાગ્યા, એમને એવા નામથી બિરદાવવા માંડ્યા.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની સાથે સાહેબદાદાની હું સરખામણી નથી કરતો; પણ, જશુભાઈના જીવનને જોઈએ તો વર્તમાનકાળે આપણી સમક્ષ આપણા ગુરુહરિને પણ એમના સમયમાં એમના ગુરુદેવ યોગીજી મહારાજે અનેક પ્રકારની તાવણીમાંથી પસાર કર્યા. 'જશભાઈ', 'જશુ', એમાંથી 'જશભાઈ ભગત', 'જશભાઈ ભગત'માંથી યોગીબાપાએ નામ આપ્યું 'જશુભાઈ સાહેબ', એમાંથી 'જશુભાઈ' નીકળી ગયા ને 'સાહેબ' રહ્યા. વર્તમાનકાળે આપણે 'સાહેબદાદા'ની જય બોલાવીએ છીએ. જીવનના આ કેટલાક તબક્કા હતા, જે તબક્કામાંથી ધીરે ધીરે આપણે એમની ગુણાતીત અવસ્થાને ખીલતી જોઈ રહ્યા, સ્વીકારતા થયા અને એ રીતે આપણા જીવનની ધન્યતાનો આનંદ પણ આપણે માણતા થયા.

ભગતજી મહારાજ ગોપાળાનંદ સ્વામીની સેવામાં હતા અને અસાધારણ પ્રીતિથી તેઓ સાથે જોડાયેલા. ગોપાળાનંદ સ્વામીએ અંતિમ દિવસોમાં એમને એમ કહ્યું કે, 'મેં તને જે જે વચન આપ્યાં છે, વરદાન આપ્યાં છે; તું જૂનાગઢ જજે અને ગુરુ ગુણાતીત એ સઘળાં વચનો તારા માટે પૂર્ણ કરી આપશે.' ભગતજી મહારાજ જૂનાગઢ જાય છે ત્યારે ખુદ ગુણાતીતાનંદ સ્વામી એમ કહે છે કે, 'આ વનનું મૃગલું અહીંયાં ક્યાંથી ભૂલું પડી ગયું !' ગોપાળાનંદ સ્વામી સાથે અસાધારણ આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાયેલા ભક્તરાજ હવે જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે આવે છે અને તેઓએ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકરૂપ થઈ જઈને સાચા શિષ્ય તરીકેનું અદ્‌ભુત દૃષ્ટાંત સત્સંગમાં પૂરું પાડ્યું, શિષ્ય થવા માટેની આપણને પ્રેરણા તેઓએ આપી.

આ વર્ષને આપણે 'શ્રી ગુરુ આજ્ઞા મહિમા પર્વ' તરીકે ઊજવી રહ્યા છીએ. ગુરુ આજ્ઞા કરે, સૂચન કરે, આંગળી ચીંધે એટલે 'હાજી' એ સિવાય બીજું કાંઈ કહેવાનું નહીં-એ 'શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વ !' ભગતજી મહારાજ ગુરુ ગુણાતીતની એવી આજ્ઞાઓનું પાલન કરે છે કે જે આપણી લૌકિક બુદ્ધિમાં ઊતરે નહીં. પણ, જ્યારે શ્રી ગુરુની આજ્ઞાનું પાલન કરવાનું હોય ત્યારે લૌકિક બુદ્ધિ બંધ કરીને ગુરુ કહે એમ જ કરી લઈએ એમાં જ સાચી આધ્યાત્મિકતા છે અને તો જ શિષ્ય તરીકે ગુરુના વચનમાં આપણે સમર્પિત થઈ ગયા, ઓગળી ગયા એવો ભાવ આવે છે. ભગતજી મહારાજને એવી સંખ્યાબંધ આજ્ઞાઓ ગુરુ ગુણાતીત કરે છે અને એમની આજુબાજુવાળા પણ એમને ટકોર કરે, શિખામણ આપે, શંકા કરે; પણ ત્યારે ભગતજી મહારાજે કોઈ પણ પ્રકારનાં લૌકિક મૂલ્યાંકનો કર્યા વગર માત્ર ને માત્ર નજર પોતાના ગુરુ ગુણાતીત તરફ અને એમણે જે આજ્ઞા કરી

છે તે આજ્ઞા તરફ જ રાખી છે. તેઓ એ વાત આપણને શિખવાડે છે કે, વર્તમાનકાળે આપણે પણ આપણા શિષ્યત્વને જો દીપાવવું હોય તો આપણા ગુરુ તરફ દૃષ્ટિ રાખીને, ગુરુના વચનને અદ્ધર ઝીલી લઈને, આપણે એમની આજ્ઞામાં જીવવું એ સાચું દાસત્વપણું છે, સાચું શિષ્યપણું છે.

ભગતજી મહારાજે કૂતરું તાણ્યું, તેઓ ગિરનારને બોલાવવા ગયા, એ પ્રસંગો આપણે જાણીએ છીએ. અને આપણા જીવનમાં પણ એ જ પ્રકારની આજ્ઞા આપે કે, 'ગિરનારને બોલાવી લાવો' તો ભગતજી મહારાજના જીવનચરિત્રના વાંચન ઉપરથી શીખી ગયા છીએ કે, ગિરનારને મારે જઈને કહેવાનું કે, 'મારા ગુરુ તમને બોલાવે છે' એ આવે તો એ સન્મુખ અને ના આવે તો એ વિમુખ ! ગુરુના વચને ભગતજી ગિરનારને તેડી લાવવા જાય છે અને ત્યારે આજુબાજુવાળા પાછા એમ કહે છે કે, 'ગુરુ તો કહે કે, ગિરનારને બોલાવી લાવો; પણ, ચેલોય મૂરખ છે કે ગિરનારને બોલાવવા માટે જાય છે.'

આપણા જીવનમાં પણ આવા પ્રસંગો બને છે. અને ત્યારે કહેવાતો સત્સંગનો કુસંગ-અન્ય લોકોની વાત સાંભળીને આપણને આપણા ગુરુના વચનમાં અવિશ્વાસ આવી જાય છે, અશ્રદ્ધા આવી જાય છે, આશંકા આવી જાય છે કે, 'હા, સાચી વાત છે. અને એ તો સાધુ રહ્યા, સાધુને શું ખબર પડે ? સંસારમાં કેમ ચાલે છે એ તો અમને ખબર છે.' એવાં લૌકિક મૂલ્યાંકનો લગાડીને આપણે આ અલૌકિક આધ્યાત્મિક પુરુષને આપણાં ત્રાજવાંથી માપવાનો પ્રયત્ન કરીએ છીએ. ભગતજી મહારાજની મોટપ એ છે કે એમણે એ ત્રાજવાં જ રાખ્યાં નહોતાં, એટલે ગુણાતીતના વચનને માપવાનો સવાલ જ નહોતો. આપણે આપણા ગુરુહરિને પ્રગટ ગુણાતીત સંત કહીએ છીએ, ગુણાતીત સ્વરૂપ કહીએ છીએ; પણ, હજુ આપણે તેમને આપણાં ત્રાજવાંથી માપીએ છીએ અને આપણી બુદ્ધિના ચોકઠામાં બેસે એટલું જ આપણે કબૂલ કરીએ છીએ. એટલે આપણે વર્ષોવર્ષ ભગતજી મહારાજનો જન્મદિવસ ઊજવવો આવશ્યક છે કે જેથી કાંઈક શીખીએ.

ભગતજી મહારાજને ગુરુ બનાવીને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો અદ્‌ભુત માર્ગ આપણા માટે સુલભ કરી આપ્યો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે એને બહુજન સમાજ માટે સુલભ બનાવ્યો. અને વર્તમાન સમયમાં એટલે મારા-તમારા-આપણા સમયમાં કાકાજી, પપ્પાજી, સ્વામીજી અને સાહેબદાદાએ એને જીવીને બતાવ્યો ને તેઓ એ અવસ્થાને પામી ગયા.

આજે ભગતજી મહારાજનો જન્મ દિવસ ઊજવીએ છીએ, ત્યારે એની સાથે સાથે એક અદ્‌ભુત સ્મૃતિ હમણાં જ આપણા વડોદરા, વેમાર અને અંકલેશ્વર મંડળના ભક્તોએ વડોદરાની અંદર શ્રી સ્વામિનારાયણ ભગવાન અને આપણા ઈષ્ટદેવની મૂર્તિઓની સાથે ભગતજી મહારાજની સુંદર પ્રતિમાનું સ્થાપન કરીને ભગતજી મહારાજની પ્રસાદીની એ જગ્યા ઉપર 'ભગતજી તીર્થ' રચ્યું છે, એની વાત કરું. ૧૯૬૫ની ૪થી ફેબ્રુઆરીએ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જશુભાઈને એમ કહે છે કે, 'આ ભગતજી મહારાજની પ્રસાદીની જગ્યા છે.' બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને એ જગ્યા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બતાવી છે કે, 'ભગતજી મહારાજ અહીંયાં રાત્રિમુકામ કરતા.' ગોપાળાનંદ સ્વામી જ્યારે અષ્ટાંગયોગની સાધના કરવા માટે નજીકના ગામમાં નિવાસ કરીને રહ્યા હતા, ત્યારે એમનાં દર્શન-સમાગમ માટે તેઓ આવતા. કલાલી નામનું ગામ અટલાદરાની પાસે છે, જે ભગતજી મહારાજની પ્રસાદીનું, ગોપાળાનંદ સ્વામીની પ્રસાદીનું તીર્થસ્થાન છે, ત્યાં ભગતજી મહારાજ તેમનાં દર્શને આવતા અને ત્યારે ત્યાં રાત્રિમુકામ કરતા. ગુણાતીત પરંપરાના વારસ સ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ચીંધેલી, અને યોગીજી મહારાજે ત્યાં દંડવત્ પ્રણામ કરીને એ પ્રસાદીની જગ્યાનું માહાત્મ્ય યુવાન જશુભાઈને સમજાવ્યું, બતાવ્યું અને આજ્ઞા કરી કે, 'આ જગ્યા ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદ પધરાવીને 'ઓટો' કરજો.' ત્યાં ઓટા પર શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદની સ્થાપના કરી. 'ઓટા'માંથી 'છત્રી' થઈ અને 'છત્રી'માંથી 'તીર્થ' થયું. તે વાતને આજે ૬૦ વર્ષ પૂરાં થાય છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે જશુભાઈને આજ્ઞા કરી કે, 'આ જગ્યા પ્રસાદીની છે.' અને પોતાના હાથે બાંધેલી નાડાછડી છોડીને જશુભાઈને પ્રસન્નતાના આશીર્વાદ સ્વરૂપે આપીને એમ કહ્યું કે, 'આપની સાથે રાખજો.'

આપણી રીતે વિચાર કરીએ તો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ભગતજી મહારાજના પ્રસાદીના સ્થાન પર ઓટો બનાવીને ચરણારવિંદ પધરાવવાની આજ્ઞા કરે છે ત્યારે 'કોણ કરશે ?', 'કેવી રીતે થશે ?', 'શું કરીશું ?' મારી-તમારી-આપણી બુદ્ધિમાં આવા સવાલો ઊભા થાય છે. ગુરુહરિ સાહેબદાદાએ જ આનો ઉત્તર આપ્યો છે. જશુભાઈ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાને ભૂલ્યા નથી. એક દિવસ સમય કાઢીને પોતાના સાથીદારોને સાથે લઈને એ પ્રસાદીની જગ્યાએ કેવી રીતે ઓટો થાય એ જોવા માટે જાય છે.

જશુભાઈને યોગીબાપાએ ૧૯૫૭માં આજ્ઞા કરી હતી કે, 'આપણે કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓની અઠવાડિક સત્સંગસભા શરૂ કરો.' ત્યારે જશુભાઈની પોતાની ઉંમર ૧૭ વર્ષની હતી. હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કરી કૉલેજમાં અભ્યાસ કરવા માટે આવ્યા હતા. સત્સંગી વિદ્યાર્થીઓ સત્સંગના માધ્યમથી વ્યસન અને કુસંગથી બચી જાય એવી દૂરદૃષ્ટિવાળા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ આ એક યુવાનને પસંદ કરીને અઠવાડિક સત્સંગસભા શરૂ કરવાની આજ્ઞા કરે છે. જેમ ભગતજી મહારાજે ગુરુ ગુણાતીતની આજ્ઞાઓ નિઃશંક થઈને પાળવાની તત્પરતા રાખી અને એના માટે પોતાનું સમગ્રપણું હોમી દેવાનો ભાવ રાખ્યો; એવા ભાવથી

જશુભાઈએ પણ યોગીજી મહારાજની આજ્ઞાઓનું પાલન કરવા માટે પોતાની અક્કલ, બુદ્ધિ અને આજુબાજુના મિત્રોની ટકોર કે 'કૉલેજમાં આવ્યા છીએ ત્યારે ફરવાનું હોય, ખાવા-પીવાનું હોય, મોજ-શોખ કરવાનાં હોય, એમાં સત્સંગ અને ભક્તિ કેમની કરવાની?' તે અવગણીને; પણ, એમણે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાને શિરોમાન્ય કરીને ચાર સત્સંગી યુવાનોના સહયોગથી અઠવાડિક સત્સંગસભા શરૂ કરી. ધીરે ધીરે ૪૦૦ યુવાનો અઠવાડિક સત્સંગસભામાં આવતા થયા એ વલ્લભવિદ્યાનગરનો ઇતિહાસ છે, ગુરુસભાનો ઇતિહાસ છે. વિદ્યાર્થી જીવન દરમિયાન અઠવાડિક સત્સંગસભામાં–ગુરુસભામાં હાજરી આપતાં આપતાં જીવન ઘડતરના પાઠ ભણ્યા એવા કેટલાય યુવાનો આજે વ્રતધારી સંતો તરીકે કે યુવા ગૃહસ્થો તરીકે ગુણાતીત સમાજમાં સમર્પિત થઈને સેવા આપી રહ્યા છે ને તેઓ સત્સંગનો પાયો છે. વ્યસન અને કુસંગ રહિતના જીવનનો પાયો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે નાખી આપ્યો એ આજ્ઞાનું પાલન જશુભાઈએ અઠવાડિક સત્સંગસભાના માધ્યમ દ્વારા કર્યું.

વિદ્યાર્થી જીવન દરમિયાન એ સભામાં આવતા ને વલ્લભવિદ્યાનગરમાં ભણીને ઍન્જિનિયર થયેલા ને પછી મોટા કૉન્ટ્રાક્ટર બનેલા એવા એક આદરણીય કાંતિભાઈ પટેલ. જશુભાઈ વડોદરા પહોંચ્યા ત્યારે કાંતિભાઈ પટેલ ત્યાં રોડ ઉપર ઊભા રહેલા મળ્યા. જશુભાઈએ એમને પૂછ્યું કે, 'આપ અહીંયાં ક્યાંથી ?' તો તેઓ કહે, 'આ ગુજરાત ઇલેક્ટ્રિસિટી બૉર્ડનાં સ્ટાફ ક્વાર્ટર્સ બાંધવાનો મારો કૉન્ટ્રાક્ટ છે અને એ સાઈટ ઉપર હું આવ્યો છું.' સાહેબદાદા કહે કે, 'મને અહીંયાં યોગીબાપાએ ઓટો કરવાની આજ્ઞા કરી છે, તો તમે ઈંટો, રેતી, સિમેન્ટની વ્યવસ્થા જો કરી આપો તો અહીંયાં પ્રસાદીનો ઓટો થઈ જાય. એનો ખર્ચ અમે આપીશું.' તો કાંતિભાઈ એમ કહે છે કે, 'ખર્ચની ક્યાં વાત કરો છો, અહીં ઓટો હું જ બનાવી દઈશ અને તમે ચરણારવિંદ લાવજો આપણે એને અહીં પધરાવી દઈશું.'

ભગતજી મહારાજને પણ ગુરુના વચનમાં આ જ શ્રદ્ધા હતી, આ જ વિશ્વાસ હતો. જશુભાઈને પણ ગુરુના વચનમાં આ જ શ્રદ્ધા હતી ને આ જ વિશ્વાસ હતો. બાકી M.Sc.નો અભ્યાસ કરતો વિદ્યાર્થી છે કે અટલાદરા રોડ ઉપર આવેલી જગ્યા ઉપર ઈંટો, રેતી, સિમેન્ટ, કડિયા, મજૂર વગર ઓટો કેવી રીતે કરી શકે ? પણ ગુરુની આજ્ઞા પાળવાનો જો હૃદયનો સાચો ભાવ રાખ્યો હોય, તો ત્યાં મહિમા છે કે, કોની આજ્ઞા છે ? તો પછી બાકીનું બધું ગોઠવી દેનારા તો તેઓ જ છે. યોગીજી મહારાજની પ્રેરણાથી જ કાંતિભાઈ કૉન્ટ્રાક્ટર એ જ સમયે ત્યાં રોડ ઉપર હાજર છે કે જ્યારે જશુભાઈ ઓટો બનાવવાની જગ્યા જોવા માટે જાય છે. આ કોઈ ચમત્કાર નથી, આ યોગાનુયોગ નથી, આ ઈશ્વરીય ગોઠવણ જ છે ! હું અને તમે તો માધ્યમ બનીએ છીએ, નિમિત્ત બનીએ છીએ. આજ્ઞા પાળવાનું આપણે એક અનુસંધાન ને રુચિ જ રાખવાની છે. આ શિક્ષણ ભગતજી મહારાજે આપ્યું. આ શિક્ષણ જશુભાઈએ પણ આપણને વર્તમાન સમયમાં આપ્યું છે અને એ પછી તો એવી અનેક આજ્ઞાઓ આવી છે. તિલક-ચાંદલો કરવાની પણ યોગીબાપાએ આજ્ઞા કરી હતી. તિલક-ચાંદલો કરીએ તો લોકો 'ભગત' કહે. ભગતજી મહારાજનું 'પ્રાગજી ભગત' નામ પડ્યું. એમ, જશુભાઈનો વલ્લભવિદ્યાનગરમાં 'જશભાઈ ભગત' તરીકે સિક્કો પડતો અને તે વખતે અમે બધા એ સેનામાં જોડાઈ ગયેલા, એ અમારા જીવનનો ઇતિહાસ છે. એટલે 'ભગત' થવું બહુ આવશ્યક છે. અહીં બેઠેલા સર્વે સત્સંગી ભક્તોને ભગતજી મહારાજના જીવન પરથી ને ગુરુહરિ સાહેબદાદાના જીવન ઉપરથી હું નમ્ર વિનંતી કરું છું કે, તમે પણ જો તિલક-ચાંદલો કરી શકતા હો તો કરજો.

ગુરુહરિ સાહેબદાદાના પેંગડામાં, ભગતજી મહારાજના પેંગડામાં આપણે પગ મૂકી શકવાના નથી. ગુરુહરિ સાહેબદાદાના જીવન અને કવનમાં આપણે એમનાં ગાણાં ગાઈ શકીશું, પણ એમને નજર સમક્ષ રાખીને આપણે ભગતજી મહારાજની સાક્ષીએ આજે રૂડો સંકલ્પ કરીને પાકું કરવાનું છે કે, થઈ શકે એટલી આજ્ઞાનું તો અમે પાલન કરીએ.

સાહેબદાદાએ આપણને અઠવાડિક સત્સંગસભાની આજ્ઞા કરી. કારણ કે, એમને પોતાને એમના ગુરુએ અઠવાડિક સત્સંગસભાની આજ્ઞા કરી હતી. તો તેઓ આપણને બીજું કશું કહેતા નથી. 'જે માર્ગે ચાલવાથી મારા ઉપર મારા ગુરુની પ્રસન્નતા અને આશીર્વાદ વરસ્યાં એમ તમારે પણ જો એવાં આશીર્વાદ અને પ્રસન્નતા પ્રાપ્ત કરવાં હોય તો અઠવાડિક સત્સંગસભા નિયમિત કરવી.' સાહેબદાદાએ કહ્યું, 'ના થતી હોય તો આપણે ત્યાંથી શરૂ કરવી, આપણે પોતે શરૂ કરવી, આપણા પરિવાર સાથે શરૂ કરવી.' નિયમિત રીતે અડધો કલાકની ધૂન કરવી. કોઈનાય અભાવ, અવગુણ, ખટપટ, માથાકૂટમાં પડીને મેળવેલું પુણ્ય ગુમાવી દેવું નહીં. અને પોતાની આવકનો ચોખ્ખો ધર્માદો શ્રી ગુરુની આજ્ઞા પ્રમાણે ધર્મકાર્ય માટે કરવો. આવી આજ્ઞાઓ એમણે આપણને કરી છે.

ભગતજી મહારાજને એમના ગુરુએ શી આજ્ઞાઓ કરી હતી, એનું પારાયણ કરવાનો સમય વીતી ગયો છે, પણ મારા સમયમાં, મારા ગુરુએ મને શું આજ્ઞા કરી છે એનું પાલન કરવાનો વર્તમાન સમય છે, હાજર વર્તમાનકાળ છે; અને એ રીતે આપણે ભગતજી મહારાજને દિવ્ય અંજલિ અર્પણ કરવાની છે. ભગતજી મહારાજના પ્રાગટ્યપર્વે આપણે પ્રગટ ગુરુહરિ સાહેબદાદાનાં શ્રીચરણોમાં પ્રાર્થના કરીએ કે, અમે સાચા શિષ્ય બનીએ, અમે સાચા સેવક બનીએ, અમે સાચા ભક્ત બનીએ ! અને જે કંઈ પણ કરીએ તે અમારા પોતાના જીવના રૂડા ને કલ્યાણને માટે કરીએ છીએ એવા ભાવથી કરીએ – તેવા રૂડા આશીર્વાદ આપો એવી મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

# Parent's Pure Love : A Sacred Gift for Children

~ Saheli Sheth (Peoria, USA)

"**Dobi** [fool]," an older adult mockingly called me, assuming I didn't know how to cook. My brain quickly scanned whether the tone was joking or harmful. It sounded harmful.

Next, my heart registered an immediate emotional reaction: "*Ouch, that hurt*." My mind would have made its way to remember *nirdoshbuddhi* and all the spiritual lessons I've been taught for moments like this - but before I could get there, I was surprised by how my mind naturally responded to the pain.

My mind told me: "*You didn't deserve that. Neither your guru nor your parents have ever called you a disrespectful name.* ***What was said to you didn't come from a place of love, and so it wasn't meant for you."***

I walked away from that interaction with a smile, unaffected. Why? For years, my parents have been pouring love into me, so hearing anything that wasn't loving felt so intuitively wrong to me. It was natural for me to let go of anything that didn't come from a place of respect. **When you give your kids healthy love, they will reject anything that's not healthy.**

Sant Bhagwant Sahebdada has also said: "If someone calls us a donkey, does that make it true? Does that mean we grow ears or a tail? **When we react to it or feel upset by it, that means we've accepted the words that were said.**"

My parents have shown me **what love is**, so now I recognize what love isn't. When others raise their voice at me or treat me with disrespect, the alarm bells in my mind go off. I know that if the very people who raised me and saw me at my worst still treat me with love, then **the God within me would not want me to accept anything less.**

In the same way, God and my guru have modeled a high standard for love. Several years ago, as impulsive teenagers, a couple of *satsangi* friends and I were given the seva of transporting Sadguru Sant PP Shantidada to another town. During that night's hour-long drive, construction blocked the dimly lit roads, forcing us to take a detour, and eventually we became lost. Imagine three newly licensed teenagers and a Sadguru Sant! One can picture the sheer panic of the adults at home, anxiously waiting and possibly regretting their decision to leave their beloved Shantidada in our company.

When we finally reached our destination, Shantidada came to our rescue. He spoke of the glory of taking the scenic route and spending extra time with us. Though any well-intentioned adult might have been upset with our mishap, Shantidada treated us with the same love that he always has.

**He didn't have to**. He could've blamed us for getting lost. He could've thought we were irresponsible teenagers. But instead, Shantidada stayed true to his values of seeing everyone as divine and flawless. He recognized God was working through us even in that moment, and with that awareness, He showered us with immense love.

Love is not calling others names or raising our voices at them. It's not criticizing them for their mistakes. It's not comparing people to others or wishing they would be different. I know this because my guru has treated me with love.

What is my guru's love? Love is seeing the strengths in others. It's speaking with sweet words that soothe the soul. It's patience and grace when inevitable mistakes are made. It's loving the other person as they are.

May we follow the examples our guru has set for us. They have given us a template of healthy, boundless love. Because we have such a pure blueprint of what love is, we can recognize what love isn't.

May we give our children and loved ones this same sacred gift: When we show them what love looks like at home, this shields them from unhealthy friendships and relationships outside the home. From then on, they will only seek pure love, ultimately spreading it throughout this world. ◆

# મારા જીવનમાં સત્સંગનું પ્રદાન

~ હિરેન મોદી (અમદાવાદ)

'હું હું ના રહ્યો, મારું જીવન મારું ના રહ્યું...'

વાત છે લગભગ ૧૧-૧૨ વર્ષ પહેલાંની. મહિનાનો છેલ્લો રવિવાર હતો. તે સાંજે સંગીતા ભજનસંધ્યામાં લગભગ ૪:૦૦ કે ૪:૩૦ વાગ્યે જવાની હતી. મનથી ઇચ્છા ના હોવા છતાં જવું પડશે તેવું હું અનુભવતો જ હતો. મેં નક્કી કરી રાખ્યું હતું કે, તે વહેલી જશે અને હું લગભગ ૬:૩૦ કે ૭:૦૦ વાગ્યા દરમિયાન પહોંચીશ. લગભગ તે સમયે બોરિંગ ભજનો પૂરાં થઈ ગયાં હોય અને સાહેબદાદા અથવા અશ્વિનદાદા અથવા શાંતિદાદા કંઈક સમજદારીવાળી વાતો કરતા હશે તે સાંભળી પછીથી જમીને ઘરે આવીશ. અજાણ્યા લોકો સાથે હસતું મોઢું રાખી મળવું પડશે એટલે મને ખૂબ કંટાળો આવતો હતો.

આમ તો સંગીતા અને રાજવીને કારણે હું પણ સત્સંગમાં હતો એવું કહેવાય. પરંતુ ભગવાન અને સંત મારા જીવનની તાર્કિક સમજણમાં કોઈ અસ્તિત્વ ધરાવતા ન હતા. ક્યારેય ટાળવાનું બહાનું ન મળ્યું એટલે ભજનસંધ્યામાં મારા સમયે, મારી રીતે જતો. સભા પતે એટલે તરત જમી લેવાનું અને પછી નીકળવાની ઉતાવળ. પણ સંગીતાને હજુ બધાંને મળવું હોય અને નિરર્થક ટોળટપ્પા કરવા હોય. મારો ચહેરો ફૂલી જાય અને છેવટે તેને કહું કે, 'ચાલો હવે બહુ થયું.' બીકમાં કે ખચકાતાં પણ એનું પતાવી મારી સાથે ગાડીમાં બેસી અમે પાછાં ઘરે આવતાં. ઘણા સમય માટે વાતાવરણ ભારે રહેતું. સાચું કહું તો મેં પણ સત્સંગમાં જોડાવાનો પ્રયત્ન કર્યો હતો. એકવાર એન. આર.દાદાને ત્યાં સભામાં ગયો હતો અને એ અહેસાસ લઈને પાછો આવ્યો હતો કે, જાણે ક્યાંક ફસાઈ ગયો.

એમાંય એક ઘટનાક્રમ કાયમ ઘટતો. જ્યારે પણ આવી કોઈ પણ સભામાં જાઉં ત્યારે એ જ દેખાતું હતું કે, આ લોકો કેટલા લાપરવાહ છે. મહેમાનો આવે તે પહેલાં બધી વ્યવસ્થાઓ કેમ પૂરી નહીં કરતા હોય. લાઈન દોરી મારીને ખુરશીઓ ગોઠવવી જોઈએ, જમવાનું થોડું પૌષ્ટિક તો હોવું જોઈએ, હર વખત પૂરી જ ખાવાની ? આવા કેટલા બધા વિચારોનાં વમળ ઊઠતાં. પૂરો સમય આવાં નિરર્થક મૂલ્યાંકનો કરતો રહેતો. કોની ક્યાં ભૂલ છે, કરનાર હજુ વધુ સારી રીતે કરી શકતા હતા વગેરે વિચારોમાં જ ગળાડૂબ રહેતો.

મનમાં જ્યારે આવાં વમળોનો ધસારો વહેતો હોય, તો કાન થોડા સાંભળી શકે ? જે સાંભળ્યું તેનું પણ મનના નિર્ણયોને પ્રમાણિત થાય તેવી રીતે અર્થઘટન કરતો અને મારાં અર્થઘટનોને વાસ્તવિકતા માની વર્તતો. આવી બધી પ્રક્રિયાઓ અને અનુભૂતિઓ સાથે પણ કોણ જાણે કેમ, મારું સત્સંગમાં જવાનું ધીરે ધીરે વધતું ગયું. સામાન્ય રીતે આવું બને નહીં ! કોઈ તર્ક નહતો અને ખબર નહીં કેમ તર્ક પામવાનો વિચાર પણ નહોતો આવ્યો.

ધીરે ધીરે મોગરી જવાનું ચાલુ થયું. સંગીતાને જવું હોય એટલે લઈ જતો અને હું એવું જ માનતો કે એને જવું છે એટલે જ લઈ જાઉં છું. બાકી મને ત્યાં પણ મંદિર કે ઠાકોરજીમાં કોઈ જ રસ નહીં. હા, સાહેબદાદા સાંજે પૉર્ચની બહાર બેઠા હોય અને આનંદ અને હાસ્યની છોળો ઊડતી હોય, સેવકો અને અન્ય ભક્તો, સંતો વિનમ્ર સ્વભાવના એટલે એ બધું સારું લાગતું. પણ મજા કરી રાત્રે તો ઘરે જ પાછા આવવાનું. ક્યારેક મઝા ન આવતી તો ઉતાવળ કરી કે કરાવી વહેલા પરત ફરતાં.

૨-૩ વર્ષ આ ક્રમ ચાલ્યો. એક દિવસ પંકજભાઈની ઑફિસમાં રતિકાકા, દિલીપભાઈ અને પંકજભાઈની સાથે બેઠાં હતાં. ત્યારે દિલીપભાઈએ મને પૂછ્યું કે, 'શું કામ કરો છો ?' થોડી ઘણી વાત કરી તો આ ત્રણેય સંતોએ કુતૂહલ દર્શાવ્યું. હવે તો પોતાની બડાશ દિલ ખોલીને મારી, અને સારું પણ લાગ્યું.

પછી એક વખત, ખબર નહીં કેમ પણ સાહેબદાદાએ મને કહ્યું કે, 'આપણા આઈ.ટી.સી.ના સ્ટાફ માટે કોઈ ટ્રેનિંગ કરો. સમાજસેવાની ખેંચ તો હતી જ, એટલે તરત હા પાડી. આઈ.ટી.સી.માં દિવ્યેશભાઈને મળવાનું થયું. મને લાગ્યું કે, તેઓ ઉત્સાહપૂર્વક આટલા મોટા ટ્રેઈનરનો લાભ લેવા તત્પર હતા. બીજું બધું ઠીક, પણ સમાજ માટે કંઈક કરવાની તક હું ચૂકતો ન હતો. મને તેનું મૂલ્ય વર્તાતું. કામ કરવાનું નક્કી કરી, આપણી વૈશ્વિક છટાથી ટ્રેનિંગ શરૂ કરી. તે દરમિયાન કોઈ પણ સંતોનો કોઈ પણ પ્રકારનો મહિમા નહતો. સ્ટાફની સામે દિવ્યેશભાઈની ભૂલો અને ખામીઓ ઉઘાડી પાડતો. હું કહું છું તેમ તેઓ કરીને સુધારો લાવી શકે છે તેવું લાગતું. અને સાચે જ તેઓ મારી વાત સાંભળી આચરણમાં લાવતા ગયા. આ પ્રક્રિયા ૩ વર્ષ ચાલી. દર મહિને જઈ ૨ દિવસ કોચિંગ કરી પરત ફરતો. સંગીતા પણ મારી સાથે જ કોચિંગ કરતી. આ સમયગાળા દરમિયાન દિવ્યેશભાઈ મને કહેતા આવ્યા કે, 'તમે સવારે પૂજા કરવાનું શરૂ કરો ! તમારા માટે તે ભગવાન સાથે સીધા સંપર્કનું કારણ થઈ જશે.' પણ તે વાત મનને માનવામાં ૩ વર્ષ લાગ્યાં.

ના જાણે કેમ એક દિવસ પ્રેરણા થઈ અને સંગીતાને કહ્યું તે અશ્વિનદાદાને વાત કરે કે, મારે પૂજા જોઈએ છે. તેઓએ અમને મોગરી આવવા રજા આપી અને અમે તે જ દિવસે પહોંચી ગયાં. મને પૂજા આપતી વખતે તેઓએ પૂજા કરવાની રીત પણ શીખવી અને કહ્યું કે, 'પૂજામાં રોજ ૧૧ માળા કરવી.' બીજા દિવસે સવારે કચવાતા મને પૂજા કરવા બેઠો ત્યાર સુધી સતત એ જ વિચાર ચાલ્યો કે ૧૧ માળા કેવી રીતે થશે ? કેટલો બધો સમય જશે અને સવારે વળી દોડધામ કેટલી ! આ પહેલાં માળા ક્યારેય હાથમાં પકડી જ નહોતી. પણ જ્યારે જ્યારે પૂજા કરવા બેઠો ત્યારે ગુરુકૃપાથી ભજનો ગાવાનાં ચાલુ થઈ ગયાં. ધૂન અને માળા ચાલ્યાં કર્યાં અને સાહેબદાદા, અશ્વિનદાદા અને શાંતિદાદાની સ્મૃતિઓ મારા અંતરપટમાં ફિલ્મની રિલની જેમ ચાલવા લાગી. પૂજા લગભગ દોઢ કલાક ચાલી. ત્યારથી આજ દિન સુધી ક્યારેય પણ આ ગુરુઆજ્ઞા નથી ચૂક્યો અને અનેક વખત આ પૂજા એક કલાક ઉપર ચાલતી હોય છે. ભજનો ગમવા માંડ્યાં. ભજન ગાતાં શીખવા માંડ્યો, મસ્તી આવી ગઈ. સાહેબદાદા જે કહેતા તે આજ્ઞા તરીકે સંભળાવા માંડી. આટલાં વર્ષોથી અઠવાડિક સત્સંગસભાનો મહિમા ગાતા રહ્યા, ગરજુ બનીને આજ્ઞા કરતા ગયા પણ આજે એ વાત અંદર ઊતરી. કદાચ આત્મા જાગૃત થવા લાગ્યો હશે. અઠવાડિક સત્સંગસભા નિયમિત ભરવા માંડ્યો. હવે તો સમય પહેલાં પહોંચું અને પૂર્ણાહુતિ પછી જ નીકળું. કામના લીધે સુરત અવારનવાર મુસાફરી રહેતી ત્યારે અમદાવાદની સભા ચૂકતો, પણ પછીથી સુરતમાં સભામાં ભાગ લેવા માંડ્યો.

પહેલાંના હિરેનનો પ્રશ્ન હોય-'તો શું થયું ? જીવનમાં શો ફેર પડ્યો ?'

પહેલાં અમદાવાદની અઠવાડિક સભામાં જતો ત્યારે કાર્યકર્તાઓ અને આયોજકોમાં કેટલી કસરો છે તે જ દેખાતું. કોઈ પ્રવચન આપતું હોય તો તેમાં તેને માપતો રહેતો. સભા-સમૈયામાં જતો પણ આનંદ નહતો. પણ સાહેબજી મહારાજ અને ગુરુહરિએ અમુક પ્રસંગો મૂકીને નિષ્ઠા દઢ કરાવી હતી એટલે લાગેલો રહ્યો. મારાં વિચાર, વાણી અને વર્તન તો હજી પહેલાંના દોષ-શોધક હિરેનનાં જ હતાં. મોગરીમાં મૂર્તિપ્રતિષ્ઠાના મહોત્સવ વખતે એકવાર અશ્વિનદાદાએ કૃપા કરી એક વાત કરી હતી : આપણાં વિચાર, વાણી અને વર્તન હંમેશાં સંલગ્ન હોય. જે મનના વિચારમાં હોય, તે જ વાણી અને વર્તનમાં આવે. આ વાત સમજાઈ ગઈ અને માનસિક નોંધ લઈ લીધી.

અઠવાડિક સભાઓમાં, સમૈયામાં અને અન્ય સેવાઓ દરમિયાન આ વાતનો નિદિધ્યાસ થતો રહ્યો. અને આજે હું સભામાં જાઉં, કે સમૈયામાં જાઉં કે અન્યો સાથે કોઈક સેવામાં હોઉં ત્યારે અનુભવું છું કે, મારી દૃષ્ટિ ફરી ગઈ. હવે એ જ સ્વયંસેવકો કેટલા મોટા દેખાય છે. આ યુવાનો અને યુવતીઓએ આખો દિવસ પોતાના વ્યવસાયોમાં દોડધામ કરી હોય અને રાત્રે અહીં આવી નિષ્કામ થઈ સેવાઓ અર્પણ કરે છે. સહુની વ્યવસ્થાનું ધ્યાન રાખે છે. તેઓ સેવા-ભક્તિનો માહોલ ઊભો કરી રહ્યાં છે, જેમાં મારા જેવાને સંતનો, ગુરુનો, પ્રગટ સંતભગવંત સાહેબજીનો અને શ્રી ઠાકોરજીનો સંબંધ મળે છે. ધન્ય છે તેઓની ભક્તિને ! ધન્ય છે સાહેબજી મહારાજને, ધન્ય છે ગુરુહરિને, ધન્ય છે સાહેબજીના સર્વે સંતોને !

આ ઉપરાંત શો ફેર પડ્યો ?

મારાં પરિવારજનો સાહેબનાં મનાવાં માંડ્યાં. સંપ અને સુહૃદભાવની ભાવનાનો ઉદ્‌ભવ થયો. આસપાસ દિવ્યતા દેખાવા માંડી. મારાં વિચાર, વાણી અને વર્તન રૂપાંતરિત થયાં. અહંકાર નિમ્ન થતો ગયો, કૃતજ્ઞતાનો ઉદય થતો ગયો. સાહેબ જીવનનું સૅન્ટર બનતા ગયા. દિવ્ય આશરો મળ્યો. મનનો ઉચાટ ટળી ગયો અને શાંતિ સ્થાપિત થઈ. આપણા સત્સંગનો મહિમા શબ્દોમાં કંડારવો તો મને અશક્ય લાગે છે. પ્રસંગોનો સાર લખવા જાઉં તો પાર આવે તેવો નથી.

પણ આપણે અચૂક હિસાબ માંડવો જોઈએ ! સત્સંગમાં આવ્યો ત્યારે મારા જીવનની શી પ્રાથમિકતાઓ હતી અને આજે શું છે ? પહેલાં શી અનુભૂતિઓ હતી અને આજે શું છે ? મને તો આ સત્સંગ ના મળ્યો હોત તો હજુ પણ જન્મ-મરણના ચકરાવાના ચક્રવ્યૂહમાં જ ગૂંચવાયેલો હોત અને તેની મને ખબર પણ ના પડત. જીવન કેવું હોત ?

LIFE IS FULL OF SOUND AND FURY SIGNIFYING NOTHING!!!

એ જ જીવનને ભગવાનની દિવ્યતાની ચાદર ઓઢાડી હોય તો જીવન સાર્થક જણાય. તો ચાલો ! કૃતજ્ઞતા અને ધન્યતાના અહેસાસ સાથે જિંદગી જીવીએ ! મનોજદાસજી જે પરમ આનંદની વાત આપણને કરે છે તેમાં જીવતા થઈ જઈએ. આ આપણો સત્સંગ, આ આપણા સાહેબદાદા, આ આપણા સંતો અને આ આપણા સત્સંગીઓ સાથે જ જીવન રસબસ કરી દઈએ. ◆

## ॥ ગુરુની આજ્ઞાનો પ્રત્યુત્તર કેવળ 'હા, જી !' જ હોય ! ॥

~ સાધુ પૂજ્ય પંકજદાસજી (તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી)

આલોકમાં હોય કે પરલોકમાં - ગુરુ તેઓના શિષ્યને આજ્ઞા ત્યારે જ આપે છે, જ્યારે શિષ્યને ગુરુનો સ્વીકાર હોય. જ્યારે આપણે પરલોક સંબંધી થનાર પ્રાપ્તિનો વિચાર કરીએ છીએ ત્યારે એવા ગુણાતીત ગુરુની આજ્ઞાનું મૂલ્ય ઘણું છે. ગુરુ પ્રત્યેની નિષ્ઠા દઢ હોય, ગુરુનાં આચરણ માટે સર્વાંગી નિર્દોષભાવ હોય અને પ્રભુને અને ગુરુને રાજી કરવાની અદમ્ય ભાવના હોય ત્યારે જ ગુરુ શિષ્યને આજ્ઞા કરતા હોય છે.

ગુરુ શિષ્યને જ્યારે આજ્ઞા કરે છે તેની પાછળ તેઓને શું સ્વાર્થ હોય ? જો વિચારને પામીશું તો ખ્યાલ આવશે કે તેઓને અંગત કોઈ સ્વાર્થ નથી હોતો. આજ્ઞા કરવા પાછળ કોઈ કાર્ય કરાવી લેવાની કે કોઈ પદાર્થ પ્રાપ્ત કરવાની ભાવના નથી હોતી. પણ કેવળ શિષ્યના કલ્યાણની ભાવના રહેલી હોય છે.

શિષ્ય સત્યકામ જાબાલીને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાની ભાવના જાગી. ત્યારે તેઓ ગુરુ પાસે પહોંચીને પ્રાર્થના કરે છે કે, 'મારે ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરવું છે. મને બ્રહ્મવિદ્યા શિખવાડો.' ત્યારે ગુરુએ શિષ્ય સત્યકામની હૃદયની ભાવનાને વાંચી આશ્રમની એકસો ગાય આપીને આજ્ઞા કરી કે, 'સો ગાયની ચારસો ગાય થાય ત્યારે આશ્રમમાં પરત આવજે.'

શિષ્ય સત્યકામે સંશય ન કર્યો. માયિક બુદ્ધિ અને ગુરુ પ્રત્યે મનુષ્યભાવ લાવ્યા વગર ગુરુના આશીર્વાદને શિરે ધારી એકસો ગાય લઈને આશ્રમમાંથી પ્રસ્થાન કરે છે. સ્વાભાવિક છે કે એકસો ગાયનાં સર્વાંગી રીતે જતન કરવામાં ડગલે ને પગલે પ્રશ્નો આવે, વિઘ્નો આવે. પણ સત્યકામ ગુરુની સ્મૃતિ અને ગુરુના બળે માર્ગમાં આવતાં વિઘ્નોને દૂર કરે છે, પ્રશ્નોના ઉકેલ લાવે છે અને નિત્ય પ્રત્યે નવા જ ઉમંગ સાથે ગુરુની આજ્ઞાનું અનુસંધાન રાખી તેઓની યાત્રા ચાલુ રાખે છે. ગાયોની સંખ્યા વધતી જાય છે. જે દિવસની પ્રતીક્ષા હતી તે દિવસ આવી ગયો. એકસો ગાયની ચારસો ગાય થઈ ગઈ. એટલે ગુરુ આજ્ઞાને શિરે ધારી શિષ્ય સત્યકામ ચારસો ગાય લઈને આશ્રમમાં પ્રવેશ કરે છે. અંતર્યામીપણે ગુરુને શિષ્યની ચાલી રહેલ સાધનાનું અનુસંધાન સાથે સ્પષ્ટ દર્શન હોય છે.

ગુરુને સાધન એટલે કે ચારસો ગાય પ્રાપ્ત કર્યાની કોઈ ખુશી નથી. ગુરુની ખુશી એક જ છે કે, તેઓના શિષ્યે આજ્ઞાનું સારધાર પાલન કર્યું. આપણો માર્ગ સાધનનો નથી પણ કૃપાનો છે. આજ્ઞાપાલન કરવાથી ગુરુની કૃપા તત્કાળ વરસે છે. શિષ્ય સત્યકામના અંતરે બ્રહ્મવિદ્યાનો પ્રકાશ થાય છે. વેદ-ઉપનિષદની ઋચાઓ સહજભાવે તેઓના મુખમાંથી સરી પડે છે. ગુરુ જ્યારે શિષ્યને આજ્ઞા કરે છે ત્યારે ફક્ત શાબ્દિક આપ-લેની બાબત નથી થતી પણ કહેવાતા બે-ચાર શબ્દો કે બે-ચાર વાક્યોમાં બ્રહ્માંડ ભરાય તેટલી શક્તિ છુપાયેલી હોય છે. માટે ગુરુ આજ્ઞા કરે ત્યારે મારાથી નહિ પળાય તેવા નકારાત્મક વિચારે વિરોધ કરવાને બદલે ફક્ત 'જી' કહીને આજ્ઞાને શિરે ચઢાવી, સામાન્ય યત્ન કરવાથી વિશાળ ફલક ઉપર પ્રાપ્તિ સંભવે છે. કારણ, ગુરુની આજ્ઞામાં ન દેખાતી બુદ્ધિ, શક્તિ, તેજ, પ્રકાશ છુપાયેલ છે. ◆



# અજોડ ગુરુભક્તિસભર, ગુણભંડારી સંતવિભૂતિ યોગીજી મહારાજ

~ ગોસ્વામી વિશ્વા સુરેશગિરિ (B.A; SEM–04) યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી

*બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની શતાબ્દી પ્રસંગે સ્થપાયેલા યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી દ્વારા પ્રતિ વર્ષ અમૅરિકા સ્થિત અક્ષરમુક્તો પૂ. પ્રેરણાબહેન અને પૂ. મીનેશભાઈ પટેલના સૌજન્યથી 'યોગીજી મહારાજ જીવનદર્શન' વિષય ઉપર વિદ્યાર્થિનીઓ નિબંધલેખન કરે છે. આ વર્ષે જે નિબંધને પસંદ કરવામાં આવ્યા છે તેમાંના બે નિબંધોમાંથી પહેલો નિબંધ અત્રે યોગીજી મહારાજના પ્રાગટ્ય મંગલે પ્રકાશિત કરીએ છીએ. – તંત્રી*

**પરમ** આદરણીય, વિરલ વિભૂતિ, માન-અપમાનમાં એકતા ધરાવનારા, 'ભગવાન સૌનું ભલું કરો' અને 'ભગવાન ભજી લેવા'નો મંત્ર આપનાર, અજોડ ગુરુભક્તિ ધરાવનારા, સ્વયં સમર્પિત, સેવા કરનારા ગુણભંડારી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામિનારાયણ સંપ્રદાયના નિઃસ્પૃહી સંત હતા.

*** જન્મ-બાળપણ :**

જગતમાં 'યોગીજી મહારાજ' તરીકે પ્રતિષ્ઠિત થયેલા ઝીણાભાઈ ધારી શહેરના દેવચંદભાઈ અને પૂરીબાઈને ત્યાં સંવત ૧૯૪૬ની વૈશાખ વદ બારસ અર્થાત્ ૨૩ મે ૧૮૯૨માં જન્મ્યા હતા. બાળપણમાં તેઓ તેજસ્વી મુખવાળા, રૂપાળા, આકર્ષક હતા. તેમની માતા જ્યારે તેમને પોતાની સાથે કામ પર લઈ જતાં ત્યારે શાંતિથી પોતાનો અંગૂઠો ચૂસ્યા કરતા. સમય જતાં ઝીણાભાઈ નીડર, સ્પષ્ટવક્તા, સમયનો સદ્ઉપયોગ કરનાર, કાર્ય નૈતિકતાથી પાર પાડનાર આદર્શ વિદ્યાર્થી બને છે. તેઓને આધ્યાત્મિકતામાં ખૂબ રસ હતો; તેથી ધ્યાન કરવું, મંદિરનાં નિત્ય દર્શન અને સેવા જેવી પ્રવૃત્તિઓ તેઓ કરતા. મંદિરના પૂજારી અર્થાત્ તેમના કાકા ખરાબ સ્વાસ્થ્ય અને વૃદ્ધાવસ્થાને લીધે ઝીણાભાઈને મંદિર સંભાળવાની જવાબદારી સોંપે છે. ઝીણાભાઈ ખુશીથી દેવોને પ્રસાદ ધરવો, ફૂલોની માળા કરવી, મંદિર-મેદાનની સંભાળ રાખવી અને સાંજે બાળમિત્રોને બોલાવી ભજન-કીર્તન કરવા જેવી પ્રવૃત્તિઓ હોંશે-હોંશે કરતા. આમ, ઝીણાભાઈ પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા.

*** યાત્રા – પ્રેરક પરિબળો :**

ઝીણાભાઈએ સાતમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તેવા સમયે જૂનાગઢથી શ્રીકૃષ્ણચરણદાસ સ્વામીજી પોતાનું સંતમંડળ લઈને પધારે છે. ઝીણાભાઈ સંતોને પોતાના મંદિરમાં જોઈ ખૂબ રાજી થાય છે અને ભાવપૂર્વક સંતોની સેવા-સુશ્રૂષા કરે છે. તેમના નિઃસ્વાર્થ સેવાભાવથી શ્રીકૃષ્ણચરણદાસ સ્વામીજી પ્રસન્ન થાય છે. તેઓ એક દિવસ ઝીણાભાઈને બોલાવી પ્રશ્ન પૂછે છે કે : 'ઝીણા, સાધુ થઈશ ?' 'હા સ્વામી, સાધુ બનાવો તો વધુ સારું, મારી એ જ ઇચ્છા છે.' કહી પોતાની સંમતિ પ્રગટ કરે છે. ત્યારબાદ એક વર્ષ પછી માતા-પિતાના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કરી તેઓ જૂનાગઢમાં શ્રીકૃષ્ણચરણદાસ સ્વામીજી પાસે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરે છે. અહીં તેઓ પોતાના સેવાભાવ અને પુરુષાર્થથી ગુરુજીને પ્રસન્ન કરે છે. આમ, ઝીણાભાઈ સેવાભાવ ધરાવતા કાર્યશીલ સંત પુરુષ હતા.

ઝીણાભાઈએ સ્વપ્નમાં ઘણીવાર જાગાભક્તનાં દર્શન અને ઉપદેશો ગ્રહણ કર્યાં હતાં. તેમનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન રાજકોટમાં થાય છે. અને મનોમન તેમને પોતાના ગુરુ કરી લે છે.

ફરતાં-ફરતાં ઝીણાભાઈ સરધાર પાસેના હજડિયાળા ગામમાં આવી પહોંચે છે. બપોરના સમયે ગરાસિયા ભક્તો આવે છે તેથી તેમના આદર-સત્કાર માટે ઝીણાભાઈ ઊભા થાય છે ત્યારે તેમના પગની ઊર્ધ્વરેખા જોઈ ગરાસિયા ભક્ત કહે છે કે : 'આપના પગમાં તો ઊર્ધ્વરેખા છે, ઊર્ધ્વરેખાવાળા પુરુષો તો મહાન હોય છે. ઊર્ધ્વરેખાવાળા પુરુષ ભગવાનનું સ્વરૂપ કહેવાય.' આવાં વચનો જ્યારે ઝીણાભાઈ સાંભળે છે ત્યારે તેઓ પોતાના પગ ઢાંકી દે છે અને કહે છે કે : 'ના, હું તો માત્ર સેવક છું.' જેમાં તેમનો નિર્માની-નિર્મળભાવ જોવા મળે છે.

'સંવત ૧૯૬૭ ચૈત્ર સુદી તેરશ' અર્થાત ૧૧ એપ્રિલ, ૧૯૧૧ના દિવસે સવારે આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજે વડતાલધામમાં ખૂબ ધામધૂમથી ઝીણાભાઈને ત્યાગીની દીક્ષા આપી 'જ્ઞાનજીવનદાસજી' એવું નામ આપ્યું છે. જૂનાગઢના સંતો, હરિભક્તો તેમને 'યોગીજી' કહીને અને તેમના ગુરુ શ્રીકૃષ્ણચરણદાસજી 'જ્ઞાનજી સ્વામી' કહીને બોલાવતા. ત્યારબાદ યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની પ્રવર્તમાન શાખામાં જોડાય છે. શ્રીકૃષ્ણચરણદાસજી પોતાના અંતિમ સમયમાં યોગીજીને આશીર્વાદ પ્રદાન કરી વિદાય લે છે.

*** વ્યક્તિત્વ :**

યોગીજી મહારાજ સાચા અર્થમાં તપસ્વી સાધક હતા. સેવા અને સાદગીપ્રિય યોગીજી હંમેશાં જાડાં કપડાં પહેરતા, દિવસમાં એકવાર ભોજન ગ્રહણ કરતા. દર ત્રણ દિવસે નિર્જળા ઉપવાસ અને નવી વાનગી કે

અન્નકૂટ હોય ત્યારે ઉપવાસ ગ્રહણ કરતા. આમ, તેઓ સંયમશીલ હતા. નાના-મોટા સર્વને બોલાવતા, વાતો કરતા અને આશીર્વાદ પ્રદાન કરતા. સર્વનું હિત ઇચ્છતા. મુખ હંમેશાં મલકતું અને આખો દિવસ સ્વામિનારાયણનું અખંડ ભજન કરતા. તેમનું પ્રિય ભજન 'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,' હતું. 'ખમવું' એને ક્ષમાગુણ કહેતા. માન-અપમાનમાં એકતા માનતા અને પોતાનું અપમાન ધીરજપૂર્વક સ્વીકારી લેતા. તેમને સંસારની એક પણ બાબતમાં રસ ન હતો. બાળકો અને યુવાનો તેમને પ્રિય હતાં. આથી કહી શકાય કે, 'અપકારનો બદલો ઉપકારથી વાળે એવા પ્રેમમૂર્તિ – નિર્માની સંત યોગીજી મહારાજ હતા.'

યોગીજી મહારાજ સેવામાં અદ્વિતીય હતા. ઉંમરમાં નાના હોવા છતાં સેવામાં મહાન હતા. વહેલા ઊઠી ન્હાઈ-ધોઈ સેવામાં પહોંચી જાય. ત્રણસો જેટલા રોટલા કરે. બધી રસોઈ પોતે કરે. બધાને પીરસી જમાડે. અંતે પોતે જમે અને વાસણ સાફ કરે. મંદિરની સેવા પણ ખૂબ ભાવપૂર્વક કરતા અને મનમાં એક જ ભાવ રહેતો કે દેવોની સેવા ક્યાંથી? આમ, તેઓ નિઃસંકોચપણે સેવા કરતા.

શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજને ગોંડલ અક્ષર મંદિરના મહંત બનાવે છે ત્યારે પણ તેઓ રસોડાઘરમાં જઈ સેવા કરતા. સેવા વિશે તેઓ કહેતા કે, 'દાસના દાસ થવું એ સૌથી મોટી પદવી છે, મોટા સાહેબ થઈએ તો પણ સેવા કરવી; કારણ કે, જ્ઞાન શીખે અને સેવા કરે તે આગળ વધતા જાય.' આમ, યોગીજી મહારાજ સ્વયં સમર્પિત સેવા કરનારા સાધુપુરુષ હતા.

એક દિવસ શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજને એકાદશીના સમૈયામાં મોકલે છે, ત્યારે તે લોકોના આગ્રહને વશ થઈ યોગીજી શ્રીજી મહારાજને ભાવપૂર્વક થાળ ધરાવે છે અને શ્રીજી મહારાજ તે થાળ આરોગે છે, એ જોઈને સૌને ખાતરી થાય છે કે, શ્રીજી મહારાજ યોગીજીને વશ છે. આમ, તેઓ પરાભક્તિ ધરાવતા હતા.

તેમની ગુરુભક્તિ અજોડ હતી. જ્યારે સારણગાંઠને લીધે યોગીજી મહારાજનું ઑપરેશન કરવામાં આવે છે ત્યારે ભાનમાં આવતાં સૌ પ્રથમ યોગીજી 'શાસ્ત્રીજીને દૂધ પાયું ?' એવો પ્રશ્ન પૂછે છે. જેમાં તેમનો ગુરુમહિમા જોવા મળે છે. યોગીજી યુવાનોને પણ માતા-પિતા, વડીલોનું માન-સન્માન, આદર કરવાનો સંદેશ આપે છે.

શાસ્ત્રીજી મહારાજ પોતાના અંતિમ સમયમાં કહે છે કે : "મારા અને યોગીમાં એક રોમનોય ફેર નથી, હું તે યોગી, અને યોગી તે હું છું !" આમ કહી તેઓ મોક્ષપદને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ સૌને યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થાય છે. અને યોગીજી મહારાજ સર્વ કાર્ય સંભાળે છે.

*** કાર્યો :**

યોગીજી મહારાજે સમાજ સુધારણા ક્ષેત્રે પણ કાર્ય કર્યું છે. તેઓ યુવાનોની બાબતો રસપૂર્વક સાંભળતા અને તેમને જ્ઞાન પ્રદાન કરતા. તેઓ યુવાનો વિશે કહેતા કે, 'યુવાનો મારું હૃદય છે.' યુવાનોનું પાલન-પોષણ ખૂબ ચીવટપૂર્વક કરતા. વૅકેશનમાં યુવાનોને પોતાની સાથે ગામડે ફેરવતા અને છૂટા પડે ત્યારે ધર્મની જાળવણી કરવાની ભલામણ કરતા. યોગીજી મહારાજના જીવન પ્રભાવ-વિચારોથી યુવાનોનાં જીવનમાં પરિવર્તન આવ્યું હતું. અને તેમણે સાધુ થવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ત્યારે યોગીજી મહારાજ ઉચ્ચ શિક્ષણ પામેલા એકાવન યુવાનને દીક્ષા આપે છે.

તેમણે ગામડે-ગામડે સત્સંગમંડળો, સભાઓની સ્થાપના કરી. રેલવે સ્ટેશન, શાળાઓની પણ સ્થાપના કરાવી. પોતાના ગુરુજી શાસ્ત્રીજી મહારાજનો જન્મશતાબ્દી મહોત્સવ ઊજવ્યો. 'અમૃતપર્વ' સ્મારકગ્રંથ અને 'યજ્ઞપુરુષ' સ્મૃતિગ્રંથ પ્રગટ કરાવ્યા. 'હરિલીલા કલ્પતરુ' છપાવી પ્રસિદ્ધ કર્યું. સ્વામિનારાયણ સંપ્રદાયની 'સત્સંગ પત્રિકા' સામયિક શરૂ કરાવ્યું. મુંબઈમાં સંસ્કૃત ભણવા માટે શાળાની સ્થાપના કરી. અને 'યોગીગીતા'માં આધ્યાત્મિકતાનો સંદેશો અને પ્રાર્થના, ગીતાનો સંદર્ભ પ્રદાન કરે છે. આમ, સેંકડો હરિમંદિરો, જ્ઞાનશિબિરો યોજી જ્ઞાન પ્રદાન કર્યું, નવા સત્સંગીઓ કર્યા અને યુવાનોને દીક્ષા આપી.

યોગીજી મહારાજે પાશ્ચાત્ય દેશો જેવા કે કૅનેડા, સ્વીડન, આફ્રિકા, લંડન દેશોમાં સત્સંગનું બીજ સ્થાપ્યું અને તે પ્રવૃત્તિને વિકસાવી. આમ, પોતાના પ્રભાવથી અંધારા ખંડને અજવાળ્યો હતો. જ્યારે તેઓ ભારત પરત ફરે છે ત્યારે તેમનું યશોગાન સ્વાગત અને અભિવાદન કરવામાં આવે છે. ત્યારપછી તેઓ પોતાનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરે છે. અચાનક માંદગી ગ્રહણ કરે છે અને મુંબઈ સારવાર માટે લઈ જવામાં આવે છે. પ્રમુખ સ્વામીજી મહારાજને યોગીજી મહારાજ સર્વ કાર્યભાર સોંપે છે. સંવત ૨૦૨૭ પોષ વદ-૧૧, ૨૩ જાન્યુઆરી ૧૯૭૧ના રોજ યોગીજી મહારાજ સૌને 'જય શ્રી સ્વામિનારાયણ' કહી અંતર્ધ્યાન થાય છે. તેમના દેહને ગોંડલ લાવવામાં આવે છે અને ષોડ્ષ પૂજા પ્રમાણે અંતિમવિધિ કરવામાં આવે છે. આજે પણ આ જગ્યાએ સ્મૃતિ મંદિર છે.

સ્વામિનારાયણ સંપ્રદાયને આગળ ધપાવનાર, યુવાનોને પોતાનું હૃદય માનનારા, લોકકલ્યાણ અર્થે અને સ્વયં સેવામાં જીવન પ્રદાન કરનાર યોગીજી મહારાજ પ્રેમમૂર્તિ, નિર્મળ, નિઃસ્પૃહી સંત હતા. જેમના નામથી આપણી કૉલેજ 'શ્રી યોગીજી મહારાજ મહાવિદ્યાલય' ઓળખાય છે એવા બ્રહ્મસ્વરૂપ કે જેમનું શબ્દગત વર્ણન ન થઈ શકે તેવા 'યોગીજી મહારાજને શત શત નમન !' ◆

# દેશ-પરદેશમાં ભક્તિભીના ભાવિક સંતો-ભક્તો દ્વારા સંતભગવંત સાહેબજી પ્રાગટ્ય ઉત્સવ

**ઉપાસના ધામ, શિણાય :** અનુપમ મિશનના શિણાય-કચ્છ સ્થિત ઉપાસના ધામ ખાતે ૧ માર્ચ ૨૦૨૫ના રોજ સંતોનાં સાંનિધ્યે સૌના પ્યારા સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યોત્સવની ઉજવણી કીર્તનઆરાધના દ્વારા કરવામાં આવી. સૌ ભક્તોએ ઉમંગભેર આ ઉજવણીમાં જોડાઈ અદ્‌ભુત ભક્તિ અદા કરી. આ પાવન પ્રસંગે સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. જયેન્દ્રદાસજી (યુ.કે.), પૂ. હરેશદાસજી પધાર્યા. તેઓનાં દિવ્ય સાંનિધ્યે સૌ ભક્તોએ મોટી સંખ્યામાં ભેગા મળી કીર્તનરસને માણ્યો અને સૌ સંતો દ્વારા વ્યક્ત થયેલી સંતભગવંત સાહેબજીના મહિમાની વાતોનાં શ્રવણ કરી સૌ ધન્ય થયાં. આ ઉત્સવ નિમિત્તે સૌએ અનેરો ભક્તિભાવ ધર્યો. ◆

**ગુરુસભા :** ૬ માર્ચ ૨૦૨૫ના રોજ સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની ભક્તિસંપન્ન ઉજવણી અનુપમ મિશન, મોગરીમાં યુવાનોની અઠવાડિક સભા-ગુરુસભાના યુવાઓ દ્વારા કરવામાં આવી. સભા પ્રારંભે 'ગુરુઆજ્ઞાનું પાલન, પ્રભુપ્રસન્નતાનું કારણ' સંવાદ રજૂ કરાયો. આ સંવાદમાં સંતભગવંત સાહેબજીએ પોતાના ગુરુ યોગીજી મહારાજની આજ્ઞાઓનાં પાલન દ્વારા અર્પણ કરેલ ગુરુભક્તિનું અદ્‌ભુત દર્શન હૃદયસ્પર્શી શૈલીમાં કરાવવામાં આવ્યું. સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ સંતભગવંત સાહેબજીના મહિમાનું ગાન કરી તેઓએ સર્જેલા અનુપમ મિશનના ચારિત્ર્યવાન અને સમર્પિત યુવાસમાજની વાતો દૃષ્ટાંતો સહિત કરી. સભાના સૌ યુવાઓએ પોતાની સર્જનશક્તિ અને અંતરની ભક્તિ અનુસાર જાતે બનાવી લાવેલ શુભેચ્છા કાર્ડ, કલગી, કલાત્મક ભેટ સંતભગવંત સાહેબજીને અર્પણ કરી હૃદયવંદના ધરી. સંતભગવંત સાહેબજીના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે સૌએ પોતાની કમાણી કે બચતમાંથી એકત્ર કરેલ સેવારાશિ નૂતન મંદિરજીના શ્રી ઠાકોરજીના વાર્ષિકતિથિ થાળ અર્થે અર્પણ કરી ભક્તિ અદા કરી. યુવાનો દ્વારા અર્પણ થયેલ ભક્તિને વધાવી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી અઠવાડિક સત્સંગસભાની અનિવાર્યતા અને તે દ્વારા વિકસતી યુવાનોની શક્તિ-સામર્થી અને તે માટે વાલીઓની જાગરુકતા અંગે મનનીય વાતો કરી. સંતભગવંત સાહેબજીએ સભાના સંચાલક સંતો અને યુવાનોની ભક્તિને વધાવી સંત અને સત્સંગ સાથે જોડાયેલા રહેવા પ્રેરણા આપી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

**ભીંગરાડ :** શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, ભીંગરાડ ખાતે ૮ માર્ચના રોજ વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. અશોકદાસજી-બાબુ, પૂ. પંકજદાસજી, પૂ. તુષારદાસજીનાં સાંનિધ્યે સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યપર્વની અત્યંત ભક્તિભાવે ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. તુષારદાસજી દ્વારા કીર્તનભક્તિનો અદ્‌ભુત લાભ પ્રાપ્ત થયો. કીર્તનભક્તિની રમઝટ સાથે સ્થાનિક ભાઈઓ-બહેનોએ ગરબાનો આનંદ માણ્યો. બાલિકા મંડળ દ્વારા ભક્તિરૂપે સુંદર ભક્તિનૃત્ય પ્રસ્તુત થયું. મેહુલભાઈ, રમેશભાઈ, સાધુ પૂ. અશોકદાસજી, પૂ. દિલીપદાસજીએ મહિમાગાન કર્યાં તથા અમિષાબહેને આભાર માન્યો. ◆

**સહજાનંદ કલાસાધના તીર્થ :** ૧૬ માર્ચ ૨૦૨૫ના રોજ સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે 'પારમિતા' સભાખંડમાં સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યપર્વની સુમધુર ઉજવણી 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના કલાસાધકો દ્વારા



ગુરુસભામાં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની ભક્તિસંપન્ન ઉજવણી



સહજાનંદ કલાસાધના તીર્થના વિદ્યાર્થીઓ દ્વારા સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે ભાવાર્પણ

કરવામાં આવી. તેઓને પ્રશિક્ષણ આપનાર સાધુ પૂ. તુષારદાસજીનાં માર્ગદર્શન હેઠળ આ પ્રસંગે ૫૦ જેટલા કલાસાધકોએ ગીત-સંગીતની અદ્‌ભુત સૂરાવલિ પ્રસ્તુત કરી. દેવ સ્વરૂપોની વંદના કર્યા બાદ ભક્તિગીત ગાન, હાર્મોનિયમવાદન, કવ્વાલી સહિત ૧૦ જેટલી કૌશલ્યસભર પ્રસ્તુતિના માધ્યમથી સંતભગવંત સાહેબજીના મહિમાને પ્રગટ કરાયો. ધાર્મી અને પ્રાહીએ સંતભગવંત સાહેબજીનાં જીવનદર્શન કરાવતાં પ્રાસંગિક મહિમાગાન કરી ભક્તિ અદા કરી. સૌ વિદ્યાર્થીઓએ સ્વનિર્મિત શુભેચ્છા કાર્ડ ને કલગી સંતભગવંત સાહેબજીને અર્પણ કરીને અંતરની ભાવનાઓ વહાવી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતાપૂર્વક સૌ પર આશીર્વાદની વર્ષા કરી. સાધુ પૂ. તુષારદાસજીએ આભાર વ્યક્ત કર્યો અને સંતભગવંત સાહેબજીના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના ધરી. ◆

**યુવતી મંડળ (બ્રહ્મજ્યોતિ, મોગરી) :** અનુપમ યુવતીઓ દ્વારા બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૧૬ માર્ચ ૨૦૨૫ના રોજ અઠવાડિક રવિસભામાં સંતભગવંત સાહેબજીના ૮૯મા પ્રાગટ્યદિનની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં આ નિમિત્તે સમૂહ યજ્ઞનાં આયોજન થયાં. આચાર્ય દીકરીઓ દ્વારા પાંચ વેદી પર યજ્ઞ કરાવાયો, જેમાં ૫૦ યજમાન દીકરીઓએ યજ્ઞ આહુતિ અર્પણ કરી પ્રાર્થનાભાવ ધર્યા. સૌ દીકરીઓએ ભેગાં થઈ પોતાની બચત અને કમાણીમાંથી મોટી રકમની સેવારાશિ એકત્ર કરી, જે સુશોભિત કળશ દ્વારા સંતભગવંત સાહેબજીને અર્પણ કરી ભક્તિ કર્યાનો આનંદ અનુભવ્યો. અંતે, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી તેમજ સંતભગવંત સાહેબજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. સંતભગવંત સાહેબજીએ કૃપા કરી 'મહાબળવંત માયા તમારી...' ભજન ગવડાવી તે મુજબ સૌનું જીવન બને તેવા આશીર્વાદ અર્પણ કર્યા. ◆

**મોરબી :** મોરબીમાં જાગૃતિબહેન-મહેશભાઈ અંબાણીના ઘરે બાલમંડળની સભાનાં ૧૪૦થી વધુ બાળ ભૂલકાંઓએ સંતભગવંત સાહેબજીના ૮૯મા પ્રાગટ્યપર્વની ઉજવણી ૨૩ માર્ચના રોજ કરી અદ્‌ભુત ભક્તિ અદા કરી. સભા પ્રારંભે 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ'ની ધૂન બોલાવી કીર્તનભક્તિ અર્પણ કરી. જાગૃતિબહેને સૌ બાળકોને સંતભગવંત સાહેબજીનાં માહાત્મ્યની સરસ વાતો કરી આનંદ કરાવ્યો. સભાનાં દીકરા-દીકરીઓએ તેઓની આગવી શૈલી અને ભાષામાં સંતભગવંત સાહેબજી સાથેના અનુભવોની સરસ વાતો કરી મહિમા ગાઈ પ્રાર્થનાઓ ધરી. ઘણાં બાળકોએ જાતે તૈયાર કરેલ બર્થડે કાર્ડ સાહેબજીને અર્પણ કરી ભક્તિ અદા કરી. વિદાયવેળાએ સૌ બાળકોને મંત્રપોથી ને લાલ પેન આપી મંત્રલેખન કરવાની પ્રેરણા આપવામાં આવી. ◆

**શિકાગો (યુ.એસ.એ.) :** ૭ માર્ચ ૨૦૨૫ના રોજ શિકાગોમાં ડૉ. જિતેન્દ્રભાઈ-ડૉ. રીટાબહેનના નિવાસસ્થાને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીનો ૮૯મો પ્રાગટ્યોત્સવ ઉજવાયો. શ્લોક, ધૂન, ભજન અને પ્રાર્થનાથી સભાની શરૂઆત થઈ. ચંદ્રકાન્તભાઈ (વિસ્કોન્સિન)એ પોતાના યુવાનીના સમયના સંતભગવંત સાહેબજી સાથેના અનુભવને વાગોળી માહાત્મ્યદર્શન કરાવ્યું. ડૉ. રીટાબહેને ગુરુઆજ્ઞાનો મહિમા સંતભગવંત સાહેબજી સાથેના જીવન પ્રસંગોથી સમજાવ્યો. ચેતનભાઈ દેસાઈએ ગુરુઆજ્ઞાપાલન દ્વારા જીવનમાં થતાં કાર્યો અંગે અદ્‌ભુત વાતો કરી. ડૉ. જિતેન્દ્રભાઈએ પણ ગુરુમહિમાની અદ્‌ભુત સમજણ આપી. સભાનું સંચાલન હર્ષભાઈએ કર્યું. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, પૂ. અશ્વિનદાદા તથા સંતભગવંત સાહેબજીના આશીર્વાદ ઑનલાઇન વિડિયો માધ્યમથી પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. ◆

**રિચમંડ (યુ.એસ.એ.) :** અમેરિકાના રાલેમાં રિચમંડ મંડળના બધા ભક્તોએ સાથે મળીને ૧૪ માર્ચના રોજ સંપ, સુહૃદભાવ અને એકતાથી



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સાહેબજીના પ્રાગટ્યપર્વમાં સંમિલિત યુવતીઓ



મોરબી મંડળનાં બાળકો દ્વારા સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે ભક્તિ અર્પણ

અઠવાડિક સત્સંગસભામાં ભગતજી મહારાજ અને સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી કરી. ભક્તોએ ખૂબ ઉત્સાહથી મહિમાગાનનો લાભ લીધો અને હંમેશાં હળીમળીને દાસત્વભાવે સેવાભક્તિ કરી શકે તેવી આશિષયાચના સૌએ કરી. સંતભગવંત સાહેબજીના આશીર્વાદ પ્રવચનનો લાભ મેળવી ધન્યતા માણી. ભગવાનના ભક્તોની નિર્દોષભાવે સેવા કરવાની રૂડી સમજણ સંતભગવંત સાહેબજીએ આ પ્રસંગે આપી. ◆

**ઉપાસના ધામ, ફ્લૉરિડા :** સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની ઉજવણી અમેરિકામાં ફ્લૉરિડાના લેકલૅન્ડ સ્થિત અનુપમ મિશનના મંદિરે ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ ભક્તોએ અત્યંત ભાવપૂર્વક કરી. સભા પ્રારંભે બાલમંડળ દ્વારા શ્લોક અને કીર્તનનાં ગાન કરવામાં આવ્યાં. નીલેશભાઈએ સભાસંચાલન કર્યું અને સંતભગવંત સાહેબજીનો અદ્‌ભુત મહિમા ગાયો. મનુભાઈ, ગિરીશભાઈ, પરેશાબહેન, ચેતનાબહેન, મોક્ષભાઈએ અદ્‌ભુત મહિમાગાન કર્યાં. દીકરીઓ અને બાળકોએ ભેગાં મળી નૃત્યભક્તિ અદા કરી સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે વંદના ધરી. સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીના આ પ્રસંગે ફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત કરી દિવ્ય આનંદની ધન્યતા માણી સૌ વિસર્જિત થયાં. ◆

**ઉપાસના ધામ, પિયોરિયા :** ઉપાસના ધામ, પિયોરિયા મંડળના મુક્તોએ સંતભગવંત સાહેબજીનો ૮૬મો પ્રાગટ્યોત્સવ ભેગા મળી ખૂબ ભક્તિભાવથી ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ ઊજવ્યો. સૌ યુવાનોએ સંતભગવંત સાહેબજીની બાળપણથી યુવાની સુધીની ચિત્રપ્રતિમાઓનું સુંદર સુશોભન મંચની સજ્જા રૂપે કર્યું. આ ઉપરાંત સાહેબદાદાને ગુરુદેવ યોગીજી મહારાજે આપેલી આજ્ઞાઓમાંથી ૨૫ જેટલી આજ્ઞાઓને અંગ્રેજી અને ગુજરાતી તથા ગુજલિશ ભાષામાં પ્રદર્શિત કરી. મોટી સંખ્યામાં ભક્તો ઉત્સાહભેર આ ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા ને લાભ લીધો. સભાની શરૂઆત શ્લોક, ધૂન તથા ભજનથી થઈ. હર્ષભાઈએ સભાસંચાલન કર્યું અને સંતભગવંત સાહેબજી અને ગુરુઆજ્ઞાપાલનના મહિમાની વાતો કરી. સંતભગવંત સાહેબજીના બાળપણથી લઈને યુવાવસ્થા સુધીના વિવિધ પ્રસંગોની પ્રસ્તુતિ નાટક તથા પ્રવચન દ્વારા રિયાન, રિદિત, યુનય, હેત, દ્રિશા, વિનીત, અથર્વ, યશ્વિ, હેલી, કરણભાઈ, ધવલભાઈ, સોનિયા, સિમરન, આદિત્ય, સલોની, સહેલી, મીત, આકાશ, ધ્રુવિન, કેશવ, મહર્ષિ, હર્ષ, વિશ્વા, દીપમ આદિએ ખૂબ મહિમાસભર રીતે કરી. બિનલબહેન તથા પ્રાર્થનાબહેને નૃત્ય દ્વારા પોતાની ભક્તિ અર્પણ કરી. મહર્ષિભાઈએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, ગુરુપરંપરા તેમજ અનુપમ મિશનનાં કાર્યો અંગે પરિચય કરાવ્યો. અંતે ડૉ. એન. સી. પટેલ અને બિમલભાઈ શેઠે મહિમાગાન કરી સૌને સુંદર લાભ આપ્યો. ◆

**ડલાસ (યુ.એસ.એ.) :** ૨૩ માર્ચના રોજ ડલાસ મંડળના ભક્તોએ સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની ઉજવણી કરી. બાળકોએ કલાત્મક કાર્ડ બનાવી સંતભગવંત સાહેબજીને પ્રાગટ્યદિનની શુભકામના પાઠવીભક્તિ અદા કરી. વડીલોએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સૌએ ભેગાં મળી પરસ્પર સંપ-સુહૃદભાવ-એકતાના સિદ્ધાંત સાથે સેવાઓ કરી, ગુરુહરિના પ્રાગટ્ય ઉત્સવના આનંદ માણી સૌ ધન્ય થયાં. ◆

**વાનકુંવર (યુ.એસ.એ.) :** કૅનેડાના વાનકુંવર અને અમેરિકાના સીએટલ મંડળના ભક્તોએ ભેગા મળીને ૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યપર્વની મહિમાપૂર્ણ ઉજવણી કરી. મૅપલરિઝ ખાતેના કમ્યુનિટિ હૉલમાં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વે સૌ ભક્તો દ્વારા અલૌકિક ભક્તિ અર્પણ થઈ. નેહલભાઈ અને મનીષભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યું. દીપમ, શ્લોક, ધાની, પરી, વત્સ, સાત્ત્વી આદિ યુવાઓએ પોતાના જીવનમાં સંતભગવંત સાહેબજીએ કરેલા પ્રેમને લીધે આવેલાં હકારાત્મક પરિવર્તનોની અનુભૂતિ વ્યક્ત કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ વિડિયો કૉન્ફરન્સ દ્વારા આશીર્વાદ વરસાવી સૌને ભક્તિની



ફ્લૉરિડા-યુ.એસ.એ.ના ભક્તો દ્વારા સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી



પિયોરિયા-યુ.એસ.એ.માં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યદિનની વિશિષ્ટ ઉજવણી

રૂડી સમજ આપી. કૃષ્ણાબહેને સભા સંચાલન કર્યું. સમૂહ આરતીનો લાભ અને ભક્તિ અદા કર્યાનો આનંદ લઈને સૌ વિસર્જિત થયાં. ◆

**ઍલનટાઉન (યુ.એસ.એ.) :** સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની ઉજવણી અમેરિકાના ઍલનટાઉન મંદિરે સંતોનાં દિવ્ય સાંનિધ્યે ૨૨ માર્ચ ૨૦૨૫ના રોજ કરવામાં આવી. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભક્તો દૂરદૂરથી પધાર્યા. યુવાવૃંદે સંતભગવંત સાહેબજીના અનુપમ જીવન આધારિત ત્રણ જુદા જુદા નાટ્યસંવાદ પ્રસ્તુત કરી વિશેષ ભક્તિ અદા કરી. બાળમંડળે સુંદર રીતે માહાત્મ્યસભર કીર્તનો પર નૃત્યભક્તિ અર્પણ કરી. યુવતીઓએ પણ નૃત્યભક્તિ અદા કરી સંતભગવંત સાહેબજીના દિવ્ય મહિમાને વ્યક્ત કર્યો. સ્મિતાબહેન, સુજાતાબહેન, હરેશભાઈ જોશી, મહેશભાઈ (અમદાવાદ), મોનિકાબહેન, ચાંદનીબહેન, ઋષિતાબહેન, વિશ્વાબહેન અને રિંકેશભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યું. સાધુ પૂ. અરવિંદદાસજી અને પૂ. નરેન્દ્રદાસજીએ માહાત્મ્યદર્શન કરાવી ગુરુહરિ પ્રત્યેના આદર અને પ્રેમને વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ ઑનલાઈન વિડિયો માધ્યમ દ્વારા આશીર્વાદ વરસાવ્યા. ◆

**સાન ફ્રાન્સિસ્કો (યુ.એસ.એ.) :** ૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ સાન ફ્રાન્સિસ્કો મંડળના ભક્તોએ ભેગા મળી ભાવેશભાઈ–છાયાબહેનની આગેવાની હેઠળ સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની ઉજવણી કરી. આ પ્રસંગે સ્થાનિક મંડળ ઉપરાંત લૉસ ઍન્જલસ મંડળના ભક્તો પણ પધાર્યા. ધર્મેન્દ્રભાઈ અને અમિતભાઈ દ્વારા ધૂન અને કીર્તનગાન થયાં. અમિતભાઈ અને અલકાબહેને પ્રાસંગિક મહિમાનાં ગાન કરી સંતભગવંત સાહેબજી સાથેના પોતાના દિવ્ય અનુભવો વ્યક્ત કર્યા. સાન ફ્રાન્સિસ્કો મંડળનાં બાળકોએ સંતભગવંત સાહેબજીના જીવનના ગુરુઆજ્ઞા પાલનના પ્રસંગોને સંવાદ રૂપે રજૂ કરી વિશેષ ભક્તિ અદા કરી. ભાવેશભાઈએ સૌનો આભાર વ્યક્ત કરી ગુરુહરિની અનુવૃત્તિ સમજી ભક્તિ કરવાનો સુંદર સંદેશ આપ્યો. ◆

**અનુપમ મિશન, કેનેડા :** કેનેડાના નૂતન મંદિરે ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની અદ્‌ભુત ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે અમેરિકાથી સાધુ પૂ. અરવિંદદાસજી, મહેન્દ્રભાઈ રાય, રાજાભાઈ અને ચિરાગભાઈ તથા બફેલોથી ડૉ. યોગેશભાઈ અને અસ્મિતાબહેને પધારી લાભ આપ્યો. આશરે ૧૩૦ જેટલા ભક્તોએ આ ઉજવણીમાં ભાગ લીધો. સભાની શરૂઆતમાં મહેમાનોનાં પૂજન કરી આવકાર્યા. સભાસંચાલન નીલકંઠ ટેલરે કરી ઉત્સવ મહિમા ગાયો. સૂરવૃંદ દ્વારા કીર્તનભક્તિ અર્પણ થઈ અને યુવાનોએ કવ્વાલી રૂપે સાહેબદાદાના પ્રાગટ્યપર્વનો આનંદ સૌનાં હૈયે ભરી દીધો. મનીષાબહેન, પાયલબહેન અને અમીબહેનનાં નેતૃત્વ હેઠળ આર્યા, મિસરી, ધિરજા અને ત્રિશાએ ગુજરાતી ક્લાસમાં શીખેલી વાર્તા સભા સમક્ષ પ્રસ્તુત કરી વાતાવરણમાં આનંદ ભરી દીધો. આ ચાર દીકરીઓએ આશરે ૭૫ બ્રૅસલેટ બનાવીને તેના દ્વારા ઉપજેલી આર્થિક સેવા પણ ભક્તિરૂપે સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે અર્પણ કરી. યુવાઓએ પોતાની કમાણી અને બચતમાંથી મોટી સેવારાશિ એકત્ર કરી સેવાર્થે ભક્તિભાવે સંતભગવંત સાહેબજીનાં શ્રીચરણે અર્પણ કરી. વિશાલભાઈ, અમીબહેન, અક્ષતભાઈએ સંતભગવંત સાહેબજીના મહિમાની વાતો પોતાના અનુભવના આધારે કરી. મહેન્દ્રભાઈ રાય, રાજાભાઈએ મહિમાગાન કર્યાં તથા સાધુ પૂ. અરવિંદદાસજીએ આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતભગવંત સાહેબજીના આશીર્વાદ વિડિયો ફોન દ્વારા માણી સૌએ ધન્યતા અનુભવી. ◆

**ન્યૂઝીલૅન્ડ :** ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ ન્યૂઝીલૅન્ડના સૌ ભક્તોએ ભેગા મળીને સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યપર્વની ભક્તિભીની ઉજવણી કરી. સભામાં પધારેલા ભક્તોએ સંતભગવંત સાહેબજીની પ્રસન્નતા



વાનકુંવર–યુ.એસ.એ.માં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની ઉજવણી



ઍલનટાઉન–યુ.એસ.એ. મંદિરે સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યદિનની વિશિષ્ટ ઉજવણી

પ્રાપ્ત કરવા વિશેષ નિયમો લઈને ભક્તિ અદા કરી. સભામાં પ્રથમ વખત પધારતા ભક્તોને અનુપમ મિશન અને સંતોની આધ્યાત્મિક સાધના તેમજ કર્મયોગ અને સમાજસેવાનાં કાર્યો અંગે માહિતગાર કરાયા. મેઘાબહેન અને ધ્રુવીબહેને પ્રાસંગિક મહિમાગાન કર્યું. સાધુ પૂ. સતીશદાસજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ફોન દ્વારા આશીર્વાદ વરસાવી સૌને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો અને સૌની ભક્તિને બિરદાવી. ◆

**ડેન્હમ, યુ.કે. :** ૨૨ અને ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ ઇંગ્લૅન્ડમાં અનુપમ મિશનના ડેન્હમ સ્થિત મંદિરે સંતભગવંત સાહેબજીનો ૮૬મો પ્રાગટ્યોત્સવ ભક્તિભાવે ઉજવાયો. ૨૨ માર્ચના રોજ અનુપમ સૂરવૃંદના ભક્તોએ ભજનો ગાઈને કીર્તનવંદના ધરી. ૨૩ માર્ચના રોજ શિકાગોથી પધારેલ પૂ. દિનકર અંકલના દિવ્ય સાંનિધ્યે સંતભગવંત સાહેબજીના તારીખ મુજબના પ્રાગટ્યદિન નિમિત્તે માહાત્મ્યદર્શન સભા યોજાઈ. હર્ષિતભાઈ નકારજા, અશ્વિનભાઈ પોપટ, નિમ્મીબહેન, વિજયભાઈ ઠક્કર, ભાવિશાબહેન ટેલર, સતીશભાઈ ચતવાણીએ પ્રાસંગિક મહિમાગાન કરી સંતભગવંત સાહેબજીનાં દિવ્ય જીવન, કાર્ય અને સ્વાનુભવનાં અદ્‌ભુત વર્ણન કર્યાં. સાધુ પૂ. હિંમતદાસજી, પૂ. દિનકર અંકલે આશીર્વાદ વરસાવી સત્પુરુષની પ્રાપ્તિથી થતા કલ્યાણની સમજ આપી. સંતભગવંત સાહેબજીએ ફોન દ્વારા આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી. આગામી ઑગસ્ટ માસમાં યોજિત મંદિર દશાબ્દી મહોત્સવમાં રજિસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયાનું ઉદ્‌ઘાટન પૂ. દિનકર અંકલ અને સતીશભાઈ ચતવાણીના હસ્તે કરવામાં આવ્યું. વિનુભાઈ નકારજાએ સૌનો આભાર પ્રગટ કર્યો. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો. ◆

**બ્રિસબેન (ઑસ્ટ્રેલિયા) :** ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ બ્રિસબેન મંડળની બાળસભામાં સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની ઉજવણી થઈ. બાળકોએ મહિમાગાન કરી સંતભગવંત સાહેબજીની પ્રાપ્તિ અંગે ધન્યતા પ્રગટ કરી. ગુરુહરિને પ્રસન્ન કરવા દરરોજ ૧૦ મિનિટ ધૂન કરવી, વડીલોને આદર આપવો અને અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજર રહેવાના આ પ્રસંગે સંકલ્પ કરી સંતભગવંત સાહેબજી પ્રતિની ભક્તિ અદા કરી. સભામાં પધારેલા વડીલો સાથે ગોષ્ઠિ કરી સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાની રીત સમજી ભેગાં મળી સૌએ આનંદ કર્યો. ◆

**પર્થ (ઑસ્ટ્રેલિયા) :** પર્થ મંડળના ભક્તો દ્વારા ૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યપર્વની ભક્તિપૂર્ણ ઉજવણી કરવામાં આવી. સૂરવૃંદે આ નિમિત્તે કીર્તનગાન કર્યાં. ડૉલરદાદા, પ્રિયંકાબહેને પ્રાસંગિક મહિમાગાન કર્યું. બાળ ભૂલકાંઓએ સંતભગવંત સાહેબજીની ગુરુઆજ્ઞાપાલનના પ્રસંગોની સુંદર અભિવ્યક્તિ પ્રસ્તુત કરી. કેયૂરભાઈએ અનુપમ મિશનનો પરિચય આપી તેની સેવાકીય પ્રવૃત્તિઓની વાતો કરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ વિડિયો આશીર્વાદ પ્રદાન કરી સૌને ધન્ય કર્યાં. ◆

**મેલબૉર્ન (ઑસ્ટ્રેલિયા) :** ઑસ્ટ્રેલિયાના મેલબૉર્ન કેન્દ્રના ૧૦૦થી વધુ ભક્તોએ ભેગા મળીને સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની અપાર માહાત્મ્યભાવથી ભક્તિભીની ઉજવણી કરી. ઘણા મુક્તોએ સંતભગવંત સાહેબજીના મહિમાનું અદ્‌ભુત ગાન કર્યું. સંતભગવંત સાહેબજી અને તેઓએ આપેલા સત્સંગના જોગથી સૌનાં જીવનમાં આવેલ સુખદ અને હકારાત્મક પરિવર્તનો વિષે વાતો કરી સૌએ ભક્તિ અદા કરી. મન મૂકીને નિખાલસભાવે વ્યક્ત થતી માહાત્મ્યવંદના ૨ કલાકથી વધુ સમય માટે ચાલી, જેનો સૌને અપાર આનંદ હતો. સંતભગવંત સાહેબજીએ વિશ્વસમસ્તને નિરપેક્ષભાવે જે અનુપમ સુખ આપ્યું છે તે ભાવનાની મનનીય વાતોનાં શ્રવણથી ઉપસ્થિત સૌ ધન્ય થયાં. પ્રાર્થનાર્પણ, બ્રહ્માનંદ અને સંપીને કરેલ સેવાનાં દિવ્ય સંસ્મરણો લઈ સૌ વિસર્જિત થયાં. ◆



ન્યૂઝીલૅન્ડમાં ભક્તો દ્વારા સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી



ડેન્હમ-યુ.કે. મંદિરમાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી

# સાહેબદાદા અને સત્સંગ – અલૌકિક કૃપા

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

'અમે સદાકાળ એવા પ્રભુધારક પ્રગટ સંત દ્વારા તમારી દિવ્ય રક્ષા કરીશું.' તેવા ભગવાન સ્વામિનારાયણે આપેલ વચનને તેઓએ આજથી બરાબર ૮૫ વર્ષ પૂર્વે આ જ મહિનામાં પૂરું કર્યું. સન ૧૯૪૦ના માર્ચ માસમાં સાહેબદાદા આ ધરા પર પ્રગટ થયા. તેઓના પ્રાગટ્યદિને તેઓના આશીર્વાદથી આપણે જે સદ્‌ગુણો શીખ્યાં છીએ તેની પર મારે પ્રકાશ પાડવો છે.

મારા વ્યાવસાયિક અનુભવોએ મને સાહેબદાદાના સાચા મહિમાથી ઉજાગર કરી છે. એક માનસિક ચિકિત્સક તરીકે મારે એવા ઘણા ક્લાયન્ટ્સને મળવાનું થાય છે કે, જેઓ પોતે નિર્ણયો લેવા માટે તથા નકારાત્મક વિચારોથી બહાર નીકળવા માટે સંઘર્ષ કરતા હોય છે. કેટલાક લોકો આત્મવિશ્વાસના અભાવથી પીડાતા હોય છે, કે જે તેમને તેમની જાત સાથેના નબળા જોડાણ તરફ દોરી જાય છે. તો કેટલાક લોકો અન્યો પ્રત્યે રોષ અને અવિશ્વાસ અનુભવે છે, જે અન્યો સાથેના તણાવભર્યા સંબંધોમાં પરિણમે છે. મોટા ભાગના ક્લાયન્ટ્સ આવી મિશ્ર સમસ્યાઓથી પીડાતા હોય છે. આવા સમયે ઘણી વખત હું આશ્ચર્ય અનુભવું છું : આવી સમસ્યાઓનો ઉપચાર શો હોઈ શકે ?

મારા ક્લાયન્ટ્સના આવા નકારાત્મક વિચારોની સફર જોતાં, મને લાગે છે કે, વ્યક્તિનાં વિકાસનાં વર્ષો દરમિયાન ઘણી વાર 'કેવી રીતે વિચારવું' એ એક મહત્ત્વની આવડતને ધ્યાનમાં લેવામાં આવતી નથી. આપણે ગણિત શીખીએ છીએ, પુસ્તકો વાંચીએ છીએ, કક્કો-બારાખડી બોલીએ છીએ, પરંતુ, અત્યંત આવશ્યક એવી વિચારવાની – ખાસ કરીને હકારાત્મક વિચારવાની આવડત પર ભાગ્યે જ ધ્યાન આપીએ છીએ. આપણા નકારાત્મક વિચારો અને પૂર્વગ્રહોને કેવી રીતે પડકારવા તે કોઈ આપણને શીખવતું જ નથી. કમ સે કમ પદ્ધતિસરના શિક્ષણમાં પણ આપણને આ શીખવવામાં આવતું નથી.

પરંતુ, મને યાદ છે કે, માત્ર ૧૩ વર્ષની ઉંમરે પેન્સિલવેનિયામાં યોગી યુવા શિબિર દરમિયાન મને આ આવડતનો પરિચય કરાવવામાં આવ્યો હતો, કે જ્યાં મેં સાહેબદાદાનો જીવન પરિવર્તન કરતો મંત્ર : 'સવળું વિચારો, બાકી બધું ગોઠવાઈ જશે' પ્રથમ વખત સાંભળ્યો હતો. પછી તો દરેક ગ્રીષ્મ શિબિર એ બીજાના શુભ ગુણો જોવા, સંવાદિતા સ્થાપવા અને પોતાનામાં ભગવાન જોવા માટેનો સઘન અભ્યાસ બની રહી. ઘણા વડીલોને માટે જ્યારે 'સવળું કેવી રીતે વિચારવું' તે આવડત એ દૂરની બાબત હોય છે ત્યારે સાહેબદાદાએ એ આવડતની કમી દૂર કરવાની અદ્‌ભુત પ્રેરણા આપી છે.

ભગવાન મને સતત આવા અનુભવો કરાવતા રહ્યા છે તે માટે હું સાહેબદાદાની ઋણી છું. એક દિવસ તાજેતરમાં જ નજીવી ચોરીની સજા ભોગવી જેલમાંથી મુક્ત થયેલ એક ક્લાયન્ટની થેરાપીનું મારે સેશન ચાલતું હતું. તેની સાથે પરિસ્થિતિ અંગે વાતચીત કર્યા પછી શું થયું ? આમ તો આ સેશન પહેલાં તેનાં પરિવારજનોએ તેની ઝાટકણી કરીને નકાર્યો હતો, તેથી મેં એક અલગ માર્ગ અપનાવ્યો. અંતઃપ્રેરણાથી પ્રેરાઈને મેં સાહજિક રીતે જ તેને તેના સકારાત્મક ગુણો જણાવવાનું ચાલુ કર્યું. જાણે મારો અંતરાત્મા મને તેની મનુષ્ય હોવાના મહત્ત્વની તેને અનુભૂતિ કરાવવાની જરૂરત તરફ નિર્દેશ કરતો હતો.

આ સેશનના અંતે, મને મારી આવી પ્રતિક્રિયાથી આશ્ચર્ય થયું : આ એ વ્યક્તિ હતો કે જે તાજેતરમાં જ જેલમાંથી છૂટ્યો હતો, તેમ છતાં તેનામાં રહેલા શુભ ગુણો વિના પ્રયત્ને જોઈ શકાયા તેમ અનુભવાયું. આ આટલું સરળતાથી કેવી રીતે શક્ય થયું ? સાહેબદાદાએ આપણને શીખવ્યું છે કે, **"જો કોઈ વ્યક્તિમાં ૯૯ અવગુણ હોય અને એક સદ્‌ગુણ હોય, તો એ એક સદ્‌ગુણને મોટો કરીને જોવો એ સુહૃદભાવ છે."**

રસપ્રદ બાબત તો એ છે કે, મારી યુનિવર્સિટીએ પણ વર્ષો પછી મને આ સિદ્ધાંત શીખવ્યો, જેને મનોવિજ્ઞાનની પરિભાષામાં 'Strength based approach' એટલે કે, 'ક્ષમતા આધારિત અભિગમ' કહેવામાં આવે છે. જો કે, અન્ય કોઈ યુનિવર્સિટી કરે તેના ઘણા સમય પહેલાં સાહેબદાદાએ આ કૌશલ્યનું મારામાં પોષણ કર્યું હતું. જો કે, તેમાં તો હું કંઈ ના કરી શકું, પણ મને હસવું આવે છે કે, આ બોલાવવા માટેની મને તાલીમ આપવાની પણ હું કૉલેજમાં પગ મૂકું તેના ઘણા સમય પહેલાં સાહેબદાદાએ ચાલુ કરી દીધી હતી. સાહેબદાદા આપણને જે બોધ આપે છે તેનું કોઈ મૂલ્ય આંકી શકાય તેમ નથી, તેમ છતાં વિના મૂલ્યે તે અપાય છે, તે કેવળ તેઓની કરુણા અને આપણા પ્રત્યેના પ્રેમનું પરિણામ છે.

તો સર્વે વહાલાં માતા-પિતાઓ તથા વડીલો, આપણાં બાળકોને સત્સંગ સાથે જોડી રાખવાનું મહત્ત્વ આ છે. સત્સંગ આપણને જીવન જીવવા માટે સજ્જ થવાની તરકીબ શીખવે છે. વ્યાવસાયિક ક્ષેત્રે ભલે આપણે મનોવૈજ્ઞાનિક, ધંધા, વિજ્ઞાન અથવા અન્ય કોઈ ક્ષેત્રમાં જોડાયેલાં હોઈએ, પરંતુ, એક વખત જ્યારે આપણે સાહેબદાદા સાથે જોડાઈએ છીએ ત્યારે આપણે તેઓની જીવન-પાઠશાળામાં પ્રવેશ મેળવીએ છીએ. તેઓનો વિનમ્રતાનો ગુણ આપણને અન્યોની સાથે અને આપણી જાત સાથે સંવાદિતાથી જીવન જીવવાનું શીખવે છે. સાહેબદાદા આપણને સફળ વિદ્યાર્થી અને વ્યાવસાયિક કેવી રીતે બનવું તે ચોક્કસ શીખવે છે, પણ ત્યારે તેઓ આપણને 'પ્રેમાળ, કરુણાસભર માનવી કેવી રીતે બનવું.' તે માટે જે શાણપણ આપવા માંગે છે તે વધુ ગહન હોય છે.

સાહેબદાદાના પ્રાગટ્યમંગલ પર્વે પ્રાર્થના કે, તેઓએ પોતે જીવીને શીખવેલ મૂલ્યો : 'એકબીજાં માટે અને પોતા માટે સવળું ને શુભ વિચારો' તે પ્રમાણે આપણું જીવન બનાવીને તેઓનું નામ રોશન કરીએ.

સાહેબદાદા આપને પ્રાગટ્યદિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ – અમે સૌ આપને ખૂબ ચાહીએ છીએ ! ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-માર્ચ, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)




**૧ માર્ચ, શનિવાર...** અમદાવાદ-'યુનિટી'માં નિવાસ કરતાં યોગેશભાઈ-ભાવિનીબહેનના દીકરા ચિ.ચિન્મય-ચિ.ધ્વનિનાં લગ્ન નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી ઉપસ્થિત સૌ ભક્તોને આનંદ કરાવી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઉપાસના ધામ મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી અઠવાડિક સત્સંગસભામાં આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પરત પધાર્યા.

**૨ માર્ચ, રવિવાર...** સવારે રિચમંડ-યુ.એસ.એ.થી દર્શનાર્થે પધારેલ જિજ્ઞેશભાઈને આશીર્વાદ પાઠવ્યા. નિજ મંદિરજીમાં મૂર્તિઓનાં દર્શન કરી રાજભોગ આરતી-દર્શનનો લાભ લીધો તથા ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં યોજેલ સભામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૩ માર્ચ, સોમવાર...** 'અનુપમ સંસ્કારધામ', બારાસડીના નિર્માણકાર્ય સાથે સંકળાયેલા કાર્યકર્તાઓ તેમજ આર્કિટેક્ટ શ્રી અશ્વિનભાઈને માર્ગદર્શન આપ્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં વડીલ સાધુ પૂ. વાસુદેવદાસજીના ૭૪મા પ્રાગટ્યદિન નિમિત્તે આશીર્વાદ પાઠવ્યા. યુ.કે. પરત પધારતાં વિનુભાઈ નકારજા-સોનિયાભાભીને વિદાયવેળાએ શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૪ માર્ચ, મંગળવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતી-દર્શનનો લાભ લઈ, ધૂન-પ્રાર્થના કર્યાં તથા 'અક્ષરમહોલ'માં કીર્તનભક્તિનો આનંદ માણ્યો.

**૫ માર્ચ, બુધવાર...** 'અક્ષરમહોલ'માં અનુપમ સ્વજન કલ્પેશભાઈ વ્યાસ-અમીબહેનના પુત્ર ચિ.બિહાગ-ચિ.હેત્વીનાં લગ્નપ્રસંગે નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. 'તીરથ' ઑડિટોરિયમમાં અઠવાડિક સંતસભામાં પધારી દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૬ માર્ચ, ગુરુવાર...** વડીલ માવતર બિંદુબાના જન્મદિવસ નિમિત્તે 'અક્ષરમહોલ'માં યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે તેઓના દીકરા ડૉ. તપનભાઈ, ઋત્વિગભાઈ યુ.કે.થી પધાર્યા, તેઓનું સ્વાગત કર્યું. સાંજે ગુરુસભામાં યુવકો દ્વારા ૮૬મા પ્રાગટ્યપર્વ નિમિત્તે યોજેલ ઉત્સવસભામાં પધારી પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી સૌ કલાકાર યુવકો ઉપર પ્રસન્નતા વરસાવી તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૭ માર્ચ, શુક્રવાર...** નિજ મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં પધારી કીર્તનભક્તિનો લાભ લીધો તથા ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે દર માસની ૭મી તારીખે સાંજે યોજાતી કીર્તન આરાધનાને ૩૯ વર્ષ પૂર્ણ થયાં, તેમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. વિદેશથી પધારેલા સૌ ભક્તોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૮ માર્ચ, શનિવાર...** મંદિરજીમાં પધારી રાજભોગ આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ સભામાં આશીર્વાદ પાઠવ્યા. સાંજે સભામાં કીર્તનનો લાભ લીધો.

**૯ માર્ચ, રવિવાર...** મંદિરજીમાં પધારી રાજભોગ આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં ડૉ. નમ્રતા-ડૉ. મિતનાં લગ્ન નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. ધુળેટી નિમિત્તે બ્રહ્મજ્યોતિ પરિસરમાં સેવા કરતા સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદ આપવા પધાર્યા. સાંજે 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના યજ્ઞ'માં પધારી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ સંધ્યા આરતી માટે મંદિરજીમાં પધાર્યા.

**૧૦ માર્ચ, સોમવાર...** 'યોગીપ્રસાદ'માં હોળી-ધુળેટી નિમિત્તે ફગવાના પ્રસાદનાં પૅકેટને તૈયાર કરવાની સેવામાં પધારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ માર્ચ, મંગળવાર...** ધુળેટી ઉત્સવસ્થળ ઉપર પધારી સર્વ વ્યવસ્થા જોઈ, સંતો-કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યાં. ત્યારબાદ મંદિરજીમાં સંધ્યા આરતી કરી, ધૂન-પ્રાર્થના કરી. યુ.એસ.એ.થી પધારેલ ભરતભાઈ કઢીવાલા અને પરિવારજનોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ માર્ચ, બુધવાર...** મંદિરજીમાં પધારી રાજભોગ આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં આશીર્વાદ પાઠવ્યા. 'તીરથ' ઑડિટોરિયમમાં દર બુધવારે સાંજે થતી સંતસભામાં પધારી

આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં પધારી સંધ્યાઆરતી દર્શનનો લાભ લીધો. દુબઈનાં રાજશ્રીબહેન ઠક્કર અને યુ.કે.ના પ્રમોદભાઈ ઠક્કરને સત્કાર્યાં.

**૧૩ માર્ચ, ગુરુવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે પધારેલા સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ડી. એન. હાઈસ્કૂલના સહાધ્યાયી મનુભાઈ અને પરિવારજનોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ૧૯૭મા પ્રાગટ્યોત્સવની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. ગુજરાત નાટક સંગીત અકાદમી, ગાંધીનગરના સહયોગથી, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીના ઉપલક્ષ્યે શ્રી કનુભાઈ પટેલનાં માર્ગદર્શન દ્વારા તૈયાર થયેલ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ 'ગુજરાતની ગૌરવગાથા : વલ્લભથી વિશ્વપ્રતિમા સુધી' નિહાળી આનંદ માણ્યો તેમજ કાર્યક્રમમાં ભાગ લીધેલ સૌ કલાકાર મુક્તોને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ માર્ચ, શુક્રવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ઉત્સવસભામાં પધાર્યા. સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યોત્સવ નિમિત્તે યુવકો દ્વારા તૈયાર કરાયેલ સુશોભિત વાહનમાં બિરાજી સભામંડપમાં બિરાજેલ સૌ ભક્તોને દર્શન આપી સ્ટેજ ઉપર નિજ આસને બિરાજ્યા. સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા તથા સૌ સંતો-ભક્તોનાં વિવિધ સ્વરૂપે અર્પણ થયેલ અભિવાદનનો સ્વીકાર કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ માર્ચ, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી દર્શન, ધૂન-પ્રાર્થનાનો લાભ લીધો. 'અક્ષરમહોલ'માં પધારી કીર્તનભક્તિનો આનંદ માણી સભામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મજ્યોતિમાં યોગી વિદ્યાપીઠના ૩૮મા વાર્ષિકોત્સવમાં પધારી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમ 'સા વિદ્યા યા વિમુક્તયે' નિહાળી અત્યંત પ્રસન્ન થઈ કાર્યક્રમના આયોજક શિક્ષકો તેમજ કલાકાર બાળકો પર આશીર્વાદ વરસાવ્યા.

**૧૬ માર્ચ, રવિવાર...** સાંજે બ્રહ્મજ્યોતિ પરિવારની દીકરીઓ દ્વારા યોજેલ વિશિષ્ટ યજ્ઞમાં પધારી ભક્તોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-આરતી-ધૂન-પ્રાર્થના કરી 'પારમિતા' સભાખંડમાં 'સહજાનંદ કલાસાધના તીર્થ' દ્વારા આયોજિત સંતભગવંત સાહેબદાદાના ૮૬મા પ્રાગટ્યપર્વની ઉજવણીના કાર્યક્રમમાં પધાર્યા. ગીત-સંગીતનો ભક્તિ કાર્યક્રમ નિહાળી સાધુ પૂ. તુષારદાસજી અને વિદ્યાર્થીઓ ઉપર અત્યંત પ્રસન્નતા સાથે આશીર્વાદ વરસાવ્યા.

**૧૭ માર્ચ, સોમવાર...** બપોરે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરીને ભાવનગર ખાતે અનુપમ સ્વજન પ્રવીણભાઈ કોટકના 'ઇસ્કોન ક્લબ અને રિસૉર્ટ'માં વ્રતધારી સંતો તેમજ સત્સંગના સક્રિય યુવકો માટે યોજેલ 'શ્રી ગુરુ આજ્ઞા મહિમા પર્વ' શિબિરમાં પધારવા બ્રહ્મજ્યોતિથી પ્રસ્થાન કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત ધોલેરા મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. શ્રી મદનમોહનજી મહારાજનાં દર્શન કરી ધૂન-પ્રાર્થના કરી. ભાવનગર રિસૉર્ટના પ્રાંગણમાં ભાવનગરના સ્થાનિક યુવાઓએ સ્વાગતનૃત્ય કરી સૌને સત્કાર્યા. ભાવનગરના સૌ સ્થાનિક અક્ષરમુક્તોના સ્વાગતના ભાવનો સ્વીકાર કર્યો તેમજ રિસૉર્ટના ગાર્ડનમાં સ્થાનિક ભક્તોની સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૧૮-૧૯ માર્ચ, મંગળવાર-બુધવાર...** 'શ્રી ગુરુ આજ્ઞા મહિમા પર્વ' શિબિરમાં પધારી ઉપસ્થિત સૌ વ્રતધારી સંતો તેમજ સક્રિય યુવકોને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. યુવકોના આધ્યાત્મિક પ્રશ્નોનાં સમાધાન કર્યાં. ભાવનગરના સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. અ.નિ. અજયભાઈ પારેખના ઘરે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. 'ઇસ્કોન ક્લબ અને રિસૉર્ટ'માં સેવા આપતા સૌ કાર્યકર્તાઓની સેવા બદલ રાજીપો વરસાવી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ માર્ચ, ગુરુવાર...** ભાવનગરના સૌ ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપી જસદણ હિંમતભાઈ-મીરાંબહેનના ઘરે પધાર્યા. સ્થાનિક ભક્તોએ સ્વાગતનૃત્ય કરી સત્કાર્યા. ઘરમંદિરમાં ધૂન-પ્રાર્થના કરી. મોરબીનાં ભરતભાઈ-રંજનબહેનની દીકરી ખુશીનાં લગ્ન નિર્વિઘ્ને પાર પડે તે માટે આશીર્વાદ પાઠવ્યા. ભીંગરાડ, મોટા દડવા, જૂના પીપળિયા, મોરબીથી પધારેલ ભક્તોને દર્શન-સમાગમ અને આશીર્વાદનું સુખ આપ્યું. યોગેશભાઈના ફાર્મ હાઉસમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ગોંડલ બાયપાસ રોડ પર પ્રિયાબહેન અને સ્થાનિક ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. ત્યાંથી સીધા માણાવદર મંદિરે પધાર્યા. મંદિરમાં યુવતી મંડળ દ્વારા સ્વાગતનૃત્ય અર્પણ કરવામાં આવ્યું. તેઓના પ્રસન્નભાવ સાથે નૃત્યનાં દર્શન કરી આશીર્વાદ પાઠવ્યા. મંદિરમાં પધારી પ્રાસાદિક દેરીનાં દર્શન કરી ઉપસ્થિત સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે મંદિરમાં ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો.

**૨૧ માર્ચ, શુક્રવાર...** સવારે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સંતો-ભક્તો સાથે ગોષ્ઠિ કરી આનંદ કરાવ્યો. સાંજે પ્રાગટ્યપર્વ નિમિત્તે યોજેલ સભામાં સૌરાષ્ટ્ર, કચ્છ પ્રદેશના ભક્તોએ વિશિષ્ટ હાર અર્પણ કર્યા. સમાજની વિવિધ સંસ્થાઓમાંથી પધારેલ આગેવાનો પધાર્યા હતા, તેઓને આશીર્વાદ અર્પણ કર્યા. સભાના અંતે સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ માર્ચ, શનિવાર...** શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કરી સૌ સ્થાનિક સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી રાજકોટ પધાર્યા. 'પામ વ્યૂ' સોસાયટીમાં આપણા NRI મુક્ત દ્વારા અનુપમ મિશનને અર્પણ થયેલ બંગલામાં સૌ સંતો સાથે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી. ત્યારબાદ સરોજબહેન-ધીરુભાઈ મેતલિયા દ્વારા અનુપમ મિશનને સત્સંગકાર્ય માટે અર્પણ થયેલ ચાર પ્લૉટની જગ્યા પર પધાર્યા, જ્યાં રાજકોટના સ્થાનિક ભક્તોએ પુષ્પવૃષ્ટિ દ્વારા તેમજ યુવતીઓએ સ્વાગતનૃત્ય દ્વારા સ્વાગત કર્યાં. સૌની ભક્તિનાં દર્શન કરી પ્રસન્નતા સાથે આશીર્વાદ પાઠવ્યા. મંદિરના પ્લૉટ ઉપર મંત્રપુષ્પાંજલિ કરી. ત્યારબાદ પ્લૉટમાં સૌ સંતો પાસે પુષ્પવર્ષા કરાવી. સંદીપભાઈ-દર્શનાબહેનના નૂતન ઘરે પધરામણી કરી. ઘરમંદિરમાં મૂર્તિઓનાં પૂજન કરી, આરતી અર્પણ કરી. વિકી ચુનીભાઈ ઘોડાસરાના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા.

**૨૩ માર્ચ, રવિવાર...** સવારે મંદિરજીમાં દર્શન-પ્રાર્થના કરી ઉપાસના ધામ, વેમાર પધારી, મંદિરજીના નવમા પાટોત્સવ અને પ્રાગટયદિનની સભામાં પધારેલા સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે કાનમ પ્રદેશના ભક્તોને આશીર્વાદ આપી બ્રહ્મજ્યોતિ પધાર્યા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તનઆરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રોહિતભાઈ (યુ.કે.)ના મિત્ર સલીમભાઈ (દુબઈ)ને આવકારી આશીર્વાદ પાઠવ્યા. વિદેશથી ભારત પધારતા તથા ભારતથી પરત પધરતા સંતો-ભક્તોને શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ પ્રદાન કર્યા.

**૨૪ માર્ચ, સોમવાર...** સવારે બ્રહ્મજ્યોતિમાં નિર્માણ થયેલ બહેનો માટેના નૂતન ભવન 'સોનામૃત'માં યોજેલ મહાપૂજામાં દાતાશ્રી નીલેશભાઈ-મંજુબહેન (ફ્લૉરિડા-યુ.એસ.એ.) યજમાન પદે બિરાજમાન થયાં. આ પ્રસંગે પધારી યજમાન યુગલ તેમજ મહાપૂજામાં પધારેલા સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. નીલેશભાઈ-મંજુબહેનની સેવા-ભક્તિને બિરદાવી. યુ.એસ.એ. પરત પધારતાં અમિતાબહેનને વિદાય વેળાએ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૫ માર્ચ, મંગળવાર...** 'પારમિતા' સભાખંડમાં અનુપમ મિશન સંચાલિત 'અનુપમ યોગી બાળવૃંદ'ની પ્રવૃત્તિને પાંચ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે દેશ-વિદેશમાં નિવાસ કરતાં બાળકો દ્વારા ડિજિટલ માધ્યમ વડે સાહેબદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી કરવામાં આવી તે મંગલ પ્રસંગે પધારી સૌ બાળકોને આશીર્વાદ આપ્યા. બાળવૃંદના મુખ્ય સંચાલક ડૉ. સાધુ પૂ. સરજુદાસની ભક્તિને બિરદાવી તેઓને આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ માર્ચ, બુધવાર...** 'તીરથ' ઑડિટોરિયમમાં દર બુધવારે સાંજે યોજાતી સંતસભામાં પધારી સૌ સંતોને આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં સંધ્યા આરતીનાં દર્શન કર્યાં. નિજ મંદિરજીમાં દર્શનાર્થે પધારી ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. 'નૈમિષારણ્ય' સી-બ્લૉકમાં નિવાસ કરતા બીમાર ભક્તોના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી સૌનાં નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી.

**૨૭ માર્ચ, ગુરુવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં બહારગામથી પધારેલા ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૮ માર્ચ, શુક્રવાર...** મંદિરજીમાં રાજભોગ આરતી દર્શન માટે પધારી ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ સભામાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૯ માર્ચ, શનિવાર...** બહારગામથી પધારેલા ભક્તોને મુલાકાત આપી દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૩૦ માર્ચ, રવિવાર...** 'પરિમલ' સંતનિવાસમાં અમદાવાદથી પધારેલ ડૉ. પાર્થિવભાઈ અને તેઓની ડૉક્ટરોની ટીમ દ્વારા યોજેલ સંતોનાં હેલ્થ ચૅકઅપ સત્રમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. બહારગામથી દર્શનાર્થે પધારેલા ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. દર રવિવારે થતા 'શ્રી અક્ષરપુરુષોતમ ઉપાસના ભક્તિયજ્ઞ'માં પધારી સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં આરતી, દર્શન, ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી 'વચનામૃત' ગઢડા મધ્ય-૪૪નું નિરૂપણ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ માર્ચ, સોમવાર...** મંદિરજીમાં આરતી, દર્શન, ધૂન-પ્રાર્થના કરી. રાત્રિસભામાં 'વચનામૃત' ગઢડા મધ્ય-૪૫નું નિરૂપણ કરી સૌ પર આશીર્વાદ વરસાવ્યા. ◆

# સત્સંગ સમાચાર

## ‘અનુપમ મિશન કેર્સ’ અંતર્ગત ‘હૅપ્પી હાર્ટ્સ’ કૅમ્પ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન અનુસાર અનુપમ મિશન, અમેરિકાના ફ્રિમૉન્ટ કેન્દ્રના યુવાઓ દ્વારા ‘અનુપમ મિશન કેર્સ’ અંતર્ગત સુંદર કૅમ્પ-‘હૅપ્પી હાર્ટ્સ’નું આયોજન ૯ માર્ચ ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. આ કૅમ્પમાં ૯ થી ૧૧ વર્ષની ઉંમરનાં બાળકોએ ભાગ લીધો. તેમાં હિન્દુ સંસ્કૃતિ, સનાતન ધર્મ, આધ્યાત્મિક વાર્તાઓને વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સમજાવવામાં આવી. બાળકોને રમત-ગમત અને આર્ટ્સ-ક્રાફ્ટની પ્રવૃત્તિઓ કરાવી પાયાનાં મૂલ્યોનું જ્ઞાન પીરસાયું. ક્રેયાબહેન, હેતલબહેન, યશ્વીબહેન, ટીશાબહેન, જાનવીબહેન, જિગરભાઈ, મિતુલભાઈ, જતીનભાઈ આદિએ ભાવેશભાઈ-છાયાબહેનનાં માર્ગદર્શન અનુસાર સમગ્ર કૅમ્પનું સફળ આયોજન કર્યું. ◆

## યોગીજી મહારાજ મહાવિદ્યાલયનો ૩૧મો વાર્ષિકોત્સવ

ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યતીર્થ-ધારી સ્થિત અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત યોગીજી મહારાજ મહાવિદ્યાલયનો ૩૧મો વાર્ષિકોત્સવ ૬ માર્ચ ૨૦૨૫ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા, પૂ. મનોજદાસજી, પૂ. સંદીપદાસજી, પૂ. ઘનશ્યામદાસજી (બિરલા), પૂ. અશોકદાસજી (માણાવદર) અને અક્ષરમુક્તો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉજવાયો. આ પ્રસંગે મહેમાનોનાં સ્વાગત નૃત્યપ્રસ્તુતિ દ્વારા કરવામાં આવ્યાં. સમૂહ પ્રાર્થનાભક્તિ દ્વારા પ્રભુચરણે ભાવ ધરવામાં આવ્યા. દીપપ્રાગટ્ય કરીને મંચસ્થ મહેમાનોએ વાર્ષિકોત્સવને ખુલ્લો મૂક્યો. આચાર્યશ્રી આર. કે. દવેએ સૌનાં શાબ્દિક સ્વાગત કરી વાર્ષિક પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો. કૉલેજની પ્રતિભાવંત તેજસ્વી વિદ્યાર્થિનીઓને તેઓની વિશેષ સિદ્ધિઓ બદલ પુરસ્કૃત કરવામાં આવી. કૉલેજનાં કર્મચારી સારસ્વત ડૉ. હર્ષાબહેન ચોવટિયાને તેઓની વિશેષ સિદ્ધિ બદલ સન્માનિત કરાયાં.

મુખ્ય મહેમાનશ્રી તુષારભાઈ શેઠ (અમદાવાદ) દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કૉલેજની પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરની અદ્‌ભુત સેવાને બિરદાવવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા અને પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી સૌને જીવન વિકાસનું અદ્‌ભુત માર્ગદર્શન પ્રદાન કર્યું. ત્યારબાદ ૬ વિશિષ્ટ કલાપ્રસ્તુતિ દ્વારા કૉલેજની વિદ્યાર્થિનીઓએ પોતાનાં કૌશલ્યનું સુંદર દર્શન કરાવ્યું. શાળામાંથી વિદાય લેતી વિદ્યાર્થિનીઓનાં પ્રતિનિધિ સ્વરૂપે પ્રીતલ હીરપરા અને હેમાલી રાઠોડે કૉલેજનાં સંસ્મરણો વાગોળી ભાવુક વક્તવ્ય રજૂ કર્યું. અંતે, પ્રૉ. બી. પી. ઉનડકટે સૌનો આભાર વ્યક્ત કરી સમાપન કર્યું. વિશ્વા ગોસ્વામી અને રુચિતા ચૌહાણે ઉત્સવનું સુંદર સંચાલન કર્યું. ◆

## યોગી વિદ્યાપીઠનો ૩૮મો વાર્ષિકોત્સવ

અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યમંગલના આનંદ-ભક્તિ ઉત્સવ રૂપે અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠની મોગરી સ્થિત વિવિધ વિદ્યાશાખાઓ ‘જ્ઞાનયજ્ઞ વિદ્યાલય’, ‘આનંદ બાલવાડી’, ‘મિત્ર પુનર્વસન કેન્દ્ર’, ‘ઇન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર’ અને ‘અક્ષરપુરુષોત્તમ ટૅકનિકલ ઇન્સ્ટિટ્યૂટ’ દ્વારા ૧૫ માર્ચ ૨૦૨૫, શનિવારના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંસ્થાના ધ્યેયસૂત્ર ‘મુક્તિ અપાવે તે જ્ઞાન’ને કેન્દ્રસ્થાને રાખી ૩૮મો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.




ફ્રિમૉન્ટ-યુ.એસ.એ.માં યોજિત ‘હૅપ્પી હાર્ટ્સ કૅમ્પ’નાં શિબિરાર્થીઓ



યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીના વાર્ષિકોત્સવે પૂ. મનોજદાસજીનાં આશીર્દાન

સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ પાવન નિશ્રામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. રતિકાકા, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સંતો તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી ભીખુભાઈના મુખ્ય મહેમાનપદે વાર્ષિકોત્સવને દીપ પ્રગટાવી ખુલ્લો મૂકવામાં આવ્યો. અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાસંસ્થાઓના ૪૦૦થી વધુ વિદ્યાર્થી કલાકારો દ્વારા વાર્ષિક મહોત્સવ અંતર્ગત વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. 'મિત્ર પુનર્વસન કેન્દ્ર' અને 'આનંદ બાલવાડી'નાં ભૂલકાંઓએ ગણેશવંદના સાથે સૌનાં કુશલમંગલ માટે પ્રાર્થના કરી. 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'નાં ધોરણ ૧થી ૫નાં બાળકોએ સ્વાગત-સંસ્કાર પ્રાર્થનાનૃત્ય રજૂ કર્યું. 'ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર' અને 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'નાં ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થી કલાકારોએ અદ્‌ભુત સંવાદ, નૃત્ય તેમજ ગ્રાફિક્સ અને લાઈટ્સનાં સંયોજન સાથે નૃત્યનાટિકા 'સા વિદ્યા યા વિમુક્તયે' પ્રસ્તુત કરી, જેમાં ઈતિહાસના મહાપુરુષો અને વર્તમાનકાળના યુગપુરુષ સંતભગવંત સાહેબજીનાં જીવનદર્શન કરાવી સર્વ અંધકાર-બંધનોથી મુક્ત કરે તેવાં જ્ઞાન-વિદ્યા ગુરુ પાસેથી મેળવી અનેકના ઉદ્ધારનું માધ્યમ બનવાની પ્રેરણા આપી. આવા કેન્દ્રવર્તી વિચાર સાથે પ્રસ્તુત કરાયેલ પ્રેરણાત્મક કાર્યક્રમને માણવા આમંત્રિત મહેમાનો સાથે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા.

'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'ના વિદ્યાર્થીઓ દ્વારા વિશિષ્ટ સ્મૃતિભેટ સ્વરૂપે તૈયાર કરાયેલ કલાત્મક ચિત્રપ્રતિમા અર્પણ કરીને શાળાના હોનહાર તારલાઓ દ્વારા મંચસ્થ મહાનુભાવોનાં સ્વાગત-અભિવાદન કરાયાં. આ દરમિયાન યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાસંસ્થાઓનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વર્ષ દરમિયાન કરેલી વિભિન્ન રચનાત્મક પ્રવૃત્તિઓના વાર્ષિક અહેવાલનું સ્લાઈડ શૉ પ્રૅઝન્ટેશન કરવામાં આવ્યું.

'દીકરા-દીકરીઓ ભગવાનનું સર્જન છે, તેમને સરસ ભણાવી-ગણાવી સમાજને ભેટ ધરવાં તે શ્રેષ્ઠ પ્રભુસેવા છે' તેમ જણાવી સંતોનાં માર્ગદર્શને યોગી વિદ્યાપીઠના સૌ શિક્ષકોને આવું શિક્ષણ આપવા બદલ બિરદાવી સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવ્યા. અતિથિવિશેષશ્રી ભીખુભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યોગી વિદ્યાપીઠને સકારાત્મક શિક્ષણ સાથે સંસ્કાર આપતી સર્વોત્તમ વિદ્યાસંસ્થા ગણાવી તેમાં પ્રવેશ લેવડાવનાર સૌ માતા-પિતાઓને અભિનંદન પાઠવ્યાં.

આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા અને પૂ. મનોજદાસજીએ પણ આશીર્વાદ વરસાવી સૌને રૂડાં માર્ગદર્શન આપ્યાં અને 'ગુજરાતી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓએ સર્વ ક્ષેત્રોમાં પ્રગતિ સાધી છે, યોગી વિદ્યાપીઠની શાળાઓના શિક્ષકો ખૂબ માવજતથી વિદ્યાર્થીઓનું ઘડતર કરે છે.' તેમ જણાવી વાલીઓને આવી શાળામાં બાળકોને ભણાવવા બદલ અભિનંદન ને શુભકામનાઓ પાઠવ્યાં. જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં નિહારિકા ઠાકર (ધોરણ-૯) અને યોજશ પટેલ (ધોરણ-૧૦)એ સુંદર સભાસંચાલન કર્યું. વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત ગુરુઆજ્ઞા પાલન અને સંતભગવંત સાહેબજીના જીવન પ્રસંગો આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમને માણી સૌએ અપાર રાજીપો દર્શાવ્યો. ◆

## અનુપમ મિશનનાં ગૌરવ

ઑસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતાં સમર્પિત અક્ષરમુક્તો આરતીબહેન-આશિષભાઈ પટેલના દીકરા અક્ષર પટેલે સ્કોફિલ્ડ્સ ક્રિકેટ ક્લબ અંડર ૧૨ સિડની પ્રિમિયર ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લીધો. ૨૦૨૪-૨૫ સિઝન દરમિયાન અક્ષરની ટીમે ૫ ક્લબની ૭ ટીમો સામે ૧૭ રાઉન્ડની રમતો રમી, સેમીફાઈનલ અને ફાઈનલના નોકઆઉટ રાઉન્ડમાં ભાગ લીધો. સેમીફાઈનલ અને ફાઈનલ મૅચમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનને કારણે અક્ષરને 'મેન





યોગી વિદ્યાપીઠના વાર્ષિકોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજી, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ અને સદ્‌ગુરુ સંતો દ્વારા દીપપ્રાગટ્ય... સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારો



ગૌરવશાળી કિશોરો... અક્ષર અને શ્લોક

ઑફ ધ મૅચ'નો ઍવૉર્ડ મળ્યો. તેવી જ રીતે સિડનીમાં રહેતાં મીનલબહેન-ગૌરવભાઈના દીકરા શ્લોકે પણ સ્કોફિલ્ડ્સ ક્રિકેટ ક્લબ માટે અંડર ૧૩ની સિડની પ્રિમિયર ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલ મૅચમાં બોલિંગમાં ખૂબ જ પ્રતિભાશાળી દેખાવ કરી તેની ટીમને વિજય અપાવ્યો. આ બંને ગૌરવશાળી કિશોરો અને તેમનાં માતા-પિતા તથા કોચને અભિનંદન ! ◆

## સંતો-યુવકોની અધ્યાત્મ આનંદ શિબિર

શ્રી ગુરુ આજ્ઞા મહિમા પર્વ ઉપક્રમે સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે સંતો-યુવકોની અધ્યાત્મ આનંદ શિબિર ૧૭થી ૨૦ માર્ચ ૨૦૨૫ દરમિયાન 'ઈસ્કોન ક્લબ એન્ડ રિસૉર્ટ', ભાવનગર ખાતે યોજાઈ. અનુપમ મિશનના સંતો અને વિવિધ પ્રદેશના પ્રતિનિધિ સક્રિય કાર્યકર્તાઓ આ શિબિરમાં જોડાયા. ૧૭ માર્ચના રોજ સાંજે સંતભગવંત સાહેબજી પધાર્યા, તેઓનું ભવ્ય સ્વાગત સ્થાનિક મંડળના ભક્તો અને શિબિરાર્થીઓ સંતો-યુવાનોએ કર્યું. ત્યારબાદ સ્વાગતસભા યોજાઈ, જેમાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા.

૧૮ માર્ચના રોજ સવારના સત્રનો આરંભ પ્રાત: આરતી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની મંગલપૂજાનાં દર્શન દ્વારા થયો. પ્રથમ સભાસત્રમાં પૂજન-હાર અર્પણ કરી સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં સ્વાગત કર્યાં. ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા : 'પ્રભુને રાજી કરવા ગુરુની આજ્ઞા નિ:શંક બની અવિચારીપણે વિચારીને પાળવી. 'વચનામૃત ગઢડા પ્રથમ ૬૭' મુજબ સત્પુરુષને અતિશય મોટા માનો તો એમના જેવા ગુણ આપણામાં પણ આવે. માત્ર ભગવાન અને સત્સંગ જ પ્રધાન બનાવીએ. અમહિમા, ભાવફેરની વાતમાં ના પડીએ. ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા ગુરુની આજ્ઞા જડબેસલાક પાળીએ. સુહૃદપણું રાખીએ. નિર્દોષભાવે સૌની મહિમાથી સેવા કરીએ. આવકનો દસમો ભાગ સેવામાં અર્પણ કરીએ. અઠવાડિક સભા અને અડધો કલાકની ધૂનને નિયમ બનાવી દઈએ. નિયમ-ધર્મયુક્ત જીવન બનાવીએ. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સુવાસ પ્રસરાવીએ. તેમણે પ્રવર્તાવેલી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરીએ.'

ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા કે, 'મોટા પુરુષમાં જેટલો દિવ્યભાવ વધે અને મનુષ્યભાવ ઘટે તેટલા તેમના દિવ્ય ગુણોનું દર્શન થાય અને તેવા ગુણો આપણા બનતા જાય. ગુરુની આજ્ઞાનું પાલન એ જ તેઓ પ્રતિનું સર્વોપરીપણું અને સર્વોત્તમ ભાવ !'

સાધુ પૂ. રાજુદાસજીએ પોતાના ભાવ વ્યક્ત કર્યા. પૂ. મનોજ-દાસજીએ જણાવ્યું કે, 'સમર્પિત કાર્યકરો અને સંતો પ્રતિ સંતભગવંત સાહેબજીનો વરસેલો પ્રેમ અમૃત સમાન છે ને તેમાં સૌ તરબતર છે એ ભગવાનની કૃપા છે. આ શિબિર ખૂબ મહત્ત્વની બની રહેશે.'

સાંજે દ્વિતીય સત્રમાં સંતો વતી સાધુ પૂ. દિવ્યેશદાસજી, પૂ. રવિદાસજી અને કાર્યકર્તા પૈકી ઘનશ્યામભાઈ પાઠક દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યાં. ત્યારબાદ પ્રશ્નોત્તરી સત્ર યોજાયું, જેમાં કાર્યકર્તા યુવાનોએ ગૂઢ આધ્યાત્મિક પ્રશ્નો પૂછ્યા, જેના જવાબ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ આપી સૌનાં મનનાં સમાધાન કર્યાં. પ્રશ્નોના સંતોષકારક અને આધ્યાત્મિક અર્થસભર જવાબો મેળવી સૌ અતિ પ્રસન્ન થયા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ કીર્તનની કડી 'ગુરુ શરણમાં, ગુરુ વચનમાં, આનંદ સેવા સુમિરનમાં, સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ મનમાં', 'સાધુ હે પરમ આનંદ સાહેબ...', 'આનંદ એ બ્રહ્મ



અધ્યાત્મ આનંદ શિબિર, ભાવનગરમાં સહભાગી ભાગ્યશાળી સંતો-યુવકો

સહજાનંદ', 'જગ આખામાં શોધી રહ્યો એ આનંદ મારી પાસ છે.' ગાઈને કાર્યકર્તાઓને ધ્યેયલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું.

૧૯ માર્ચના રોજ સવારના સત્રનો આરંભ પ્રાત: આરતી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની મંગલપૂજાનાં દર્શન દ્વારા થયો. ત્યારબાદ સંતો અને યુવાનોની સભા જુદી જુદી થઈ. સંતોની સભામાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ આશીર્વાદ અને અદ્‌ભુત માર્ગદર્શન પ્રદાન કર્યાં. યુવાનોની સભામાં મૌલિકભાઈ અધ્વર્યુ (મુંબઈ), ઉમેશભાઈ પટેલ (વેમાર), પુલીનભાઈ પંચાલ (વલ્લભવિદ્યાનગર), ધનંજયભાઈ (મોગરી), રાજેશભાઈ પટેલ (અંકલેશ્વર), મેહુલભાઈ પટેલ (વડોદરા), બિરાજભાઈ ઝાલાવાડિયા (માણાવદર), ધર્મેન્દ્રભાઈ પટેલ (ઉત્તર ગુજરાત), અશ્વિનભાઈ હીરપરા (સુરત), બિહાગભાઈ વ્યાસ (અમદાવાદ), અક્ષત પટેલ (વડોદરા), રિશિત અંબાણી (મોરબી), હાર્દિક હરસોરા (મુંબઈ), દિવ્યાંગભાઈ (અમદાવાદ), થોભણભાઈ (જૂનાગઢ) આદિએ પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા સત્સંગમાં સક્રિયતા અને ગુરુકાર્ય કરવા માટેની મક્કમતાને વ્યક્ત કરી.

બપોર પછી પૂર્ણાહુતિ સત્ર યોજાયું, જેમાં પ્રાસંગિક પ્રતિભાવ સાધુ પૂ. રમેશદાસજી-ઝા, પૂ. હરેશદાસજી ઝાલાવાડિયા (માણાવદર), પૂ. ઉત્પલદાસજી, પૂ. પરેશદાસજી, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને યુવા કાર્યકર્તાઓ વતી બ્રિજભાઈ (પૂણે)એ વ્યક્ત કર્યા.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં જણાવ્યું કે, 'માયાની સામે ગુરુના બળે ઊભા રહેવાનું છે, લડવાનું છે અને અંતે જીત મેળવવાની છે. તેના માટેનો સરળ માર્ગ છે કે સૌએ ગુરુમુખી બનવું. ગુરુની પ્રસન્નતા જ આપણું લક્ષ્ય બને ! પ્રામાણિકતાથી તે દિશામાં મંડ્યા રહીશું તો જરૂર બળ પ્રાપ્ત થશે અને લક્ષ્ય પણ અવશ્ય હાંસલ થશે. સાહેબદાદાના આપણે સૌ જે ભાવથી એમની સાથે જોડાઈશું અને જે ભાવથી એમની આજ્ઞાનું પાલન કરીશું તેવી આપણને પ્રાપ્તિ થશે.'

અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા કે, 'જીવનનાં વર્તન અને ભક્તિભર્યા વ્યવહારથી અનુપમ મિશનની સુવાસ પ્રસરાવીએ. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરીએ. નિષ્ઠાવાન સમાજ તૈયાર કરીએ. સંપ, સુહૃદભાવ અને એકતાથી કામ કરીએ. અઠવાડિક સત્સંગસભા અવશ્ય કરીએ અને સૌને તેમાં જોડીએ. આમ, ભગવાનનું કાર્ય, ભગવાનની રીતે કેવળ તેઓને રાજી કરવા કરીએ.' સાધુ પૂ. સતીશદાસજીએ આભારવિધિ કરી સૌ કાર્યકર્તાઓની નિષ્ઠા અને વફાદારીને બિરદાવી. આત્મામાં બળ પૂરે તેવી આ અદ્‌ભુત શિબિરનો અલૌકિક અધ્યાત્મ આનંદ માણી સૌ ધન્ય થયા.

ભાવનગરમાં યોજિત આ શિબિર માટે પરમ ભક્તરાજ પ્રવીણભાઈ કોટકનો અદ્‌ભુત નિરપેક્ષ સહકાર પ્રાપ્ત થયો. તેઓને સંતભગવંત સાહેબજી પ્રત્યે અપાર આદરભાવ હોવાથી ભાવનગરમાં તેઓના 'ઈસ્કોન ક્લબ એન્ડ રિસૉર્ટ'માં શિબિરનાં આયોજન કરવા ભાવભરી વિનંતી કરી અને શિબિરલક્ષી જરૂરિયાતો ભક્તિભાવે ગોઠવી આપી. અગાઉ પણ અંબાજી ખાતે આવેલા તેઓના રિસૉર્ટ પર આવી જ એક શિબિર માટે જરૂરી સઘળી વ્યવસ્થાઓ તેઓએ નિઃસ્વાર્થભાવે પૂરી પાડી હતી. પ્રવીણભાઈ કોટકના આવા ઉમદા સહયોગને સંતભગવંત સાહેબજીએ ખૂબ બિરદાવી, તેઓ તેમજ તેઓના પરિવાર માટે વિશેષ ધૂન-પ્રાર્થના કરાવી. રિસૉર્ટના સમગ્ર સ્ટાફને પણ તેઓના સાથ-સહકાર બદલ બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. ૨૦ માર્ચના રોજ સૌ વિસર્જિત થયા. સંતો તથા કેટલાક ભક્તો જસદણ થઈને માણાવદર અને ગોંડલ આદિ તીર્થસ્થાનોની યાત્રાએ પધાર્યાં, દર્શન-ધૂન કરી ૨૨ માર્ચના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. ◆

## શિણાય ખાતે નીલકંઠવર્ણી વિદ્યાલયના નૂતન ભવનનું ખાતમુહૂર્ત

કચ્છના શિણાય ખાતે અનુપમ મિશન દ્વારા યોગી વિદ્યાપીઠના માધ્યમથી શૈક્ષણિક સેવાપ્રવૃત્તિઓ થઈ રહી છે. 'નીલકંઠવર્ણી બાલમંદિર' અને 'નીલકંઠવર્ણી વિદ્યાલય' (ધોરણ ૧-૧૦)ની શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા સ્થાનિક હજારો વિદ્યાર્થીઓ મૂલ્યનિષ્ઠ અને ગુણવત્તાસભર કેળવણી મેળવી રહ્યા છે. તેની સુવાસ પ્રસરતાં ભૌતિક સુવિધાઓના વિકાસની અનિવાર્યતા જોતાં સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી નૂતન શાળા ભવન નિર્માણ કરવાનું નક્કી થયું. જેની ખાતમુહૂર્ત વિધિ ૩૦ માર્ચ ૨૦૨૫ના રોજ સંતો અને સ્થાનિક અક્ષરમુક્તો, આર્કિટેક્ટ શ્રી રાહુલભાઈ, સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ શ્રી નૈલેશભાઈ શાહ, કૉન્ટ્રાક્ટર્સ, આમંત્રિત મહેમાનો તથા શૈક્ષણિક કર્મચારીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ,



શિણાય ખાતે નીલકંઠ વર્ણી વિદ્યાલયના નૂતન ભવનનાં ખાતમુહૂર્ત

મોગરીથી વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. સંદીપદાસજી તથા માણાવદરથી સાધુ પૂ. દિનેશદાસજી, પૂ. હરેશદાસજી અને પૂ. હરેશદાસજી (ચાંગેલા) પધાર્યા. સાધુ પૂ. અશોકદાસજીએ ખૂબ જ ભાવથી ખાતપંચેષ્ટિકા અને નિધિકુંભ સ્થાપનની વિધિ કરાવી. આ વિધિના મુખ્ય યજમાનપદે સ્થાનિક અગ્રણી ગોપાલભાઈ હડિયા, સુનીલભાઈ હડિયા તેમજ ઉપાસના ધામ, શિણાય વતી જયંતીભાઈ પટેલ, કેતનભાઈ અને શૈક્ષણિક કર્મચારીઓ વતી આચાર્યા અમીબહેન પાટડિયા તથા શ્રદ્ધાબહેન બિરાજ્યાં. સંપૂર્ણ વિધિ સંપન્ન થયા બાદ સૌ સંતો તેમજ સૌ યજમાન ભક્તો દ્વારા ખાતગર્તમાં પંચેષ્ટિકા અને નિધિકુંભનાં સ્થાપન કરવામાં આવ્યાં.

અંતે, વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ આશીર્વાદમાં સંતભગવંત સાહેબજીની શૈક્ષણિક સેવાઓ અંગેની ભાવના વ્યક્ત કરી સૌ દ્વારા તે સુપેરે પાર પડે તેનાં માર્ગદર્શન આપ્યાં. ત્યારબાદ સૌએ મંદિરમાં માસિક કીર્તન આરાધનાનો લાભ લીધો. આ નિમિત્તે ખાસ માણાવદરથી ગાયક કુશભાઈ અને તબલાંવાદક આનંદભાઈ પધાર્યા, તેઓએ તેમજ નીલકંઠવર્ણી વિદ્યાલયનાં શિક્ષકો ક્રિશ્નાબહેન અને વિરલભાઈએ સૌને ભક્તિરસમાં તરબોળ કરી ભાવથી ભજનોનાં ગાન કર્યાં. અંતે, સાધુ પૂ. દિલીપદાસજીએ આશીર્વાદ વરસાવ્યા અને સૌએ આરતી અર્પણ કરી. ◆

## સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે માણાવદરમાં સત્સંગ-આનંદ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રસાદીભૂત શ્રી અક્ષરદેરી, માણાવદર ખાતે ૨૦ માર્ચના રોજ સાંજે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી, પૂ. અરુણદાદા અને ૫૦ જેટલા સંતો પધાર્યા. આ પ્રસંગે દીકરીઓએ ખૂબ સુંદર સ્વાગતનૃત્ય કરી સૌને આવકાર્યા. સ્વાગતસભામાં સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌને સત્સંગ-સમાગમનું અદ્‌ભુત સુખ આપ્યું. બીજા દિવસે સાંજે સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યદિનની સભાનું આયોજન કરવામાં આવ્યું. સૌરાષ્ટ્રનાં વિવિધ મંડળોમાંથી પધારેલ ભક્તોએ આ પ્રસંગે ભાવવંદના ધરી. માણાવદરના મહંત સાધુ પૂ. દિનેશદાસજીએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને પૂ. અશ્વિનદાદાએ સત્સંગની અનિવાર્યતા અને મહત્ત્વ સમજાવી અદ્‌ભુત માર્ગદર્શન આપ્યાં. અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌરાષ્ટ્રના સંતો-ભક્તોની સેવા-ભક્તિને બિરદાવી આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યાં. ◆

## અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદા સ્મૃતિવંદના

૧ એપ્રિલે અનુપમ મિશનના અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદાનો પ્રાગટ્યદિન અને પુણ્યતિથિ દિન ! યોગીજી મહારાજના કૃપાપાત્ર પૂ. વી.



અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વી. એસ.દાદા સ્મૃતિસભામાં આશીર્દાન

એસ.દાદાના પ્રેરક જીવન અને ભક્તિભાવનાં મહિમાગાન સંતભગવંત સાહેબજીના પાવન સાંનિધ્યે 'અક્ષરમહોલ' ખાતે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ૧ એપ્રિલ ૨૦૨૫ના રોજ થયાં. અમીબહેન, સાધુ પૂ. પરેશદાસજી અને પૂ. દિલીપદાસજીએ પૂ. વી. એસ.દાદાના સંતભગવંત સાહેબજી સાથેના અજોડ સખાભાવ અને તેઓ પ્રતિની અદ્વિતીય ગુરુભક્તિના અદ્‌ભુત પ્રસંગો વર્ણવ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પૂ. વી. એસ.દાદાની ભક્તિમાં શૂરવીરતા, સાધનામાં જાગ્રતતા અને સેવામાં પ્રામાણિકતા અંગે વાતો કરી આદર્શ સમર્પણનું માર્ગદર્શન આપ્યું. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરી પૂ. વી. એસ.દાદાના અનુપમ જીવનનાં દર્શન કરાવી આધ્યાત્મિક સમજણ આપી. ◆

## ખરોડ ખાતે સાહેબજી દ્વારા શ્રી રામજી મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા

ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને ઉત્તર પ્રદેશનાં મહામહિમ રાજ્યપાલ શ્રી આનંદીબહેન પટેલના મૂળ ગામ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના, વિજાપુર તાલુકાના ખરોડ ખાતે શ્રી રામજી મંદિરના



ખરોડ મુકામે પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત સાહેબજી અને સંતો

જીર્ણોદ્ધાર કરવામાં આવ્યા. તે મંદિરમાં સનાતન ધર્મની મૂર્તિઓની પુન: પ્રાણપ્રતિષ્ઠા વિધિનું સમગ્ર સંચાલન કરવાનું આયોજન થયું. આ પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના સંતોના વરદ્ હસ્તે થાય તેવો ખૂબ ઊંડો ભાવ શ્રીમતી આનંદીબહેનનો હતો કે જેથી સૌ ગ્રામ્યજનોને પણ પૂર્ણ પવિત્રતા સાથેની શાસ્ત્રોક્તવિધિનાં અને સંતોનાં દર્શનનો લાભ મળે. તેઓનો આ ભાવ સ્વીકારી ૬ એપ્રિલ ૨૦૨૫, શ્રી રામનવમીના રોજ ખરોડ ખાતે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો પધાર્યા. સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશનના સંતો અને અનુપમ મિશન સાથે સંકળાયેલા વિદ્વાન આચાર્ય આદરણીય હિતેન્દ્રભાઈ વ્યાસ-ગુરુજી અને લગભગ ૨૦ જેટલા ઋષિકુમારોના વૃંદ દ્વારા વેદોક્ત વિધિથી ૪, ૫ અને ૬ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન મહાયજ્ઞ સાથે પુન: પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો. નૂતન રામજી મંદિરમાં શ્રીમતી આનંદીબહેન અને તેમનો સમગ્ર પરિવાર તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ આદરણીય શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી સંતભગવંત સાહેબજી અને સંતોના વરદ્ હસ્તે અનુક્રમે શ્રી રામ દરબારની મૂર્તિઓ, શ્રી રાધાકૃષ્ણજીની મૂર્તિઓ, ભગવાન શ્રી શિવજી, શ્રી પાર્વતીજી અને શ્રી નંદીજી, શ્રી ગાયત્રી માતાજી, શ્રી ગણપતિ દેવ અને શ્રી હનુમાનજી દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ કરવામાં આવી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો, દાતાઓ, ભાવિક ભક્તોને સદાચારનો માર્ગ દર્શાવી જીવનને મંગલ બનાવવાની રૂડી સમજણ આપી. શ્રીમતી આનંદીબહેને પણ પ્રાસંગિક ધન્યતા વ્યક્ત કરી સંતભગવંત સાહેબજી અને સંતો પ્રતિ આભાર પ્રગટ કર્યો. આ નિમિત્તે અનેક સ્થાનિક અને પ્રાદેશિક નેતાઓ સાથે લગભગ ૧૦૦૦થી પણ વધુ ગ્રામજનોએ ઉપસ્થિત રહી સમગ્ર પ્રતિષ્ઠાવિધિનાં દર્શન અને આરતીનો લાભ લીધો. ◆

## શ્રી હરિ જયંતી

ચૈત્ર સુદ નોમ, ૬ એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ શ્રી હરિ જયંતી, શ્રી રામનવમી ઉત્સવનું આયોજન સંતભગવંત સાહેબજીની દિવ્ય સન્નિધિમાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે મંદિરજીના પ્રાંગણમાં કરવામાં આવ્યું. આ દિવ્ય પ્રસંગે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી મંદિરજીમાં બાર કલાકના અખંડ જપયજ્ઞનું આયોજન કરાયું, જેમાં ખૂબ મોટી સંખ્યામાં સંતો-ભક્તો જોડાયા. રાત્રે ઉત્સવ માહાત્મ્યદર્શન સભા યોજાઈ. સંતોએ આ ઉત્સવ માટે અદ્‌ભુત સુશોભન કર્યું. અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન, દ્યુતિબહેન અને સૂરવૃંદના યુવાનોએ સભા પ્રારંભે કીર્તનોની પ્રસ્તુતિ દ્વારા સૌને મહિમામાં તરબોળ કર્યાં. ત્યારબાદ યુવતી સભાની દીકરી ધાર્મી પંચાલ અને યુવક સભાના દીકરાઓ દેવ પટેલ, ધ્યેય પટેલ, સુમિત રાણા અને ઋષિ પટેલ દ્વારા શ્રીજી મહારાજના જીવન પ્રસંગોનાં વર્ણન કરી અલૌકિક મહિમાગાન કરવામાં આવ્યાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી શ્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટેના ભક્તિમાર્ગની સમજણ આપી ઉત્સવમહિમા વર્ણવ્યો. અંતે સૌએ સમૂહ આરતી કરી ભક્તિનો અલૌકિક આનંદ માણ્યો. આવી જ રીતે અનુપમ મિશનનાં ભારત સહિત અમેરિકા, ઈંગ્લૅન્ડ, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ આદિ દેશોનાં વિવિધ કેન્દ્રોમાં સંતોનાં સાંનિધ્યે શ્રી હરિ જયંતીનો ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. જયાબા :** અનુપમ મિશનના સંતો પૂ. પરેશદાસજી અને પૂ. યજ્ઞેશદાસજીનાં માતુશ્રી પૂ. જયાબા ૨૦ માર્ચ ૨૦૨૫, ગુરુવારના રોજ ૯૫ વર્ષની મોટી ઉંમરે અક્ષરધામ સિધાવ્યાં. પૂ. જયાબા અને પૂ. નટુકાકા પરિવાર સાથે મુંબઈથી ગુજરાત પધાર્યાં અને કાયમ માટે પ.પૂ. પપ્પાજીની આજ્ઞામાં જ રહ્યાં. તેઓએ ગુણાતીત જ્યોતનાં સંત બહેનો સાથે વ્રતધારી થઈ સમગ્ર જીવન ભક્તિમય વિતાવ્યું. પોતાનાં પાંચેય સંતાનોને વૈરાગ્ય પ્રેર્યો, જેને પરિણામે સૌ ગુણાતીત સમાજનાં વિવિધ કેન્દ્રોમાં સંન્યસ્ત જીવન વિતાવી રહ્યાં છે. સૌથી મોટા સુપુત્ર પૂ. બાબુભાઈ પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજી સાથે, પૂ. જિતુભાઈ તથા પૂ. પ્રતીક્ષાબહેન પ.પૂ. પપ્પાજી મહારાજ પાસે દીક્ષિત થઈ સાધના કરી રહ્યાં છે. સાધુ પૂ. પરેશદાસજી અને સાધુ પૂ. યજ્ઞેશદાસજી સંતભગવંત સાહેબજીના આશરે રહી હૃદય ભગવું કરવાની સાધના કરે છે. પૂ. જયાબાએ ગુણાતીત જ્યોતમાં પ.પૂ. પપ્પાજી મહારાજના નિજ આવાસ 'પ્રભુકૃપા'માં રહીને અદ્‌ભુત ભક્તિ અદા કરી. દર્શનાર્થે પધારનાર મહેમાનોની સ્વાગત-સરભરા કરે, મહિમાની ગોષ્ઠિ કરે અને અદ્‌ભુત સત્સંગલાભ આપે. સેવામય જીવન જ તેમની ઓળખાણ હતી અને સેવા-ભક્તિનો તે જ સંસ્કાર વારસો તેઓનાં સંતાનો આજે દીપાવી રહ્યાં છે. આવાં તીર્થ સમાન માવતરને વિદાયવેળાએ અંતરની વંદના ! ◆





સાહેબજી પ્રાગટ્યપર્વે હરિધામ, સોખડા તથા સાંકરદાના સૌ સંતો-અક્ષરમુક્તો વતી પૂ. ત્યાગવલ્લભ સ્વામી અને પૂ. બાપુ સ્વામી દ્વારા ભાવાર્પણ





યોગી ડિવાઈન સોસાયટી, પવઈ પરિવાર વતી તથા પ.પૂ. ગુરુજી-મુકુંદજીવન સ્વામીજી (દિલ્હી)ની સ્મૃતિ સાથે સંતો દ્વારા ભાવાર્પણ



ગુણાતીત જ્યોત, વલ્લભવિદ્યાનગરનાં સંતો-સંત બહેનો વતી ભાવાર્પણ



સરદાર પટેલ યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અને કુલપતિશ્રી દ્વારા ભાવાર્પણ



ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગરના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ દ્વારા ભાવાર્પણ



ચારુતર આરોગ્ય મંડળના વ્યવસ્થાપન કમિટીના સભ્યો દ્વારા ભાવાર્પણ




ભાવનગરમાં ‘શ્રી ગુરુ આજ્ઞા મહિમા પર્વ’ શિબિરમાં સાહેબજીનાં આશીર્દાન



માણાવદર મંદિરે સ્વાગત-મિલન સભામાં સાહેબજીનાં આશીર્દાન



બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે યોગી સ્મૃતિદિન માસિક કીર્તન આરાધનામાં આશીર્દાન



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નૂતન ભવન ‘સોનામૃત’નાં મુક્તાર્પણ પ્રસંગે આશીર્દાન



ખરોડ મુકામે શ્રી રામજી મંદિરમાં સાહેબજીના વરદ્ હસ્તે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા



શ્રી હરિ જયંતી ઉત્સવસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-4-2025 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand, Gujarat, India * Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**